

દૂર સાગરનાં મોજાંથી આરંભી, બાળકોના દેહ પરથી લસરાતી છેક નજીક સુધી નજરને ખેંચી આણતું સુંદર ચિત્રસંયોજન

પ્રતિબિંબ
ફોટો
અશ્વિન
મહેતા


આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત

કુમાર

વર્ષ ૫૧મું
અંક ૧લો
જાન્યુઆરી
૧૯૭૪
સળંગ અંક
૬૦૧



પ્રભાત (ચિત્રકાર: રસિકલાલ પરીખ)

જાન્યુઆરી ૧૯૭૪ • અંક ૬૦૧

અનુક્રમણિકા

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ : રૂ. ૨૧-૦૦; પરદેશ : રૂ. ૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ. ૫ છૂટક નકલ : રૂ. ૨-૫૦

ગ્રાહકોને

વિલંબ

હજી તો આપ સૌ ૬૦૦મા અંકની રાહ જોતા હશો એ દરમિયાન આ અંક આવેલો જોઈને કદાચ આશ્ચર્ય થશે; પણ દસેક વર્ષ જૂના ગ્રાહકોને યાદ હશે કે ૫૦૦મા અંક વખતે પણ એ મોડો તૈયાર થયો હોવાથી એની પહેલાં ૫૦૧મો અંક અમે તેના નિયત સમયે બહાર પાડ્યો હતો. આ વખતે ૬૦૦મા અંક વખતે એક બીજી વધારાની આપત્તિ આવી પડી છે: કાગળની અછતની. 'કુમાર' જેના પર નિયમિત છપાય છે તેના ભાવમાં એકાએક અછત અને ભાવનો વધારો થતાં તેની અવેજીમાં વાપરવાના કાગળો પણ બજારમાંથી અદશ્ય થવા લાગ્યા અને પરિણામે મળી શકતા કાગળો મળે ત્યાંથી મેળવીને કામ ચાલુ રાખવું પડ્યું. આ વિલંબમાં બંને અંક લગભગ સાથે જ તૈયાર કરવાના થયા, અને આ અંક પછી બે અઠવાડિયાંમાં–આ માસ જાન્યુઆરીની ૨૮મીએ ૬૦૦મો અંક બહાર પડશે.

જે ગ્રાહકોનાં આ ૧૯૭૪ની સાલનાં લવાજમો આગોતરાં આવી ગયાં છે તેમને, અમારે ત્યાં નોંધાવ્યા પ્રમાણે, રૂબરૂ યા રજિસ્ટર્ડ પોસ્ટથી, અને જેમની કશી સૂચના નથી આવી તેમને સાદી પોસ્ટથી એ તારીખે અંકો મળી જશે યા રવાના થશે. જેમણે વી. પી. થી મંગાવ્યા છે તેમને થોડા મોડા મળશે, કેમ કે પોસ્ટ ઑફિસ રોજ માત્ર મર્યાદિત સંખ્યામાં જ વી. પી. સ્વીકારી શકે છે.

ન-છૂટકે લવાજમ વધારો

ઉપર્યુક્ત કાગળની અછતનો અમે છેલ્લા અંકમાં ઉલ્લેખ કર્યો ત્યાર પછી પરિસ્થિતિ કલ્પના બહારની હદે વણસી ગઈ છે. લાઇસેન્સથી આવતા માલના ભાવમાં વધારો તો થયો જ છે, ઉપરથી તેનો માલનો પુરવઠો ખોરવાઈ પડ્યો છે, અને તેની અવેજીમાં વાપરવાના કાગળના ભાવ લગભગ બમણા થઈ ગયા છતાં સંતોષકારક જાત મળતી નથી. વળી શાહી, અન્ય મુદ્રણસામગ્રી, તેમજ 'કુમાર'ની વિશિષ્ટતા જે સચિત્રતા, તેના બ્લૉક બનાવવાની સામગ્રીના ભાવ પણ વધતા જ રહ્યા છે. ઉપરાંત કામદારો અંગેના કાયદાને અનુષંગીને એ ખર્ચમાં પણ ઉત્તરોત્તર વધારો થતો જ રહે છે. આ પરિસ્થિતિમાં અમારે નિરુપાયે લવાજમમાં ત્રણ રૂપિયાનો વધારો કરવો પડે છે.

તદનુસાર જાન્યુઆરી ૧૯૭૪થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૧, અને પરદેશમાં રૂપિયા ૩૫ અથવા પાઉન્ડ ૧–૭૫ અથવા ડૉલર ૫ રહેશે; અને ૬૦૦મો અંક એ દરે વી. પી.થી મોકલાશે. જેમનાં લવાજમો વર્ષ અધવચ સુધીનાં જમા છે તેમને બાકીના માસ પૂરતા નવા દરના હિસાબે વધારાનું વી. પી. થશે.

આશા છે કે સુજ્ઞ વાચકો પરિસ્થિતિ પ્રમાણીને આ ન-છૂટકે કરવો પડતો લવાજમ-વધારો માન્ય રાખશે અને તદનુસાર મોકલાએલા વી. પી. સ્વીકારી લેશે.

વાચકો લખે છે

જુલાઈ અંકમાં 'આ માસ ઇતિહાસ'માં જ્યૉર્જ એવરેસ્ટનું જન્મવર્ષ ખોટું લાગે છે.

કહેવતનો અર્થ: 'ઊતર્યું ઘાંટી એટલે થયું માટી.' એ કહેવત અમારાં દાદીમા જ્યારે અમને કંઈ ખાવાનું ન ભાવે ત્યારે કહી સંભળાવતાં—કે ઘાંટી એટલે ગળાનો ભાગ, અને એની નીચે ઊતરે ત્યારે તે માટી થાય, એટલે કે માટી અગર માંસ થાય. પછી તેને ભાવવા ન ભાવવાનો પ્રશ્ન ઉદ્ભવે જ નહિ. મને તો અમારાં દાદીમાવાળો આ અર્થ યોગ્ય લાગે છે.

'પચ્ચીસ વર્ષ પહેલાં'માં બરફની અનેક આકૃતિઓ મનને ભાવી ગઈ. ખરેખર, ચિત્રમાં આટલા સુંદર લાગે તો સૂક્ષ્મદર્શક કાચ નીચે જોવાની કેવી મજા પડે? ક્યાંય જોવા મળે ખરી?

અશ્વિન દેસાઈની વાર્તા 'મરણ' ગમી. એકી બેઠકે વાંચવા માટે 'કુમાર'નું સાહિત્ય ઓછું પડે છે: વધારો ન થાય?

(નડિયાદ) —સુમંતરાય વશી

[● એવરેસ્ટની જન્મસાલમાં છાપભૂલ છે. એ ૧૭૯૦ જોઇએ. હિમાલયનાં સીમલા આદિ ગિરિનગરોમાં બરફવર્ષા જોવા મળે. વાચન-સાહિત્ય વધારવાની અમને પણ હોંશ છે—આવકનું સાધન (ગ્રાહકો અને જાહેરખબર) વધે તો. આપ સૌ એ દિશામાં કઈ રીતે મદદરૂપ થઈ શકો એમ છો તે જણાવશો.]

ઑગસ્ટના 'કુમાર'માં માધુકરીમાં સ્વ. કલ્યાણજી વિ. મહેતા વિષેના લેખમાં 'આજીવન બ્રહ્મચર્ય' સ્વીકાર્યું એમ લખાયું છે તેમાં હકીકતદોષ છે. શ્રી કલ્યાણજીકાકાએ નાની વયે ગંગા નામની બાઈ સાથે લગ્ન કર્યાં હતાં ને નાની વયે જ તેઓ વિધુર બન્યા હતા. ત્યાર બાદ ફરી લગ્ન ન કરવાનો નિશ્ચય કર્યો અને એ નિશ્ચયને અડગ ખડકની જેમ વળગી રહ્યા.

(નવસારી) —વિનોદ પંડ્યા

અંક ૫૯૬ (ઑગસ્ટ ૧૯૭૩)ના પૃ. ૩૧૩ ઉપર ગાંધીજીનો સ્કેચ છે જે 'નોઆખલીની યાત્રામાં ગાંધીજી' એ રીતે ઓળખાવેલો છે, પરંતુ તે ઉપરની તારીખ ૧૨-૪-૧૯૩૦ છે, જે બતાવે છે કે એ સ્કેચ દાંડીકૂચ સંબંધી હશે. સ્પષ્ટતા કરવા વિનંતી. આભાર.

(વડોદરા) -વિહંગ પાઠક

[● આપની વાત સાચી છે. એ સંપાદકીય ક્ષતિ હતી.]

ઑગસ્ટ અંકમાંના કુ પલ્લવી શ. ભટ્ટના પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે સ્વ. કાન્તનું અંગત પુસ્તકાલય તેમના ચિ. સ્વ. મુનિકુમાર ભટ્ટે સાચવીને જાળવ્યું હતું, જે એમના સ્વર્ગવાસ પછી કાન્ત-પરિવારે અમારી સંસ્થા મહિલા કૉલેજને ભેટ આપ્યું છે. તેમાં કુ. પલ્લવીબહેનને જે સાત પુસ્તકો જોઇએ છે તેમાંથી નીચેનાં ત્રણ ઉપલબ્ધ છે: ૧) સેંટ જ્હૉનનું ભાગવત, ૨) પ્લૅટો કૃત ક્રીટસનો અનુવાદ, ૩) બ્રિટિશ અને હિન્દી વિક્રમ.

કાન્ત-સાહિત્યના અભ્યાસીઓને આથી જણાવવાનું કે જેમને આ પુસ્તકાલયમાં રસ હોય તેમને જાહેર નિમંત્રણ છે. અમારા તરફથી શક્ય તેટલી બધી સગવડો આપવામાં આવશે.

(ભાવનગર) —જયેન્દ્ર ત્રિવેદી

મારી પાસે 'કુમાર'ના નીચેના અંકો વધારાના છે: અંક ૧૯૧, ૧૯૭, ૩૦૦, ૩૧૩, ૩૧૪, ૩૧૫, ૩૧૭, ૩૨૩, ૩૩૬, ૫૦૧, ૫૦૨, ૫૦૪, ૫૧૦, ૫૧૧, ૫૨૯, ૫૪૫, ૫૪૭, ૫૪૮. રસ હોય તે જણાવે: દલસુખરાય વિ. દવે; 'પુષ્પ-દલ', ૪ વિજય પ્લૉટ, રાજકોટ-૨.

પરોઢે / ધીરુ પરીખ

·ગાન·

ઘોબો ભરીને એક છાંટચો ગુલાલ કોણે કાળી તે રાતના મોઢે?
કંઠ કેરી કળીઓને કોણે ખોલી કે ગંધ ટહુકાની રાત અંગ ઓઢે?

એવો જાદૂ તે કર્યો કોણે કે રાત આ તો કાળી મટીને શ્વેત થાતી?
લોક કહે પૂરવમાં ઊઘડે પ્રભાત અને લાગે બદલાઇ રાત જાતી.
મૂઢ બન્યો હું ય ભેદ પારખવો કેમ મારે શ્યામ-શ્વેત કેરો પરોઢે?
ઘોબો ભરીને એક છાંટચો ગુલાલ કોણે કાળી તે રાતના મોઢે?

ઝાકળટીપાં કે આ તે અવનિને આંગણે મોતીના છોડ રોપ્યા કોણે?
અધખૂલ્યાં આભમહીં ખોબો તારા કે ઊડચા છાંટાઓ ગેબી વલોણે?
જોવું અણદીઠ પેલો બેઠો લુહાર કેવો આજનો ઘડે છે ઘાટ કોઢે?
ઘોબો ભરીને એક છાંટચો ગુલાલ કોણે કાળી તે રાતના મોઢે?

રણુઝણુતી રટણા / ચીમન પુરોહિત

·ગાન·

લીપાતું ભાતીગળ ભાત્યે હૈયાનું આકાશ સૈયર!
ઓકળિયું આંખ્યું યે મ્હોરી, મ્હોરી ઊઠચું પલાશ સૈયર!
નેવે બોલે કાગ શુકનના, ઘૂંટયાં એમાં કાજળ સૈયર!
ત્રાજવડે ત્રોફેલ કળાયલ વાટડિયું યે વાદળ સૈયર!
લાભ-શુભના પોપટ બેઠા બારસાખને તોરણ સૈયર!
અભરાયુંએ ત્રબકી ઊઠચાં તાંસળિયુંનાં દર્પણ સૈયર!
ઓશરિયુંયે સાકર રોખી સાંજે ટોળે વળતી સૈયર!
મ્હોરેલી આવળયની ભીતર લીલોતરી સળવળતી સૈયર!
રણકંતાં આ કાંબી કડલે રણુઝણુતી શી રટણા સૈયર!
આંગણિયે અવસરને ફૂટચાં ફૂલ સુગંધી શમણાં સૈયર!
પાદરના પીપળિયે મ્હેકી ઊઠચાં જાણે પાન સૈયર!
વણપાકી નીંદરમાં ઝબકે કુંવારા આ કાન સૈયર!

એકલા / હરીન્દ્ર દવે

સાવ એકલા ઢાળ ઊતરતા
સાવ એકલા ચડતા,
મારગ આખો વિજન વિસ્તર્યો
અમે જ અમને નડતા.

કદી કોઈ જ્યાં હતું, હવે તો
અડખેપડખે ચાલે એનું શૂન્ય,
પરણ વિનાની ડાળ ઉપર થૈ
ઝાકળ ઝૂલે એકલવાયું પુણ્ય,
ચીતરેલી પાંપણના રંગો ઝળઝળ થઇને દડતા.

અમે મૂકતા દોટ અમારા
પડછાયાનું મસ્તક લેવા ઝાલી,
રોજ સવારે સભર, પડે જ્યાં સાંજ
અમારી ઝોળી બનતી ખાલી,
અમે અમારાં ખંડેરોને ખૂબ કસબથી ઘડતા.

રહી ગયા / ‘સલિલ’

·ગઝલ·

સર્પો ગયા નથી ને લિસોટા રહી ગયા!
જળમાં ડૂબી ગયા અને કોરા રહી ગયા!

ફેલાઈ ગઈ છે શ્વાસની સરગમ હવા મહીં:
બોલ્યા નહિ ને એમના પડઘા રહી ગયા!

આવ્યાં નથી ને એમના ચહેરાને જોઉં છું.
અહિયાં જ ક્યાંક સ્પર્શના દીવા રહી ગયા!

આ પર્ણમાં સચવાયાં તારી યાદનાં કિરણ,
આંધી ચડી ને એ પરણ ખરતાં રહી ગયાં!

શ્રદ્ધા / પ્રિયવદન શેઠ

·વસંતતિલકા·

ધીરે ધીરે મૃદુલ પાંખની આંખ ખોલી
કાસારપાળ પર પિપ્પલવૃક્ષ–ડાળી
ટહૌકી ઊઠી નવપ્રભાતનું ગીત ગાતી
હેમન્તની મધુર ઠંડક અંગ ઓઢી.
ને દૂર ત્યાં મિહિર-સ્વાગત કાજ ધીરે
પ્રાચી ધરે ગવન અંગ ગુલાલરંગી.

નિહાળું ત્યાં ચરણ અસ્થિર કંપમાન
ધીમે ધીમે મૂકતી યષ્ટિતણે સહારે
આવી રહી પીપળની પ્રતિ એક વૃદ્ધા.
એણે ફરી તરુની ચોગમ વારિધારે
ને અક્ષતે કીધી પૂજા; પછી હાથ જોડી
આંખો મીંચી રહી ઊભી દ્રુમની સમક્ષ.

પેખું નહિ અવ ત્યહીં પીપળો, ન વૃદ્ધા;
કિન્તુ લહું પ્રભુ સમક્ષ ઊભેલી શ્રદ્ધા.

વગડો / શૈલેન રાવલ

·ગઝલ·

મદમાતી મોસમના ટાણે
ઝાકળઆંખે મરકે વગડો.
લીલી-છમ હરિયાળી સાથે
ધીમે ધીમે ફરકે વગડો.
ખાલીપાને ભૂંસી દેવા
ટહુકા પીવા બરકે વગડો,
અંધારાનાં વસ્ત્રો પ્હેરી
છાનો છાનો સરકે વગડો.
એકલતાનાં પ્રેત હસે, પણ
લગરીકે ના થરકે વગડો.
ચાલો થોડું સ્પર્શી લઇએ
પીંછાં જેવો ફરકે વગડો.
હેત્યુની હેલીમાં ન્હાશું,
આવો સાજન! બરકે વગડો.

મૃત્યુ-બોધ / શિલ્પિન થાનકી

હું મને આજે હવે ગમતો નથી,
શોધવા એથી મથું દર્પણ નવાં.
તાપણું બુઝાય છો આયુષ્યનું–
ક્યાં સુધી શોધ્યા કરું ઈંધણ નવાં?

આહ્વાન / શિલ્પિન્ થાનકી

પૂર્ણતાનો ખંડ છું, જોડી જુઓ;
છું મુલાયમ, કોચલું તોડી જુઓ.
જાગશે ગત-કાળ-ગાથા રાતભર,—
પાળિયો છું, આંગણે ખોડી જુઓ.

લાપર્વાહી / શિલ્પિન્ થાનકી

પળ હજુ વીતી નથી પ્રારંભને
ને ચરમ સીમા લગી પ્હોંચી ગયો.
શિલ્પ સૌ ઉત્કૃષ્ટ આને છો કહે—
હું રમતવત્ પથ્થરા ટોચી ગયો.

અતિમનસનાં

૧૭ નવેમ્બર ૧૯૭૩, શનિવાર; રાત્રે ૧૧-૨૫ વાગ્યે એક અપૂર્વ આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક પ્રયોગશાળાનાં સંચાલિકા, અતિમનસનાં અનુભવી, દેશ-વેશ-જાતિ-મતના ક્લેશમય ભેદોથી પર રહી ને માનવ મુક્તપણે જ્યાં વસી શકે એવી એક 'ઉષાનગરી'—'ઑરોવિલ'-નાં સ્વપ્નશિલ્પી એવાં, જન્મે ફ્રેન્ચ છતાં હૃદયથી પરમ ભારતીય શ્રી માતાજીનો દેહોત્સર્ગ થયો. તા. ૨૦-૧૧-'૭૩ને દિન એ દેહનાં દર્શન પણ સમાપ્ત થયાં. રૂપેરી રેખાઓથી અંકિત, ઉપર સોનેરી કમળપત્રના પ્રતીકવાળી, સુખડની સુંદર કફનપેટી શ્રી અરવિંદની સમાધિની બાજુમાં ઉતારવામાં આવી. આશ્રમના સેક્રેટરી નલિનીકાન્ત ગુપ્તાએ અને શ્રી માતાજીના સેક્રેટરી શ્રી પિન્ટોએ ગુલાબની પાંદડીઓથી અંજલિ આપી. ઑર્ગન સાથે ગંભીર મંત્રોચ્ચારના સ્વરો ય પૂરા થયા. સફેદ વસ્ત્રો પરિધાન કરેલાં હજારો સાધક સ્ત્રીપુરુષો મૂક હૃદયે, નત મસ્તકે શાન્તિના એક અર્ણવમાં ડૂબ્યાં. ત્યાં...ત્યાં ' a solitary crow cawed and a lone child cried'—કોઈ એકાકી કાગડો ને એક કોક બાળક કળેળી ઊઠયાં! એ સિવાયનાં હજારોનાં હૈયાં સાદર શાન્ત-ગંભીર હતાં.

મૃત્યુ શું હશે? જીવનનો ચિત્રકાર જે ક્ષણે એની ચાક્ષુસ કૃતિ પૂરી કરી પીંછી હેઠી મૂકે છે, તેને કહીએ છીએ મૃત્યુ. બાહ્ય જીવનની છબિ પૂરી થઈ. ખરું જોતાં તો એક નવસર્જનની પૂર્ણાહુતિનો એ પ્રસંગ હોય છે. એ વિસર્જન નથી, સર્જન છે. એક અખંડ કૃતિ પૂરી કરતાં પહેલાંનો એના સર્જકનો 'લાસ્ટ ટચ'—છેલ્લો ઓપ! ભૌતિક દૃષ્ટિએ બાહ્ય જીવનનો આકારપિંડ જે ઘડીએ કાળપ્રજાપતિએ આકારિત કરી, ચાકડેથી ઉતાર્યો તે ઘડી. આરંભાએલો આકાર ક્યાંક પૂરો તો થવો જ જોઈએને?

મૃત્યુએ માનવમાન્ય કાળક્રમ (ક્રૉનૉલૉજી)માં જેનો આકાર પૂરો કર્યો તે 'જીવન' કેવું હતું? જેનું જીવન બાહ્ય સપાટી પરની ઊથલપાથલોનું બનેલું ન હોય, જેનું આંતરજીવન વળી અકલ્પ્ય ઊંડાણોવાળું હોય, એનું આલેખન તો અશક્ય જ; પણ પરિચયે કઈ રીતે અપાય? માનવનો પરિચય વર્ણનથી—'એક્સ્પ્લેઈન' કરીને—નહિ, સંપર્કથી—'એક્સ્પીરિયન્સ'થી—મળે. ચરિત્રચિત્રણ ગમે તેટલાં કલાત્મક હોય, માત્ર આંગળી જ ચીંધી શકે. 'સંપર્ક'ની અવેજીમાં આવતો 'શબ્દ' ઊણો જ રહેવાનો. આ સ્થિતિમાં બે રસ્તા છે: એક, બાહ્ય જીવનની ઉપલબ્ધ વિગતો કાળક્રમે જોઈ લેવી; અને બે, શ્રી માતાજીના સીધા ને નિકટના સંપર્કમાં આવેલા શ્રી અરવિંદ કે એમના શિષ્યોએ જે કહ્યું હોય તે જોવું.

સહજ રીતે જોઈ શકાય એવી સામગ્રી પણ ઘણી છે: નવેમ્બર ૧૯૫૭ના 'દક્ષિણા'માં શ્રી અંબાલાલ પુરાણીનો લેખ; એપ્રિલ ૧૯૫૮-ના 'દક્ષિણા'માં શ્રી પન્નાલાલ, શ્રી સુન્દરમ્, શ્રી પુરાણી વગેરેના લેખો



શ્રી અરવિંદ સાથે માતાજી

તો ખરા જ, પણ ખાસ તો શ્રી કે. ડી. શેઠનાનો લેખ; નીરદબરન કૃત 'ટ્વેલ્વ ઈયર્સ વિથ શ્રી ઓરોબિન્દો'નું ચોથું પ્રકરણ; 'શ્રી માતાજી: દિવ્યસ્વરૂપ'; શ્રી પુરાણી કૃત 'શ્રી અરવિંદજીવન'; શી પંડિતરાવ રાવળ કૃત 'શ્રી અરવિંદાયન'; નલિનીકાન્ત ગુપ્ત કૃત 'રેમિનિસેન્સિઝ'નું દસમું પ્રકરણ; 'કંડિકાઓ'; 'સાધનાની નોંધપોથી'; 'માતાજીની વાણી'; ભરૂચથી ૧૯૭૨માં પ્રસિદ્ધ થએલો 'શ્રી અરવિંદ સ્મૃતિગ્રન્થ'; તેમાં ય શ્રી ક. મા. મુનશીનો લેખ 'પ્રેયર્સ ઍન્ડ મેડિટેશન્સ'; 'મા'; આપણાં દૈનિકોમાં હમણાં હમણાં આવેલી અંજલિઓ ને લેખો. આ બધાં પરથી શ્રી માતાજીના બાહ્ય જીવનની વિગતો તારવી શકાય. બાકી, એમણે પોતાના જીવન વિષેના પ્રશ્નો ટાળ્યા છે. ક્યારેક સાધકો સાથેની અને ક્યારેક બાળકો સાથેની પ્રશ્નોત્તરી દરમિયાન જે ઉલ્લેખો થઈ ગયા છે તે જ.

ઈ. ૧૮૭૮ના ફેબ્રુઆરીની ૨૧મીએ પારી (પૅરિસ)માં એક ધનાઢ્ય કુટુમ્બમાં જન્મ. નામ મીરા (Mirra). અટક અલ્ફોન્ઝો. જન્મ યુરોપમાં, અને તે ય ભૌતિક રિદ્ધિસિદ્ધિને જીવનનું પ્રેય ગણીને એ પાછળ દોટ મૂકવાના જમાનામાં. માતા ભૌતિકવાદી; પિતા વેપારી—બૅન્કર; બાળક અસામાન્ય રીતે વિચિત્ર. એ વૈચિત્ર્યની સભાનતા ય એને ખરી! 'માનવોનાં દુ:ખો અજ્ઞાનને લઈને છે; એ દૂર કરવા કરુણાશક્તિ જાગ્રત કરવી પડે, પ્રભુ વિનાનું જીવન શુષ્ક અરણ્ય જેવું છે' આવું ભાન! સાધનાપથ દર્શાવનાર કોઈ નહિ, એને પોષક વાતાવરણે ય નહિ, છતાં અજબ અનુભૂતિઓ આપોઆપ થઈ જતી! પાંચ વર્ષની ઉંમરે થએલી એક અનુભૂતિની વાત એમણે કરી છે. માતાપિતાએ એને એક નાનકડી ખુરસી કરાવી આપી હતી. પાછળ એને ટૂંકી પીઠ. એમાં મીરા બેસતી. ક્યારેક ધ્યાનમગ્ન થઈ જતી. માથા ઉપર પ્રકાશનો એક સ્તંભ દેખાતો. બાળ-મગજ એ સમજવા મથતું; ન સમજાતું. પણ એટલું વારંવાર થતું કે કોઈક મહાકાર્ય માટે પોતે જન્મી છે.

થોડાં વરસો આવી અનુભૂતિઓમાં ગયાં. પહેલાં તો માતપિતાને આ અંગે કંઈ કહેલું નહિ, પણ પછી કહ્યું. એ કાંઈ સમજી શક્યાં નહિ. એમણે એને હસી કાઢી: બાળ-સ્વપ્ન!

ક્યારેક કોઈ અજબ અજ્ઞાત શક્તિ પોતાનામાં પ્રવેશતી હોય ને કામ કરતી હોય એવું પણ લાગતું. એ શક્તિ પણ પોતાનું જ કોઈ અજ્ઞાત રૂપ છે એમ લાગતું. સાતેકની હશે. એક તેરેક વર્ષનો ગુંડા જેવો છોકરો રોજ છોકરીઓની મશ્કરી કરતો ને પછી કહેતો: 'આ છોકરીઓમાં કંઈ દમ નથી.' એક વાર નાનકડી મીરાને ચાટી ગઈ. બરાડી: આ મશ્કરી બંધ કરે છે કે નહિ?' પેલો ઊલટો ચગ્યો! એટલે નાનકડી મીરાએ એને પકડીને ઊંચકીને પટક્યો! પેલી શક્તિનું આ કાર્ય!

એક વાર ફૉંતેનબ્લુની નજીકના પહાડી જંગલમાં બહેનપણીઓ સાથે મીરા ફરવા ગઈ. એક સીધી ટેકરી પર સૌ ચડતાં હતાં, ઠીકઠીક ઊંચે ચડી ચૂક્યાં હતાં, ત્યાં મીરાનો પગ લથડ્યો. વેગથી નીચે પડવા લાગી; ને નીચે તો હતા કાળા ધારદાર પથ્થરો! ભફાંગ દઈ ને પડી. બહેનપણીઓએ આંખે હાથ દઈ ચીસ પાડી. પણ મીરા તો એકદમ ઊભી થઇ ને કપડાં ખંખેરવા લાગી! ને પાછી ટેકરી ચડી મિત્રો પાસે ચાલી આવી! સૌને આશ્ચર્ય થયું! કેવો સુખદ અકસ્માત! પણ વર્ષો પછી એણે આ પ્રસંગે પોતાને થએલા અનુભવની વાત કરી છે: 'પડતાં પડતાં મને થતું હતું કે જેવી પડી કે તરત જ કોઈકે મને ધીમેથી પોતાના ખોળે લીધી છે ને એ, મને હળવેથી, સરસરાટ કરતું નીચે ઊતરી રહ્યું છે.'

એક તરફથી આવી અકલ્પ્ય શક્તિની પ્રતીતિ, બીજી તરફથી

યોગયાત્રી

લેખક 'ઉપમન્યુ'



△ ભારતની આધ્યાત્મ-સાધનાને વિશ્વસમાજમાં એક હકીકત રૂપે પ્રકટ કરવાના અને એને આગળ વિકસાવીને અતિમનસના અવતરણ માટે યોજવાના શ્રી અરવિંદના પરમ પુરુષાર્થમાં સહયોગ આપવા દ્વારા તેઓ સવાઈ ભારતવાસી બની રહ્યાં. શ્રી અરવિંદ-આશ્રમની અનેકવિધ પ્રવૃત્તિઓની નસનસમાં પ્રવહતી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા અને શાતાનાં તેઓ સંચારિકા હતાં. ભક્તોની સજગ અભિમુખતાને તેમની પાસેથી પ્રેરણા ને સાંત્વન મળતાં. સમજભરી કરુણા બલકે કરુણાભરી સમજની એ મૂર્તિ હતાં? (ઉ. જો.)

સંરક્ષણની પ્રતીતિ, એને, પછી તો, સતત થતી જ ગઈ. અગિયાર ને તેર વર્ષની વયે આ કિશોરીને માનવચેતના દ્વારા થતા પ્રભુકાર્યમાં કોઈ શંકા ન રહી. એણે એને એનું જીવનકાર્ય ગણી લીધું. એને ખાતરી થતી ગઈ કે નિદ્રા દરમિયાન એને સાધનાશિક્ષણ મળી રહ્યું છે. પોતે જ કહ્યું છે ('સાધના અને સાક્ષાત્કારો', ૧૯૬૪, પૃ. ૧૩૯): 'હું જ્યારે નાની હતી, તેરેક વર્ષની ઉમરની, ત્યારે લગભગ એક વર્ષ સુધી રોજ રાત્રે મને... અનુભવ થતો:...સૂઈ જાઉં કે તરત જ...જાણે હું મારા શરીરમાંથી બહાર નીકળું છું અને સીધી ઘરની ઉપર અને ત્યાંથી પછી આખા શહેરની ઉપર, ખૂબ ઊંચે ઊંચે પહોંચી જાઉં છું... શરીર પર એક ખૂબ ભવ્ય સોનેરી ઝભ્ભો છે—લાંબો...હું જેમજેમ ઊંચે ચડું છું તેમતેમ એ ઝભ્ભો...ફેલાતો જાય છે. શહેર ઉપર છાપરા જેવો બની રહે છે. એની હેઠળ દીન-દુ:ખીઓ દિશા-દિશામાંથી આવીને આશરો લે છે. એને સ્પર્શે પણ કેટલાંકને આશ્વાસન મળે છે. 'મારું સાચું જીવન તો રાતની આવી પ્રવૃત્તિ જ બની ગયું હતું.' એ અનુભૂતિઓ દરમિયાન એને જે માર્ગદર્શકો દેખાતા એમાંના કેટલાકને, પાછા, સ્થૂળ ભૂમિકા પર પણ એ જોઈ-શોધી શકતી. પણ એક જે સતત દોરતા તેમને એ શોધી શકેલી નહિ. એમને એણે નામ આપેલું 'કૃષ્ણ.' આ પોતાના 'કૃષ્ણ'ને શોધી કાઢવા એને પણ આ આધુનિક મીરાએ એક જીવનકાર્ય લેખ્યું.

એનો બાહ્ય વિકાસ પણ ચાલુ હતો. અભ્યાસ ઉપરાંત સંગીત અને ચિત્ર; તેમાં યે ખાસ તો ચિત્ર. ચિત્રકલા શીખવા એ એક સ્ટૂડિયોમાં જતી. પારી(સ)નો એ એક મોટામાં મોટો સ્ટૂડિયો, ને આ એની નાનામાંનાની વિદ્યાર્થીની! ત્યાં છોકરા-છોકરીઓમાં ટૉળ-ટપ્પા, મશ્કરી-મજાક, નિંદા ને ક્યારેક ક્યારેક તોફાનો ને મારામારી પણ થતાં; પણ મીરા આ બધાંથી પર રહેતી. એટલે ત્યાં તો એનું નામ જ પડી ગયું હતું sphinx-'સ્ફિંક્સ'—[1] 'પ્રહેલિકા.' આ સ્ફિંક્સનો એમને ડર પણ લાગતો. એક વાર મુશ્કેલી વખતે કોઈ એની પાસે ગયું હશે, તે એણે તો પેલું બોલે એ પહેલાં જ એના મનની વાત કરી દીધી! પછી તો આવા અનુભવો ઘણાંને થયા. એટલે ધાક બેઠી.

તેમાં યે બીજાને જે નિર્ણયો લેતાં દિવસો લાગે તે મીરા તો તત્ક્ષણ લઈ લે! કોઈથી ન ડરે. ક્યારેક એની આ શક્તિનો લાભ સહાધ્યાયીઓ ય લેતાં. એક વાર એક છોકરી, બીચારી ગરીબ. ચિત્ર સિવાય બીજો આધાર નહિ. શક્તિઓને કારણે મૉનિટર બની, ને એથી સ્ટૂડિયોમાં રહેવાનું મળ્યું. પણ એમાં, આચાર્યાની સાથે કોઈ વાતમાં વટક્યું. આચાર્યાએ તો એને કાઢી મૂકવાનો નિર્ણય લીધો. એમ થાય તો આ જાય ક્યાં? અન્યાય થતો હતો. સૌને એણે વાત કરી. સૌને લાગ્યું કે સ્ફિંક્સની સહાય લઈએ. આવ્યાં સૌ. વાત કરી. મીરાને એ વાત સાચી લાગી. એ તો ઉપરાણું લઈ ને ખડી થઈ ગઈ આચાર્યા સમક્ષ. વકીલાત બરાબર કરી. પણ પેલાં તો પૂર્વગ્રહ બાંધીને બેઠેલાં, તે શાનાં સમજે? છેવટે સ્ફિંક્સની આંખ લાલ થઈ. અવાજ મક્કમ બનીને અટક્યો. નજીક આવતાંક ને એણે પેલાંનું કાંડું પકડ્યું, દબાવ્યું. એ મુઠ્ઠીના ભરડામાં આવેલાં હાડકાંના ચૂરાચૂરા થઈ જશે એમ આચાર્યાને લાગ્યું, તરત એ માન્યાં!

જેમ સ્ટૂડિયોમાં તેમ ઘરમાં પણ મીરા ગંભીર રહેતી. હવે તો એ ખાસ્સી યુવતી બની હતી. જરા હસે-રમે-વિનોદ કરે તો માબાપ-ભાઈ

---

૧ 'સ્ફિંક્સ'ના ત્રણ અર્થ: ૧) ઇજિપ્તની લોકકલ્પના મુજબ સિંહના ધડ પર સ્ત્રીના માથાવાળું એક વિકરાળ પ્રાણી. ગીઝાના પિરામિડ પાસે એની એક પથ્થરની મૂર્તિ છે. ૨) ગ્રીક મિથ (પુરાણ-કલ્પના) મુજબ એક એવી પ્રચંડ રાક્ષસી જેનો માથાથી છાતી સુધીનો ભાગ સ્ત્રીનો, બાકીનું શરીર સિંહનું, ને વધારામાં પાંખો ગરુડની. એના પૂછેલા અજબગજબના કોયડાનો ઉત્તર ન આપી શકનારને એ હણી નાખતી. ઇડિપસને એણે એવો એક ફૂટ પ્રશ્ન પૂછ્યો હતો જેનો ઉત્તર એ આપી શક્યો માટે એને હણી શક્યો, એ કથા જાણીતી છે. ૩) રહસ્યાત્મક, કોયડારૂપ વ્યક્તિ કે વસ્તુ.

મથાળે આપેલું પદ્મચક્ર શ્રી માતાજીની સંજ્ઞા છે. ત્યાં મધ્યમાંનું વર્તુળ તે દિવ્ય ચેતનાનું પ્રતીક છે. ચાર પાંદડીઓ મા ભગવતીની ચાર શક્તિઓનું પ્રતીક તથા બાર પાંદડીઓ મા ભગવતીએ આવિર્ભાવ કરેલી બાર શક્તિઓના સૂચન રૂપ છે.







શ્રી માતાજી: બાળ વયે (મીરા અલ્ફાન્ઝો), યુવાન વયે ઈ. ૧૯૧૪માં · શ્રી અરવિંદને મળ્યાં એ ગાળામાં

સૌને ગમે. આ ગંભીરતા માટે એની માતાએ અનેકવાર એને ટપારી. ત્યારે એણે ગંભીર બનીને સંભળાવ્યું: 'તને ખબર છે? મારે આખા જગતનાં દુઃખોનો ભાર વહેવાનો છે.' માબાપ બન્નેને લાગ્યું કે આનું ખસી ગયું છે.

કામ કરવામાં પણ એવું. ક્યારેક કરે, ક્યારેક ન કરે. એક વાર માએ ઠપકો આપ્યો. મીરાએ પરખાવ્યું: 'પૃથ્વી પરની કોઈ જ શક્તિ મારી પાસે પરાણે કાંઈ જ કરાવી શકે તેમ નથી.' એ વધુ ને વધુ આત્મરત થતી ગઈ.

એ યૌવનાને પેલો માર્ગદર્શક આકાર વધુ ને વધુ દેખાવા લાગ્યો. એને હવે સ્પષ્ટ લાગવા માંડ્યું કે એના આ કૃષ્ણ આ ધરતી પર ક્યાંક છે જ. એ મળવા જ જોઈએ. ત્યારે નવાઈની વાત તો એ છે કે, એને હિન્દની ધર્મવિચારધારાનો ખાસ કોઈ પરિચય નહોતો! પણ એ તો ચિત્રકાર હતી. એણે એના આ કૃષ્ણનું એક નાનું રેખાચિત્ર આંક્યું. નરી આંખે પણ એને એના આ અગોચર રાહબરને જોવો હતો.

બાવીસેકની ઉંમરે પહોંચતાં તો એ રીતસર ગૂઢ વિદ્યાની અભ્યાસી બની હતી. એ માટે અલ્જીરિયા ગઈ. ત્યાં થે-ઑ નામના એક યહૂદી-પૉલિશ વિદ્વાન ને એમનાં પત્ની હતાં, બન્ને ગુહ્ય વિદ્યાનાં જાણકારો, અભ્યાસીઓ. એમની સાથે થોડાંક વર્ષો એણે ગાળ્યાં. સારી પેઠે આગળ વધી. સ્થૂલ અને સૂક્ષ્મ કોષોને સમાધિસ્થ કરવાની કોટિએ કોટિને આંબીને, તેની યે પારની ભૂમિકાએ એ પહોંચતી. આવી સમાધિસ્થ સ્થિતિમાં શરીર તો મૃતઃપ્રાય થઈ પડી રહેતું! પૉલિશ દંપતીને પણ આની નવાઈ લાગતી. પણ એ કહેતી: 'આ તો 'કૃષ્ણ'ના માર્ગદર્શનનું પરિણામ.' એકત્રીસ-બત્રીસની ઉંમર સુધી આ સાધના ચાલી. પેલા પૉલિશ ગુરુની પત્નીએ એક વાર આગાહી કરી: 'તારી સાધનાની અંતિમ સિદ્ધિ કોઈ મહાન ગુરુ મળશે તે કરાવશે.'



શ્રી અરવિંદ આશ્રમ–પોંડિચેરી-નું વિહંગદૃશ્ય

એ ગાળા દરમિયાન એણે ભારત વિષે ધીમે ધીમે જાણવા માંડેલું. એને એ ભૂમિ પ્રત્યે અજબ અકળ આકર્ષણ થવા માંડ્યું હતું. એને ધીમેધીમે લાગવા માંડ્યું કે જાણે એ જ એની સાચી માતૃભૂમિ છે. એ ભાવ મનમાં ઘર કરી બેઠો. ત્યાં ઈ. ૧૯૧૦ના અરસામાં બત્રીસેકની ઉંમરે એણે સાંભળ્યું કે પૉંડિચેરીમાં કોઈ શ્રી અરવિંદ નામે યોગી આવીને વસ્યા છે. ચિત્તે પડઘો પાડ્યો: 'એ જ મારા કૃષ્ણ તો નહિ?!'

ત્યારે એ મિસ મીરા અલ્ફાન્ઝો રહી નહોતી. દેહના બાહ્ય ધર્મોને એણે સદંતર અવગણ્યા નહોતા. લગ્ન કર્યાં હતાં. પ્રથમ શ્રી મૉરિસેટ સાથે ને ત્યાર બાદ શ્રી પૉલ રિચાર્ડ સાથે. કુટુમ્બ ઊભું કરવાના આ પ્રયોગો પણ જાણે એને એના ગન્તવ્ય ભણી ગતિ આપતા હતા.[2] પૉલ રિચાર્ડ એક પ્રખર પ્રતિભાસંપન્ન વિદ્વાન હતા. ધર્મ, તત્ત્વજ્ઞાન ને ગુહ્ય વિદ્યામાં પણ એમને જીવંત રસ હતો. અધ્યાત્મની અનુભૂતિ માટેના સાધનાપ્રયોગોમાં પણ એ ભળતા. શ્રીમતી મીરા રિચાર્ડ સદ્ભાગી હતાં.

ને કેવો સંયોગ! શ્રી રિચાર્ડને પૉંડિચેરીમાં જરા જુદી રીતે પણ રસ હતો. શ્રી અરવિંદ ત્યાં છે ને એમના જેવા યોગીને મળવું જોઈએ એ કુતૂહલ તો ખરું જ, પણ એક બીજું મોટું નિમિત્ત. પૉંડિચેરી ફ્રેન્ચ સંસ્થાન હોવાથી ફ્રાન્સની 'સેનેટ' ('અપર હાઉસ') અને 'ચેમ્બર ઑવ ડેપ્યૂટીઝ' ('લોઅર હાઉસ')—આપણી 'રાજ્યસભા' અને 'લોકસભા' જેવી—એ બન્ને કેન્દ્રીય પ્રતિનિધિ-સભાઓમાં એકએક પ્રતિનિધિ ફ્રેન્ચ સંસ્થાનનો રહેતો. પૉલની ઇચ્છા ભારતીય ફ્રેન્ચ સંસ્થાનમાંથી ચૂંટણી માટે ઊભા રહેવાની હતી. ત્યાં એકાદ આંટો માર્યો હોય તો જાણીતા થવાય ને એ દિશામાં કાંઈક થઈ શકે. આમ એમણે ભારત જવાનું નક્કી કર્યું. પત્ની મીરાને વાત કરી.

એમના મનમાં શ્રી અરવિંદ હતા. એ જ પેલા કૃષ્ણરૂપ રાહબર હશે એમ થતું. પણ એની ખબર શી રીતે પડે? એમણે એક રસ્તો કાઢ્યો. જે અગોચર રાહબર દેખાતા તેમના પ્રતીક રૂપ એક યોગચક્ર—'સૉલૉમન્સ સીલ'—દોર્યું. જો એ જ રાહબર હશે તો એ તરત એને ઓળખી જશે. (જુઓ નલિનીકાન્ત ગુપ્ત કૃત 'રેમિનિસેન્સિઝ)', ૧૯૬૯, પૃ૦ ૭૫.) પૉલને આગ્રહ કર્યો કે તેઓ એકલા જ એકાન્તમાં શ્રી અરવિંદને મળે ને આ યોગચક્ર એમને બતાવે. કહ્યું: 'આનો અર્થ બતાવનાર ભારતમાં જ મળશે; અને જે આનો અર્થ ઉકેલી બતાવશે તે જ

---

૨ આજે એમનાં બાળકોને ઘેર બાળકો છે ને એ સૌ શ્રી માતાજીના આધ્યાત્મિક પ્રયોગમાં પણ રસ ને સક્રિય સહાય આપે છે. દાખલા તરીકે ઑરોવિલના મુખ્ય એન્જિનીઅર એમના એક જમાઈ છે.

હશે મારા યોગપંથના માર્ગદર્શક અને માલિક.' (નલિનીકાન્ત ગુપ્ત કૃત 'રે૦', ૧૯૬૯, પૃ૦ ૧૪) પૉલ ઊપડ્યા.

આ પ્રસંગ ઈ. ૧૯૧૦માં બન્યો હશે. શ્રી પુરાણીકૃત 'શ્રી અરવિંદ-જીવન'ની બીજી આવૃત્તિમાં (પૃ૦ ૨૨૧) શ્રી પૉલ શ્રી અરવિંદને એકલા ૧૯૧૦માં મળ્યા એમ શ્રી પુરાણીએ, શ્રી માતાજીનો પોતાનો હવાલો આપીને લખ્યું છે. એટલે એ ઘટના ૧૯૧૦ની સાલમાં બની. કેવો આશ્ચર્યકારક યોગ! એ જ સાલમાં શ્રી અરવિંદે રાજકારણ છોડી યોગકારણને જીવનસમર્પણ કર્યાની જાહેરાત ઉત્તરપાડામાં કરી, ને યોગાર્થે પાંડિચેરી આવ્યા. પત્નીને ત્રણ પત્રો લખીને પોતાના જીવનકાર્યની જાણ કરી. તે પહેલાં પોતાના વડોદરાવાસ દરમિયાન શ્રી લેલેના માર્ગદર્શન તળે યોગનો અભ્યાસ—પ્રયોગ એ કરી ચૂકેલા, પછી જેલના એકાંતવાસમાં જે અજબગજબ અનુભૂતિઓ થઈ, કેસ ચાલતો હતો એ દરમિયાન સૌમાં ઈશને નરી આંખે જોયાનો અનુભવ વારંવાર થયો, ત્યાર બાદ યોગને ક્ષેત્રે ઉચ્ચતર પ્રતીતિઓ થતી ગઈ, એ બધી વાત એમણે પેલા અતિપ્રસિદ્ધ ઉત્તરપાડા વ્યાખ્યાનમાં પહેલી વાર કરી. ને ઈ. ૧૯૧૦ના એપ્રિલમાં તો પૉંડિચેરી પહોંચી ગયા. કૉમોટી સ્ટ્રીટમાં શ્રી શંકર ચેટ્ટીના મકાનમાં છ માસ ગુપ્ત રહ્યા. પછી જાહેર થયા. એ ગુપ્તવાસ દરમિયાન એકવીસ દિવસના ઉપવાસનો પ્રયોગ કરી બળ વધાર્યું.

એ જાહેર થયા, પણ હજી શંકર ચેટ્ટીના મકાનમાં જ હતા. એ દરમિયાન પૉલ એમને મળવા આવ્યા. પત્નીએ મોકલેલું યોગચક્ર બતાવ્યું. શ્રી અરવિંદે એનો અર્થ કહ્યો. પૉલે વિદાય લેતાં અનુજ્ઞા માગી: 'તો હું ને મીરા આપની પાસે આવીએ ને?' એમણે આનંદ સાથે અનુમતિ આપી.

એ મુજબ, ફ્રાન્સ જઈ, ચૂંટણી-પ્રચારને બહાને, પૉલ-મીરા ભારત આવ્યાં. ધનુષકોટિ ઊતરી, ટ્રેન દ્વારા તા. ૨૯-૩-૧૯૧૪ને રોજ પૉંડિચેરી પહોંચ્યાં. અગાઉથી આગમનની જાણ કરેલી. દરમિયાન શ્રી અરવિંદ મકાન બદલીને ૩૭ ફ્રાન્કો માર્ટિન સ્ટ્રીટના મકાનમાં રહેવા ગયેલા.

પૉલ-મીરા વિદ્વાન-વિદુષી. મીરા તો કલાનાં, સૌંદર્યનાં ચાહક. અમસ્તું યે જ્યાં સ્વચ્છતાના ખયાલો ખૂબ ઊંચા છે ને ચોખ્ખાઈ તો સહજસ્વભાવમાં છે તેવી ભૂમિનાં આ બન્નેને ભારતનો પહેલો 'સાચો' પરચો તો થવો જ જોઈએ ને?—જેથી એમને ભાગવું હોય તો ભાગે! એ પરચો કેવો મળેલો તેની શ્રી માતાજી જે વાત કરતાં એ વિષે નલિનીકાન્તે લખ્યું છે. ભારતના 'ક્રુડ ફૉર્મ'નો સીધો પહેલો જ અનુભવ એમને થયો. કારિકલમાં જે ઓરડીમાં એમને રહેવું પડ્યું એ બિસ્માર હાલતમાં હતી, ભયંકર રીતે ગંદી હતી, સારી પેઠે અંધારી હતી, ને ઊધઈનું તો જાણે ત્યાં સામ્રાજ્ય હતું! જે બહારનાં અંધારાં પણ એમને ઉલેચવાનાં હતાં એનો ય સાક્ષાત્કાર થવો જોઈએ ને?

મીરાને તો ભારતનો કિનારો દસેક દરિયાઈ માઈલ છેટે હતો ત્યારથી સ્ટીમરમાં જ લાગ્યું: 'એક પવિત્ર તેજોમય વાતાવરણ મને ઊંચકી લેતું હતું.' ('દક્ષિણા', ફેબ્રુઆરી ૧૯૫૮, પૃ. ૧૬૧)ને બપોરે સાડા ત્રણ વાગ્યે મળવાનું થતાં જ ઓળખ્યા: 'જેવા મેં શ્રી અરવિંદને જોયા કે તુરત પેલી સુપરિચિત વ્યક્તિ, જેને હું કૃષ્ણ કહેતી હતી, તે આ જ છે એ પ્રમાણે એમને ઓળખી લીધા... અને મારું સ્થાન અને મારું કાર્ય એમની સાથે હિંદમાં છે એ વાતની મને સંપૂર્ણ ખાતરી થઈ.' (શ્રી પુ૦ કૃત 'શ્રી અ૦ જી૦', પૃ૦ ૨૨૧) બીજે દિવસે મીરાએ ડાયરીમાં નોંધ્યું: 'ભલે જગતના સેંકડો જીવો અજ્ઞાનતિમિરમાં સબડતા હોય, પણ કાલે જેમનું દર્શન થયું તેમને જોતાં એવો વિશ્વાસ બેસે છે કે ફક્ત તેમની હાજરીથી જ અંધકાર પ્રકાશમાં ફેરવાઈ જશે. હે પ્રભુ! તારું સામ્રાજ્ય આ પૃથ્વી પર જરૂર સ્થાપિત થશે.'

એ સંપૂર્ણ આધ્યાત્મિક આત્મસમર્પણ હતું. એની પહેલાંનાં બે વર્ષોથી પોતાને થતી અનુભૂતિઓની દૈનિક નોંધ તેઓએ શરૂ કરેલી.



પૉલ રિશાર (સ્કેચ : રવિશંકર રાવળ)

પૉંડિચેરી આવ્યા પછી પણ પરોઢના ધ્યાન પછી જે વિચારો આવતા તે પોતાને માટે જ નોંધી લેતાં. ઈ. ૧૯૧૬ સુધી આ રીતે, જે નોંધાયું છે તે 'પ્રેયર્સ ઍન્ડ મેડિટેશન્સ', (પ્રાર્થના અને ધ્યાન) નામે બહાર પડ્યું છે. ઈ. ૧૯૨૦ પછી પણ અવારનવાર લખાયું. શ્રી અરવિંદે પોતે એના પહેલા વાચક બની એમાંથી અગત્યનું રાખી, બાકીનું અગ્નિદેવને સમર્પ્યું. એ લખાણ પાંચ ભાગોમાં પ્રસિદ્ધ થયું છે. એવું જ એમનાં ચિત્રોનું થયું છે. એ નથી શ્રી માતાજીએ જાળવ્યાં, નથી કોઈને મેળવવા-જાળવવાની અનુમતિ આપી. એ કાળદેવને સમર્પિત થઈ ગયાં છે.

પ્રથમ આવ્યા પછી પૂરા પોણા અગિયાર માસ માંડ રહેવાયું. વિશ્વયુદ્ધ શરૂ થતાં જ, ફ્રાન્સના લશ્કર-ભરતીના કાયદા મુજબ, પાછાં ફ્રાન્સ જવું પડ્યું. ૧૯૧૫ના ફેબ્રુઆરીની બાવીસમીએ ગયાં. આ પોણા અગિયાર માસમાં શ્રી અરવિંદના અનુભવો વ્યક્ત કરતું માસિક 'આર્ય' અંગ્રેજી ને ફ્રેન્ચ બે ભાષામાં પ્રગટ કરવાનું કાર્ય કર્યું. એ રીતે અરવિંદ વિચારધારાને લોકો સુધી પહોંચાડવાનું—એમણે જીવન સુધી કરેલાં અનેક મહત્ત્વનાં કાર્યોમાંનું એક—આરંભ્યું. ગ્રાહકોનાં નામો લખવાં, હિસાબ લખવો, છપાઈની વ્યવસ્થા કરવી વગેરે બધાં કામો પોતે જાતે જ કરતાં. 'આર્ય'ની ફ્રેન્ચ આવૃત્તિ તૈયાર કરવામાં શ્રી રિચાર્ડ (ફ્રેન્ચમાં 'રિશાર') એમને મદદ કરતા. અઠવાડિયે એક વાર પોતાને ત્યાં શ્રી અરવિંદ અને એમના સૌ સાથીદારોને ભોજન રહેતું; ત્યારે 'આર્ય' વિષે આયોજન-ચર્ચા થતાં. 'આર્ય'નો બધો ખર્ચ પણ એમણે જ ઉપાડેલો. એ જ રીતે એમની હાજરી દરમિયાન જેનું આયોજન થએલું પણ વિદાય બાદ

ईशा वास्यमिदꣳ सर्वं यत्किंच जगत्यां जगत्।

au Seigneur pour qu'il l'habite. Tout ceci et chaque chose mouvante dans l'univers mouvant



શ્રીમાતાજીના હસ્તાક્ષરો : ઉપર 'ઈશાવાસ્યોપનિષદ'નું સંસ્કૃત વાક્ય અને તેની નીચે એમણે કરેલા વેના ફ્રેંચ અનુવાદનું લખાણ. જમણી બાજુ શ્રી અરવિંદની સંજ્ઞા. શ્રીમાતાજીએ તેનું અર્થ-ઘટન આ રીતે કર્યું છે: નીચે ઊતરતો ત્રિકોણ તે સત્ ચિત્-આનંદનું પ્રતીક છે તો ઉપર ચડતો ત્રિકોણ જડતત્ત્વમાંથી જીવન, પ્રકાશ અને પ્રેમ રૂપે પ્રગટતા અભીપ્સારૂપી પ્રત્યુત્તરનું. એ બંનેનું મિલન-વચલો ચતુષ્કોણ તે પૂર્ણ આવિર્ભાવ છે, એના કેન્દ્રમાં પરમાત્માનો અવતાર--કમળ છે. ચતુષ્કોણની અંદરનું પાણી તે અનંતરૂપતાનું, સૃષ્ટિનું પ્રતીક છે.

ઈ. ૧૯૧૬માં જે શરૂ થયો તે 'આર્યન સ્ટોર્સ' માટે નાણાં પણ એમણે આપેલાં. શ્રી રિચાર્ડનો આ બધાંમાં સંપૂર્ણ, સક્રિય ઊલટભર્યો સહકાર, મીરાના સંપૂર્ણ આત્મસમર્પણમાં યે સહકાર, એની પણ નોંધ લેવી જોઇએ.

વિશ્વયુદ્ધને કારણે જવું પડ્યું ને છેક ૧૯૨૦ સુધી પાછાં ન આવી શક્યાં, છતાં હવે જીવનકાર્ય અને એની દિશા સ્પષ્ટ હતાં. આ બાબતમાં આ ગાળા દરમિયાન જે પત્રો શ્રી અરવિંદ અને શ્રી માતાજી વચ્ચે લખાયા તે મહત્ત્વના છે. બન્નેને કેવી કસોટીમાંથી પસાર થવું પડ્યું હતું તેનો પણ એ સારો ખ્યાલ આપે છે.

ઈ. ૧૯૨૦ની ૨૪મી એપ્રિલે તેઓ હિન્દ પાછાં આવ્યાં. ક્રાન્તિકારી દળના એક વારના નેતા સાથે એક પરદેશી મહિલાના આ સંપર્કે ખુદ શ્રી અરવિંદના જ તે વેળાના કેટલાક સાથીઓમાં ખળભળાટ ને આશંકા જન્માવ્યાં. તેમાં ય સાત માસ પછી, આમ તો સખ્ત વાવાઝોડા-વરસાદને કારણે ભાંગી પડતી દીવાલમાંથી સ્થળાંતર કરવાની પડેલી ફરજના અકસ્માતના કારણે ૨૪ નવેમ્બર ૧૯૨૬ને રોજ શ્રી માતાજીને શ્રી અરવિંદ પોતાના જ મકાનમાં રહેવા લઈ આવ્યા એથી ખળભળાટ વધ્યો. એ જ દિવસે શ્રી માતાજીને અતિમનસની પ્રથમાનુભૂતિ થઈ.


ત્યારથી જ શ્રી અરવિંદ ને એમના શિષ્યગણના રહેઠાણની, ને પછી સમુદાય વધતાં ૧૯૨૬થી આશ્રમ સ્થાપ્યો તેની, સઘળી બહારની વ્યવસ્થાની જવાબદારી શ્રી માતાજીએ સ્વીકારી. એ પછી ને એ દરમિયાન પેલા વત્તેલ રસોઈયાએ એક ફકીર દ્વારા અકળ અનિષ્ટને સાધી કરાવેલી અદૃશ્ય પથ્થરવર્ષા જેવા અનેક અદૃષ્ટ તત્ત્વોના વિરોધોનો જે સામનો કર્યો,

શ્રી માતાજીની કલ્પનાનું કલ્યાણગ્રામ 'ઑરોવિલ'–ઉષાનગરી, ઈ. ૧૯૬૮ ની ૨૮મી ફેબ્રુઆરીએ, નાતજાત ધર્મ કે રાષ્ટ્રના ભેદભાવથી મુક્ત સમગ્ર માનવજાત માટે રચાઈ રહેલી આ વિશ્વનગરીનો શિલાન્યાસ થયો. (નીચે) એ નગરીના આધ્યાત્મિક કેન્દ્ર 'માતૃમંદિર' તથા (જમણી બાજુ)એ કેન્દ્રસ્થાનની આસપાસ વિકસી રહેલા નગરનું આયોજન દર્શાવતા તેના મૉડેલનાં ફોટોચિત્ર.



તે અતિમનસની અનુભૂતિ પછી એના અવતરણને પૃથ્વી પર ઉતારવાનો પ્રયોગ કરવા શ્રી અરવિંદે એકાંતવાસ લીધો ત્યારે એમને જે સહાય કરી તે, 'અધિમનસ'ની સૃષ્ટિ શ્રી માતાજીને સુલભ થઈ ત્યારે શ્રી અરવિંદના આદેશથી એનો જે ત્યાગ કર્યો તે; અતિમનસના અવરોધી બળને ટાળવા શ્રી અરવિંદે જે દેહત્યાગ કર્યો ને તે પછી અવિચળ રહી એ માર્ગે આગળ વધતાં વધતાં શ્રી માતાજીએ ૧૯૨૬ના ફેબ્રુઆરીની ૨૯મીએ એનો આવિર્ભાવ અનુભવ્યો તે; શ્રી અરવિંદના દેહવિલય છતાં, જાણે કે એમનું સાન્નિધ્ય છે જ એને હકીકત અનુભવી-અનુભવાવી આશ્રમ ને આશ્રમીઓ ઉપરાંત દેશવિદેશના સાધકોને પણ વિકાસ માટે વણથંભ્યે સતત ગતિ પૂરી પાડી તે—૧૯૨૬થી ૧૯૭૩માં હમણાં જ થએલ દેહવિલય સુધીનાં ૫૩ વર્ષના એમના ભારતવાસમાંના જીવનની આવી અનેક રમ્ય-રહસ્યાત્મક ઘટનાઓ રસિક છે, પણ એ નોખું પ્રકરણ માગી લે એવી છે. આ લેખકની એ માટેની યોગ્યતા નથી, ને વળી અહીં, આટલામાં જ, લંબાણ પણ ઠીક ઠીક થઈ ગયું છે.

એક તરફથી શ્રી અરવિંદના દેહવિલય પછી યે એમણે આરંભેલું અધ્યાત્મકાર્ય પાર પાડવું, એ માટે બધી જ આંતરિક શક્તિઓને સતત ચારે પાસ કામે લગાડવી; બીજી તરફથી વિકસતો જતો આશ્રમ (આઠ-દસની સંખ્યામાંથી હજાર-દોઢ હજારની કાયમી સંખ્યા સુધીનો) પૂર્ણ વ્યવસ્થા સાથે વિકસતો રહે એ માટે વસવાટ-ઝાડપાન-મકાનો-રમતોનાં મેદાનો-શાળા-કૉલેજો ને ગ્રંથાલયોથી માંડીને અન્ય પચાસેક વિભાગો-ડેરી, સિમેન્ટ ફૅક્ટરી, બેકરી, ઈલેક્ટ્રિકલ ને મિકૅનિકલ વર્કશૉપ્સ, પુસ્તકપ્રકાશન, કાગળઉદ્યોગ, ખાંડનું કારખાનું, દુકાનો, વગેરેની



પ્રત્યેક શાખા-પ્રશાખામાં ઝીણામાં ઝીણી વિગત સુધી અંગત રીતે સક્રિય રહી, આયોજન કરી, વ્યવસ્થા ઊભી કરી, રોજબરોજના સંચાલનમાં પણ માર્ગદર્શન આપવું; ત્રીજી બાજુ આશ્રમમાંના ને આશ્રમ બહારના સાધકો સાથે—એમાંના પ્રત્યેક સાથે—અંગત સંપર્ક રાખી, એમને—એમની પ્રકૃતિને, એમની દૃષ્ટિમર્યાદાને ઓળખીને, એમની જરૂરિયાત જાણીને, યોગ્ય માર્ગદર્શન આપવું; ચોથી તરફથી આ વિચાર-પ્રયોગ અન્યને પણ સમજાય-આકર્ષે એ માટે પોતાના ને અન્ય અધિકૃત જનોના બોધ-વ્યાખ્યાન-પત્ર—લખાણો દ્વારા સતત જાગ્રત પ્રચાર-પ્રસાર કરવો; પાંચમી તરફથી જગત પર ક્યાંક કોક સ્થળ તો માનવ માટે એવું હોય કે જ્યાં અંતરને અકલ્પ્ય કરાર મળે, જ્યાં નાતજાત-ધર્મના વાડા ન હોય, જ્યાં રાષ્ટ્રીયતાના સંકુચિત ઝગડા પણ ન હોય, જ્યાં વ્યવસ્થા, સ્વચ્છતા, શુચિતા, મુદિતા, મૈત્રી, સમાનતા અનુભવાય, એવા એક કલ્યાણગ્રામનું—એવી એક 'કૃપાનગરી'નું—ઑરોવિલનું આયોજન કરી એનું નક્કર નિર્માણ કરવા લાગી જવું; છઠ્ઠું, આ બધાંને અનુરૂપ શિક્ષણની યોજના કરવી, જેમાં શરીર ને અંતર બન્ને શક્તિસમ્પન્ન બન્ને—; આ બધાં જ કાર્યો જેમણે એકસાથે ઉપાડયાં ને સતત અર્ધી સદી સુધી આ બધાંનાં સૂત્રો હાથમાં રાખી, પ્રત્યેક ક્ષેત્રે જે સિદ્ધિઓ હાંસલ કરી તે નરી આંખે, નરે કાને પણ જોઈ-સાંભળી સ્પર્શી શકાય એવી છે.

એ સિદ્ધિઓ પાછળની વિગતો, અનેક પ્રસંગો પણ રસપ્રદ છે-અત્યંત રસપ્રદ. કૂતરાં-બિલાડાં પરના એમના સ્નેહે જે પ્રભાવ એ પ્રાણીઓ પર પાડેલો તે ઘટના; આશ્રમના ખાળકૂવા માટે આવેલ માણસોને, નિયત દર રૂપિયા સાડા ત્રણનો જ હતો (ને એ જમાનામાં ૧૯૨૪માં તો એટલાથી આખા માસનું ખર્ચ નીકળતું ત્યારે) શ્રી અંબુભાઈએ રૂપિયા પાંચ-છ આપવા માંડયા તે વેળા શ્રી માતાજીએ રૂપિયા અઢાર આપવા જણાવીને કહ્યું: 'ખાળકૂવામાં ઊતરવું એ શું એ તો તમે જાણો છો ને? માણસ આટલો બધો ગરીબ છે એટલે જ એને આવું કામ કરવું પડે છે. પણ બીજા માણસો ક્રૂર થતા હોય તેથી કંઈ આપણે પણ ક્રૂર બની ન શકીએ!' એ પ્રસંગ; શ્રી અરવિંદને ધૂમ્રપાન છોડાવ્યું તે ઘટના; આશ્રમમાં રમતગમત કેવી રીતે દાખલ કરી તે ઘટના; તેમાંય દરિયાકિનારાની ભયંકર ગંદી જગ્યાને રૂપાળા ક્રીડાંગણમાં કેવા દૃષ્ટિપૂત પરિશ્રમથી ફેરવી નાખી તે ઘટના; ટેનિસની એમની રમત વિષેના પ્રસંગો; ડૉક્ટરોથી ન સુધરેલા દર્દીઓનાં દર્દ મટાડવા એમણે કરેલા પ્રયોગોની ઘટનાઓ; આવી શક્તિ છતાં અંધશ્રદ્ધા ને સાંપ્રદાયિકતાનો સતત વિરોધ કર્યાના પ્રસંગો; પોતાના નાના ભત્રીજાને સુધારવા માટે લાફા લગાવી દેતા નીરદ બરનને શિક્ષણમાં દંડની નિરર્થકતા માટે આપેલો ઉપદેશ; એક આદર્શ શિક્ષણકેન્દ્રની કરેલી સ્થાપના ને સંચાલન; બાલિકાઓ ને સ્ત્રીઓની સ્વાસ્થ્ય-તાલીમને અનુરૂપ ગણવેશ જે હિંમતથી દાખલ કર્યો તે પ્રસંગ; નાટક-સંગીત-ચિત્રની તાલીમ જે રીતે આપતાં તે; ફૂલ-ઝાડ-પક્ષી-પંખીમાં રસ લેતાં કરવાની તાલીમ; કાળી કિનારની સાડી ન ગમતી હોય તેને જ આશ્રમ તરફથી ભૂલમાં સેંકડોની વચ્ચે એવી સાડી અપાઈ ગઈ હોય તો, સેંકડો પારિતોષિકોની વચ્ચેથી એ ઘટનાને યાદ રાખી, પેલાં બહેનને પાછળથી બોલાવી, એ ભૂલ સુધારી લેવાની આયોજકોને તક-તાલીમ આપવા સુધીની ઝીણવટ; શ્રી અરવિંદની પ્રત્યેક જરૂરિયાતને કેવી રીતે પારખી જતાં ને પૂરી પાડતાં તેના પ્રસંગો; આશ્રમના બહિર્વિકાસમાં સતત કેવાં કાર્યરત રહેતાં તે, એ દરમિયાન પણ કેવાં માયાળુ કરુણાળુ રહેતાં એના પ્રસંગો...પ્રસંગોનો પાર નથી! સમયાભાવે નીરદ બરન, નલિનીકાન્ત, પુરાણી ને શેઠના, એ ચારના લેખો માત્ર વાંચનારને પણ એનો ખયાલ આવશે.

છાલો-પાલો-મરી-મસાલો] ૧૭ [ખારો

ખારો કે પાપડીઓ ખાર—પાપડખાર એ આપણી તરફ કચ્છમાંથી મળતો ખનિજ ક્ષાર છે. ઔદ્ભિદ અને પાંશુ-લવણ, એ ખારાનાં સંસ્કૃત નામો છે. રસોઈમાં કઠોળ જલદી ગળી જાય—ચડી જાય એ માટે તથા ગાંઠિયા, ભજિયાં વગેરે ફરસાણને ફરસાં બનાવવા માટે તે વપરાય છે. આમ, આપણા રસોડામાં ખારો બહુ જાણીતો છે. પણ તે ઉપરાંત બાળકોનાં દરદો પર તે એક રામબાણ ઔષધિ જેવો છે.

क्षारं गुरु कटु स्निग्धं शीतलं वातनाशनम्।

ખારો, ભારે, તીખો, સ્નિગ્ધ અને ઠંડો છે તથા એ વાયુનો નાશ કરે છે. સ્વ. શંકર દાજી પદેશાસ્ત્રી તેને જવખાર સમાન ગુણવાળો ગણે છે.

દાળ, વાલ, ચણા વગેરે જલદી ગળી જાય તે માટે ખારો નાખવાનો રિવાજ છે; પરંતુ તેનું રોજિંદું સેવન આરોગ્યને માટે હિતકર નથી.

ચણાની દાળથી પણ ઓછા પ્રમાણમાં પાપડખાર અને ગોળ મેળવી તેમાં ધાવણ નાખી બાળકને પાવાથી ઊલટી થઈ કફ નીકળે છે અને સસણી મટે છે. બેત્રણ માસનાં નાનાં બાળકને આ ઔષધ આપવું નહિ.

એક તોલો પાપડખાર અને એક મોટું રીંગણ લઈ તેને કલાઈવાળા વાસણમાં બાફી તેને ગાયના મૂત્રમાં ખરલ કરી તેમાંથી બબ્બે વાલ લઈ ગોળના પાણીમાં મેળવી એકેક કલાકે પાતા રહેવાથી ભાર મટે છે.—આરામ થયે તે પાવું બંધ કરવું. લીંબુના રસમાં એકથી બે વાલ પાપડખાર નાખી—પુખ્ત વયના માણસને—આપવાથી પેટની પીડ મટે છે.

પાપડખાર અને કળીચૂંના બેઝો લસોટી ગંડમાળ અને ખરજવા પર લેપ કરવાથી ફાયદો કરે છે અને તુરતમાં થએલ રોગ જલદી દૂર થાય છે.

આટલા પરિચય પછી યે પ્રશ્ન તો રહે છે જ કે શ્રી માતાજી કોણ છે? પોતે કહે છે: 'પ્રભુ, નથી મારી પાસે કોઈ યોગશક્તિ, નથી કોઈ ગુણભંડાર. તારા સેવકોમાં હોય છે તેવી કોઈ મહાવસ્તુ પણ મારી પાસે નથી. મારું જીવન બાહ્ય રીતે જોતાં તદ્દન સામાન્ય કોટિનું છે. અને આંતરિક રીતે પણ એ જીવન શું છે? એ છે માત્ર એક સ્વસ્થ શાન્ત સ્થિતિ...એક અજેય શ્રદ્ધા, એક વિષયાતીત જ્ઞાન, એક નિષ્કારણ આનંદ. ચૈતન્યની એક કાલાતીત સ્વયંભૂ અવસ્થા.' ('સાધના ને સાક્ષાત્કારો,' પૃ. ૧૬૩) વળી 'હું પોતે' એ મથાળે વિગતે પરિચય આપે છે. ત્યાં લખ્યું છે: 'માણસ પોતે શું છે અને શું કરે છે, એ બે વસ્તુઓને આપણે કદી એકબીજામાં ભેળવી ન દેવી જોઇએ. માણસ પોતે મૂળ રૂપે જે હોય છે અને બાહ્ય જગતમાં તે જે કાર્ય કરે છે એ બે અત્યંત ભિન્ન વસ્તુઓ છે...' ('સા૦ અને સા૦', પૃ. ૧૭૮) એમનું એ મૂળ રૂપ કયું હશે? શ્રી અરવિંદ તો એને આમ આલેખે છે:

એ સુવર્ણસેતુ છે,
આશ્ચર્યાગ્નિ છે,
અજ્ઞાતનું તેજભર્યું હૈયું છે,
દેવત્વનાં ઊંડાણોમાંની શાન્તિની એ જ શક્તિ છે;
ચેતન છે એ,
અપરિહાર્ય શબ્દ છે એ.
'She is the golden bridge,
The wonderful fire,
The Luminous heart of the unknown is she,
A power of Silence in the depths of God;
She is the force,
The inevitable word.' □

ગુજરાતમાં કલાનાં પગરણ

'કુમાર'ના પ્રાકટ્યથી આગળ ચાલતું રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા–૨

ત્યાં રસિકલાલ પરીખ

ત્યાંર ગાંધીજીના આશ્રમમાં ચાલતાં રેંટિયાકામ અને સીવણકામ શીખવવા રાજપીપળાથી એક યુવાન નગીનદાસ પરીખ આવેલા. તે એક વાર ચિત્રશાળામાં આવી ચડયા અને ચિત્રકામમાં થતી વિવિધતા જોઈ તેમણે પોતાના નાના ભાઈ રસિકલાલ, જે ભણતરથી કંટાળ્યા હતા તેને મૂકી જવા પૂછ્યું. તેને ચિત્રો કરવાનો ભારે શોખ છે એમ જાણી તેના કામના નમૂના મેં મંગાવ્યા. કામ ચોરસ ખાનાંથી કરેલી સુવર્ણમાળાનાં ચિત્રોની નકલો હતી, પણ સફાઈ અને ચોકસાઈ પ્રશંસનીય હતી.

અને રસિકલાલ આવી ગયા. તે રોજ આશ્રમમાંથી સવારે આવે અને સાંજે પોતાના ભાઈ પાસે આશ્રમમાં રાત રહેવા જાય. પૂરા ગાંધીવાદી ભાઈઓ, એટલે રસિકલાલ ખાદીનાં બે ધોતિયાં અને બે પહેરણથી ચલાવી લેતા. તેમણે મારા નિયમ પ્રમાણે, બહારથી નજરમાત્રથી ચિત્રો કરવાની ટેવ ઘરથી ચાલુ કરી અને થોડા જ વખતમાં તેના હાથે સુરેખ ચિત્રકામ થવા લાગ્યું. મને વખત ન હોય ત્યારે તેમને 'કુમાર કાર્યાલય'ને ઓટલે બેસાડી આસપાસનાં દૃશ્યો ચીતરવામાં રોકી દેતો અને સુધારા સૂચવતો. તેથી તેમની આંખ અને હાથ ઘડાયાં. ચિત્રગૃહમાં હાથ કેળવવા પૂરતું નકલકામ કે પદાર્થચિત્રો કરવા કહેતો, અને અઠવાડિયામાં એકાદ દિવસ કાંકરિયા તળાવ તરફના રસ્તે ખેતરો-વૃક્ષો હતાં ત્યાંનાં દૃશ્યો કરવા મોકલી આપતો. તેમાંથી રાયપુર દરવાજા બહારના એક નપાણિયા ખંડેર કૂવાનું સુરેખ ચિત્ર થયું અને તેના પર મોર બેસાડી 'શુષ્ક ભૂમિનો અતિથિ' નામનું તેમનું પહેલું ચિત્ર તૈયાર કર્યું. ઉપરાંત આશ્રમને રસ્તે આવતાં એક ઝાડની ડાળીએ સાડલો બાંધીને કરેલી ઝોળીમાં પોતાના બાળકને ઝુલાવતી એક મજૂરણ માતાનું દૃશ્ય જોઈ તે પરથી 'માતાનાં હેત' નામનું કરેલું તેમનું ચિત્ર તો સાર્વજનિક લોકપ્રિયતા પામ્યું. (આ અંકમાં એમનું એક નવું રંગચિત્ર છે.)

આ દરમિયાન મેં પણ સંખ્યાબંધ લેખચિત્રો, વિદ્યાર્થીજીવન પરનાં કટાક્ષચિત્રો ને થોકબંધ સુશોભનો વડે 'કુમાર'નાં પાનેપાનાં શણગારવા ઉદ્યમ કર્યો હતો. મારાં પોતાનાં ચિત્રો યે હતાં, પણ નવોદિતોને આગળ મૂકી તેમનામાં આત્મવિશ્વાસ પ્રેરવા ને પ્રજામાં કલાકારો જન્મી ચૂક્યા છે તેની પ્રતીતિ આપવા તેમનાં જ ચિત્રો મેં 'કુમાર'માં પ્રકટ કરવા માંડયાં હતાં. ઉપરાંત અમેરિકાની એક આરોગ્ય-ચિત્રોની સ્પર્ધા જોઈ, તે પરથી પ્રચાર સરળ પોસ્ટરો (મોટી ચિત્ર-જાહેરાતો: પ્રચાર ચિત્રો) પણ 'કુમાર'-નાં પાનાં ભરી આપ્યાં હતાં. આમ વિવિધ રીતે સમાજ, સાહિત્ય અને કળાનો સંયોગ સાધવા હું પ્રયત્ન કરતો રહ્યો હતો.



△ રસિકલાલ પરીખે ઈ. ૧૯૩૭માં કરેલો પોતાનો સ્કેચ.

મારી શિક્ષણપદ્ધતિ


મારા ચિત્રવર્ગમાં સંગીન શિક્ષણ પ્રાપ્ત કરવા વિદ્યાર્થીઓને વારંવાર ઉદ્‌બોધન કરતો અને તેઓ પણ મારાં સર્વે કાર્યોમાં નાનીમોટી સેવા આપવા ઉત્સાહી રહેતા. મન દઈને કામ કરવાથી કલાનાં તત્ત્વો કેવાં ઉપયોગી થાય છે તેની સમજણ તેમને મળતી. ચિત્ર અને ફોટોગ્રાફીના વિવિધ પ્રકારો—જેવા કે કાગળની કાપેલી સ્ટેન્સિલની તસ્વીરને ટૉર્ચ લાઈટના પ્રકાશથી ભીંત પર મોટા રૂપમાં બતાવવી, હાથના પડછાયાથી ભીંત પર આકૃતિઓ સરજવી, ટૂથબ્રશથી છાંટ નાખી ચિત્ર બનાવવાં વગેરે તેમને કૌતુકપૂર્ણ અને ઉદ્યમી રાખતા. આ પરથી રસિકલાલે એકાંતે મહેનત કરી બહુ વિવિધતાભર્યાં કાર્ટચિત્રો કર્યાં હતાં જે 'કુમાર'નાં પૂઠાં પર છપાયાં છે.

પણ હજી ચિત્રકારો પરત્વે લોકો તો તેઓ ધાર્મિક ચિત્રો કરે તેમાં જ તેમની સાર્થકતા માનતા. એ જડ માન્યતામાંથી મુક્ત કરીને તેમને હું રોજિંદા જીવન, લોકજીવન કે વાસ્તવિક ઇતિહાસનાં નિરૂપણ તરફ વાળવા માંડયો હતો. દરેક નવીન ચિત્ર-વિદ્યાર્થીની ભૂમિકા દૃઢ કરવા માટે હું શિસ્તબદ્ધ આલેખનના પાઠો આપતો, પણ સાથેસાથે તેમને સ્વતંત્ર અવલોકન કરી નજરે પડતા આકારોના જેવા આવડે તેવા સ્કેચ કરવા પ્રેરતો અને દરેક પાસે આગ્રહપૂર્વક સ્કેચબુક રખાવતો. એ પરથી સાદી લાગતી ચિત્રકલા તેમને ક્યાં સુધી જઈ શકે છે તેનો અંદાજ મળતો.

ચિત્ર શીખવા આવતા કોઈ પણ વિદ્યાર્થીને હું આવકારતો, પણ તે દરેકને ત્યાંની શિસ્ત પ્રમાણે ઓરડાની સાફસફી, ગોઠવણ વગેરેના કામે પણ લગાડતો. અન્યત્ર અભ્યાસ કરતા પણ કેટલા યે વિદ્યાર્થીઓ આવી ગયા હશે, એ બધા આજે યાદ રહ્યા નથી. ભદ્રશંકર યાજ્ઞિક ને પીતાંબર પટેલ વિદ્યાર્થી તરીકે આવતા તે યાદ છે. ગોવિંદ ધાનક, ગજ્જર ને રાઠોડ પણ આવતા. ભદ્રશંકર સારા પત્રકાર થયા, પીતાંબર પટેલ સાક્ષર અને સમાજસેવક તથા ગોવિંદ ધાનક રાજ્યના મુખ્ય એન્જિનીઅર બન્યા. સ્વ. ગજ્જર આર્કિટેક્ટ થયા. રાઠોડ ડેકોરેટર તરીકે ભારે નામ પામ્યા.

સત્યેન્દ્ર ત્રિપાઠી

એક દિવસ આકાશેઠકૂવાની પોળમાંથી કુંદનશંકર ત્રિપાઠી નામે વૃદ્ધ ગૃહસ્થ તેમના બહેરા-મૂગા પુત્ર સત્યેન્દ્રને લઈ આવ્યા. આજના પ્રસિદ્ધ સાક્ષર બકુલ ત્રિપાઠીના આ કાકા બહેરા-મૂગાની શાળામાં કંઈક વાંચતાં-લખતાં ને સીવતાં શીખેલા. કુંદનશંકરભાઈ કહે: 'અમે નાગર, સીવવાનો ધંધો સારો લાગતો નથી. એ ચિત્રકામ શીખી શકે કે નહિ?' મેં કહ્યું: 'મારી શિસ્ત પ્રમાણે સખત કામ કરશે તો ચિત્રકાર થશે.' ડોસાએ તેની



△ કલાના વિદ્યાર્થી જયંતીલાલ ઝવેરી જેમનું થોડા દિવસો પહેલાં જ અવસાન થયું.

સાથે વાતો કરી, તે બધી એ સમજ્યો. તે ખૂબ ખુશ થયો. આવતો થયો. એ નિયમિત હાજરી આપે, સંકેત થોડાઘણા સમજે. કોઈ વાર અકળામણવેડા પણ કરે. પણ ધીમેધીમે પ્રગતિ કરતો રહ્યો અને રસિકલાલ પરીખ જેવા સન્નિષ્ઠ વિદ્યાર્થીની સોબતમાં તેનું કામ રંગે ચડ્યું.

ચન્દ્રશંકર રાવળ

એ જ રીતે એક વખત બાલ પ્રદેશના ગાંફ ગામેથી ઘોડીને ટેકે ચાલતા ખૂંધવાળા ચંદ્રશંકરને લઈ તેના કાકા આવ્યા. તેને માબાપ નહિ, ને ખોડવાળા પગે બેન-ભાઈ કાકાને પનારે પડ્યાં હતાં. થોડુંઘણું ભણ્યા પછી તેની પરાધીન જાત બહુ કરી શકે એમ લાગતું નહોતું. તે જમાનામાં વીશી-ખર્ચ માત્ર નવ રૂપિયા હતો. તે પોતાને માથે રાખી કાકા તેને મારી ચિત્રશાળામાં મૂકી ગયા. તેનામાં ઘણું કામ કરી છૂટવાની અને ચુસ્ત શિસ્ત પાળવાની અજોડ શક્તિ હતી. તેને પણ ધીમેધીમે કામમાં રંગ લાગ્યો, અને મારી સૂચના અને સહવાસે આગળ વધતા જઈ તેનો હાથ પણ કામ કરતો થઈ ગયો. વધુમાં તેણે ફોટોગ્રાફી શીખવા માંડી. ચિત્રના ક્ષેત્રમાં પોતે કંઈક કરી શકશે એવી આત્મશ્રદ્ધા બેસતાં તેનો ઉમંગ વધ્યો, અને ઘોડીનો ટેકો પણ ગયો! આગળ જતાં તેનાં બે ચાર ચિત્રો 'કુમાર'માં રંગમાં પ્રકટ થઈ શક્યાં, ને હાલ ચિત્ર-શિક્ષક બની એક હાઈસ્કૂલમાં નોકરી કરે છે. સમાજની જરા પણ ઓશિયાળ રહી નથી.

જયન્તીલાલ ઝવેરી

બીજા એક નિષ્ઠાવાન જૈન વિદ્યાર્થી ભાઈ જયન્તીલાલ ઝવેરીને લઈ અમદાવાદના જાણીતા શેરદલાલ મણિલાલ અભયચંદ આવ્યા. તેના પિતાની એક કાળે સારી સ્થિતિ હતી, પણ અકાળે ગુજરી જતાં અસહાય બની ગયા હતા. તેનો ચાલુ ખર્ચ પોતાના ઉપર લઈ મણિભાઈ તેને મારે ત્યાં ચિત્રકામ શીખવા મૂકી ગયા. તેને જૈન રાસ-કથાઓની સારી માહિતી હતી અને મને જૈન સંપ્રદાયે ગુજરાતમાં સ્થાપેલી જૈન પરંપરાની કલાસૃષ્ટિ માટે ખૂબ જ ભાવ હતો; એટલે આવો વિદ્યાર્થી તેના સંશોધન-વર્ધન માટે યોગ્ય સાધક થશે એવી મને આશા હતી, અને ઘણે અંશે તેના દ્વારા હું તેમાં કંઈક પ્રવેશ પણ પામ્યો હોઈશ. તેની રંગપૂરણીમાં જૈન ચિત્રકારોની છાયા હતી, પણ તે રૂઢિચુસ્ત સમાજમાંથી આવતો હોવાથી કળાની વિશાળતા સમજાવતાં વખત લાગ્યો.

સારાભાઈ નવાબ

તેને સાથે સારાભાઈ નવાબ કાપડની દુકાન ચલાવતા છતાં કળામાં રસ લેતા, તે મારી ચિત્રશાળામાં આવતા-જતા થયા હતા. એ જ વખતમાં મુનિશ્રી પુણ્યવિજયજીના પ્રબોધનથી સર્વ જૈન ભંડારોમાંથી સરસ ચિત્રમય હસ્તપ્રતો, પટો, પ્રશસ્તિપત્રોનું એક મોટું પ્રદર્શન અમદાવાદમાં થએલું. સારાભાઈ જોડે એ પ્રદર્શન જોવા હું ગયો ને તમામ ભંડારોની અનેકવિધ ચિત્રસામગ્રી જોઈ મંત્રમુગ્ધ થઈ કહ્યું કે 'આ સર્વને પ્રસિદ્ધિ આપવામાં આવે તો વિશ્વને ખાતરી થાય કે ગુજરાત તો કળાનો ભંડાર છે.' કંઈ અસંખ્યાત વેલો અને સુશોભનો, પશુપક્ષીઓ, નરનારીઓ, મેળાવડા, વરઘોડા, સાજનો ને સમાજના સર્વ સ્તરોમાં વ્યાપેલી કલાની વિગતો અને વસ્ત્રાભૂષણો વગેરે ગુજરાતના ભવ્ય ભૂતકાળનું મહાપ્રભાવી દર્શન એમાં કરાવતાં હતાં. હું તો કોઈ અજબ પ્રેરણાથી તેની જે પ્રશંસા કરતો રહ્યો તેનો ચેપ સારાભાઈને લાગી ગયો. મોટા જૈન નેતાઓને જે કદી ખયાલ ન આવેલો તે તેને આવ્યો, ને સાહસિક વણિક બુદ્ધિથી તેના એક પ્રકાશનનો નિર્ણય કરી તેમાં સહાય કરવા મને વચનબદ્ધ કર્યો.

મેં 'કુમાર કાર્યાલય'માં તેનું કામ ખાતે ઉધારીને કરવાની વ્યવસ્થા કરી અને તે જે જે હસ્તપ્રતો અને ચિત્રો લાવે તેની કરકસરભરી યોજના કરી આપીને કલકત્તાથી તેના બ્લૉકો કરાવી મંગાવી આપ્યા. આમ ગુજરાતી પ્રકાશનોના ઇતિહાસમાં જૈન કળાના મહાગ્રંથ 'જૈન ચિત્ર કલ્પદ્રુમ'નું નિર્માણ થયું. કુમાર કાર્યાલયનાં સાધનો અને ચિત્રખંડની સહાય વિના એ પુસ્તક અસંભવ જ હોત. એ જમાનામાં ભારે ગણાય એવી રૂપિયા ૩૦ની કિંમતે એ ગ્રંથ સારાભાઈએ બજારમાં મૂક્યો અને

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૬: કપાસી

પગના તળિયે કણી કે 'કપાસી' (શાસ્ત્રીય નામ કદર, સાંપ્રત વિજ્ઞાનમાં Corn)નો ઘણાને અનુભવ હશે. ખુલ્લા પગે ફરનારને પગમાં કાચ, કાંટા કે પથ્થર વાગે અને ત્યાંની ચામડી કઠણ તથા નિર્જીવ થઈ જઈ એ સ્થાને રાઈના દાણાથી માંડી કપાસિયા જેવડી ગોળ આકારની કપાસી થાય છે, જે સહેજ દબાતાં અસહ્ય વેદના કરે છે. આયુર્વેદમાં તેની ગણના ક્ષુદ્ર રોગમાં કરી છે, પણ એ જેટલો નાનો રોગ છે તેટલો જ વધુ કષ્ટકર પણ છે.

ઉપચાર

૧) તીક્ષ્ણ ધારવાળા સાધનથી તેને તેના સ્થાનેથી કાપીને છૂટી પાડી કાઢી નાખવામાં આવે છે. ગામડામાં વાળંદ અને શહેરમાં ચિકિત્સક એ ક્રિયા કરી આપે છે, પણ થોડા વખત પછી તે ફરીથી થાય છે. ૨) દીવાસળી સળગાવી તરત ઠારી તેનું ગરમ ટોપકું વારંવાર કપાસી ઉપર ચાંપવું. ૩) શસ્ત્રક્રિયા કર્યા પછી ગરમ ઘીમાં રૂનું પૂમડું બોળી કપાસીને દગ્ધ કરવાથી એ ફરી થતી નથી. ૪) તેના ઉપર ઠીકરાના, ઈંટના કે ખરબચડા પથ્થરના ટુકડાથી નાહીને રોજ પંદર મિનિટ ઘર્ષણ કરવું. નહાવાથી કઠણ ચામડી પલળીને ઢીલી પડતી હોવાથી કપાસી ઘસી શકાય છે. ૫) ખાવાનો ચૂનો અને સુવર્ચક્ષારને પાણીમાં ભેગા કરી તેના મિશ્રણથી કપાસીનું દહન કરવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ધાર્મિક પુસ્તક માટે જૈન કોમમાં ખૂબ આદર હોવાથી તેની બધી પ્રતો ખપી ગઈ અને દેવું ભરાઈ ગયું. એ સાથે સારાભાઈએ કલાકારો માટે વેલબુટ્ટા અને સુશોભનોનાં ચિત્રોના જ એક નાના સંગ્રહની 'જૈન ચિત્ર કલ્પલતા' સસ્તી કિંમતે બહાર મૂકી, જેનો લાભ ઘણા કલાકારોએ લીધો. એ પછી તો સારાભાઈ નવાબને જૈનધર્મીય પ્રકાશનોનો ધંધો સૂઝી ગયો. કાપડની દુકાન બંધ કરી અને 'ચિત્ર કલ્પદ્રુમ'ની અંગ્રેજી પ્રત છપાવી રૂા. ૧૦૦ના ભાવે વિશ્વમાં પ્રસારી.

પછી તો સારાભાઈએ વડોદરા પુરાતત્ત્વ ખાતામાં જઈ પંડિત લાલચંદ પાસે રહી પુરાતત્ત્વનું જ્ઞાન મેળવ્યું અને હવે જૈન ગ્રંથોનાં પ્રકાશનો દ્વારા તે પર ઘરનો ધંધો જમાવી પોતાની ગ્રૅજ્યુએટ પુત્રીને પણ પુરાતત્ત્વવિદ્ કરી ઘણાં મ્યુઝિયમો માટે પુરાણી વસ્તુઓ મેળવી આપે છે. તેમના મારફતે હજારો કે લાખોની રકમની પુરાણી મૂર્તિઓ, પટો, કલ્પસૂત્રો સારી કિંમતે વેચાયાં હશે એવું અનુમાન છે.

એક મોટો લાભ એ થયો કે એ પછી વિદ્વાન શિરોમણિ જૈન મુનિશ્રી પુણ્યવિજયજીએ પોતે આ સામગ્રીના રક્ષણ માટે જૈન કોમને જાગૃત કરી, અને જાતે મહાઉપયોગી પ્રકાશનો કરી ગયા. એમની જ પ્રેરણાથી અમદાવાદમાં પછી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા મંદિર સ્થપાયું.

વાલજી કંસારા

ડૉ. હરિપ્રસાદે મને પરિષદના પ્રદર્શનમાં જૂનો ધાતુભંગાર લેનાર અને વેચનાર વાલજીભાઈ કંસારાનો પરિચય કરાવેલો. ત્યાર પછી તે ભાઈ જે કંઈ ધાતુની મૂર્તિ, વાસણ કે વસ્તુ હાથમાં આવે તે પ્રથમ મને બતાવી જતા અને ઘણી વાર મને ગમતી વસ્તુઓ તે કિફાયત ભાવે આપી જતા. એ રીતે મારી પાસે ચુનંદી પુરાણી વસ્તુઓનો આકર્ષક અને ઉપયોગી સંગ્રહ થયો છે. ઉપરાંત અમદાવાદનાં કેટલાંક શ્રીમંત ઘરોમાં એ પ્રાચીન ધાતુકામનું સૌન્દર્ય સમજાવી એ વાલજીભાઈને મેં સારા ગ્રાહક મેળવી આપ્યા હતા. નંદબાબુ પણ જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે ગુજરાતની પુરાણી ધાતુશિલ્પની કૃતિઓ તેની જ પાસેથી મારે ત્યાં મંગાવી સાથે લઈ ગયા હતા. એમ તળ ગુજરાતની સર્જનશક્તિના કેટલાક નમૂના સચવાયા છે, પણ ખેદની વાત એ હતી કે યુનિવર્સિટીના શિક્ષિત જનોમાં ભારતીય કલા પ્રતિ તદ્દન દુર્લક્ષ હતું. (ચાલુ)

રક્તનાં ટીપાં••

મૂળ લેખિકા જ્યોતિર્મયી દેવીની
અનુવાદક
સુકન્યા ઝવેરી

હજુ સુધી હું સ્વર્ગમાં જઈ શકી નથી એટલે એ કેવું હશે તે કહી શકતી નથી. તો ય જોઈ રહી છું કે અપૂર્વ સ્વર્ગના પ્રવેશદ્વારની અંદરની બાજુ મર્ત્યલોક જેવો જ એક નાનકડો પાટીનો ઢોલિયો ઢાળેલો છે. મહાત્મા ગાંધી એ ઢોલિયા પર બેસી કાંઈક લખી રહ્યા છે. પાસે તકલી પણ પડી છે. તેની સામે તાડપત્રીમાંથી તૈયાર કરેલી ચટાઈ બીછાવેલી છે. તેના પર બેઠા છે: મૌલાના અબુલકલામ આઝાદ, રફી અહમદ કિડવાઈ, વિઠ્ઠલભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, રાજેન્દ્રપ્રસાદ, સરોજિની નાયડુ અને બીજાઓ. સામે છે સ્વર્ગીય પ્રકાશથી પ્રકાશિત વૃક્ષલતાથી વિસ્તૃત પ્રાંગણ. આંગણામાં એક બાજુ બે દૂધાળ બકરીઓ બાંધેલી છે. તેની પાસે એક ખૂણામાં કસ્તુરબા ગાંધી સાંજના નાસ્તા માટે ખજૂર અને કિસમિસ વીણીને તૈયાર કરી રહ્યાં છે.

સહસા પ્રવેશદ્વારની દેવડીમાંથી દુંદુભિ બજી ઊઠી. સર્વે ચકિત દૃષ્ટિએ પ્રવેશદ્વાર તરફ મીટ માંડી રહ્યા. 'કોણ આવ્યું? કોણ આવે છે? કઈ વિશિષ્ટ વ્યક્તિનું મૃત્યુનું થયું હશે!'

ત્યાં તો પંડિત જવાહરલાલ નેહરુ આવી ઊભા રહ્યા. ગાંધીજીને નમસ્તે કર્યા. હસતે મુખે ગાંધીજીએ ઊંચી નજર કરી, બોલ્યા: 'ઓહ તમે? તમેય ચાલ્યા આવ્યા?' નેહરુજી બોલ્યા: 'હા જી, આવવું પડયું.'

ગાંધીજીએ પૂછયું: 'વારુ, આવો, બેસો. ત્યાંના શા સમાચાર? બધું સાજું સમું છે ને?' પંડિતજી બોલ્યા: 'હા, આમ જુઓ તો બધું જ બરાબર છે પણ...' કહીને ચૂપ થઈ ગયા.

ગાંધીજી કહે 'તો પછી? કંઈ ધમાલબમાલ તો નથી ને દેશમાં? કોઈ કષ્ટ, કોઈ આપત્તિ-વિપત્તિ?' નેહરુ અપ્રસ્તુત ભાવે બોલ્યા: 'ના એવું તો કંઈ જ નથી. આ તો જરા દેવું વધારેપડતું થઈ ગયું છે.'

ગાંધીજી કાંતી રહ્યા હતા. મર્ત્યલોકના બધા જ સમાચાર ત્યાં કોઈ મરીને જાય ત્યારે જ પહોંચે. ત્યાં કંઈ છાપાં-અખબાર-વર્તમાનપત્રોના ઢગ ઓછા જ હોય છે? ગાંધીજીએ પૂછયું: 'દેવું?! તેં દેવું શા માટે કરવું પડયું? બ્રિટિશ રાજ્યમાં પણ આટલું દેવું તો નહોતું?'

વિવ્હળ ભાવે જવાહરલાલ બોલ્યા: 'બધાં મોટાંમોટાં પ્લાનિંગની પરિકલ્પનાને લીધે પ્રચંડ મકાનો, પ્રાસાદો, અટ્ટાલિકાઓ અને અનેક કારખાનાં બાંધવામાં ખૂબ દેવું થઈ ગયું; ને હજી તો વધી જ રહ્યું છે.'

ગાંધીજી સ્મિતમુખે તેમના પરમ પ્રિય શિષ્ય સામે જરાવાર તાકી રહ્યા. પછી બોલ્યા: 'અચ્છા; ભલે દેવું કર્યું, પણ લોકોને માટે અન્નવસ્ત્ર અને શિક્ષણની વ્યવસ્થા તો બરાબર કરી છે ને? સ્વાધીન ભારતનું આ પણ સ્વપ્ન, આપણી કામના!'

પંડિતજીએ અપ્રસ્તુત ભાવે જવાબ આપ્યો: 'ના, એ તો હજુ બરાબર કરી શકયો નથી. દેશને ઉન્નત કરવામાં ખૂબ જ ખર્ચ થઈ રહ્યો છે. બીજા બધા ધનિક, સમૃદ્ધ દેશની હરોળમાં, સમાન ભાવે ખડા રહેવાની કોશિશ કરતો હતો. અને તેથી—' ત્યાં તો ગાંધીજી કહે: 'એ તો ઠીક, પણ લોકોને અન્નવસ્ત્ર તો મળે છે કે નહિ?' પંડિતજી કહે: 'તે તો મને બરાબર ખબર નથી. તેની તો ફૂડ મિનિસ્ટરને ખબર.'

ગાંધીજીએ ચારે બાજુ નજર ફેરવી. અન્નમંત્રી—ફૂડ મિનિસ્ટરમાંથી તો હજુ કોઈ સ્વર્ગમાં આવ્યું નહોતું. અવશ્ય, રફી અહમદ કિડવાઈ હતા ખરા. પણ એ તો વહેલા આવી ગએલા. પંડિતજી કહે: 'અને મંત્રીઓની સંખ્યા પણ ખૂબ જ વધી ગઈ છે. રાજ્ય પણ અનેક થઈ ગયાં છે. અને એને લીધે ખર્ચો પણ ખૂબ જ વધી ગયો છે. અંગ્રેજ રાજ્યઅમલના વખતના આપના કહ્યા મુજબના પેલા પાંચસો રૂપરડીના પગારમાં તો આજ કોઈ મંત્રી કામ કરવા માગતા નથી. સ્ટૅન્ડર્ડ ઑવ લિવિંગ—જીવનધોરણ પણ ખૂબ જ ઊંચે ગયું છે ને?'

ગાંધીજી તો બિલકુલ ચૂપ! ઊંડા વિચારમાં પડી ગયા કે આ બધી ત્યાગની મોટી મોટી વાતો ફક્ત બ્રિટિશરોને ફોસલાવવા માટે જ હતી? એ શું સત્ય નહોતું? માથું નમાવી ક્યાંય સુધી એ ચૂપચાપ બેસી રહ્યા. આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.', થોડી વારે ફરી બોલ્યા! 'તો શું તમે ગરીબ લોકો માટે કશું જ કર્યું નહિ? અને શિક્ષણ? તે સરદાર, રાજેન્દ્રબાબુ, તમે બધા જ ઉચ્ચ પદવી પર હતા; તમે ય મારા મતનો, મારી વિચારધારાનો, કયારે ય વિચાર કર્યો નહિ? પહેલાં તો તમે બધા ગરીબોનો વિચાર કરતા હતા. જ્યારે સત્યાગ્રહી હતા ત્યારે!'

શિક્ષણ ને અન્નના પ્રશ્ને બધા જ નીરવ—ચૂપચાપ. તો ય વલ્લભભાઈ પટેલ જરા આગળ આવી બોલ્યા: 'પણ બાપુજી, હું તો દેશી રાજ્યોને નાબૂદ કરીને તરત જ સ્વર્ગમાં ચાલ્યો આવ્યો'તો. રાજેન્દ્રબાબુ તો તે પછી ઘણો સમય હતા.' એમણે પંડિતજીનું નામ ન લીધું.

ગાંધીજી: 'તો પછી દેશી રાજ્યની પ્રજાને જમીન-જાયદાદ કૈં મળ્યું ખરું? કે હજુ એનું પણ કંઈ નિરાકરણ નથી થયું?' બધા જ નતશિર-નીરવ!

પછી રાજેન્દ્રપ્રસાદ અપ્રતિભ ભાવે બોલ્યા: 'બાપુજી વિચાર્યું તો ઘણું ઘણું હતું, કે આ કરીશું, તે કરીશું; પણ વાઈસરૉય કે રાષ્ટ્રપતિને તો ખૂબ જ ભાષણો, પરદેશની આવજા, સૅલ્યુટ અને સલામી લેવાની-આવી બધી ભારે ઝંઝટ, અને કર્યા વિના છૂટકો નહિ. આ બધી કંઈ ઓછી માથાફોડ છે? એમાં દેશવિદેશનાં અતિથિઓ-મહેમાનોની આગતા-સ્વાગતા, ત્યાર પછી પોતાનાં સંતાન માટે પણ કંઇક તો કરવું જ જોઇએ ને? વૃદ્ધ વયે એ લોકોને પગભર કરવાના—કેટલા યે સેવકોને!'

ગાંધીજી: 'અને જવાહર તમે?' જવાહરલાલ વિવ્હળભાવે નીરવ.

'કેટલા કરોડનું દેવું છે? કોણ ચૂકવશે: કયારે ચૂકવશે આ નિરન્ન નિઃવસ્ત્ર ગરીબ દેશ?'

'એનો તો અર્થમંત્રી જ બરાબર જવાબ આપી શકશે. પણ એ તો હજુ મર્ત્યલોકમાં જ છે.'. ત્યાં તો અચાનક એમની નજરે પડયું કે ગાંધીજીની છાતી પરના પેલા ગોળીના જખમમાંથી ટીપું ટીપું લોહી ઝરતું હતું! એ જોઈ જવાહર ચિંતિત ભાવે બોલ્યા: 'બાપુજી! આ શું? તમારી છાતીનો પેલો ગોળીનો ઘા હજુ આટલે વર્ષે પણ રૂઝાયો નથી? ધન્વંતરીજી શું દવાપાણી નથી કરતા?' ગાંધીજી ચૂપ રહ્યા. પછી થોડી વારે બોલ્યા: 'આ ઘા પેલી ૧૯૪૮ની સાલની ગોળીનો નથી.'

બધાં જ અવાક. પછી સૌ એકીસાથે બોલી ઊઠયાં: 'તો પછી?'

ગાંધીજીએ જવાબ ન દીધો. સૌ ચૂપચાપ બેસી રહ્યાં.

દેવરાજ ઇન્દ્રને ખબર પડી એટલે તાબડતોબ ધન્વંતરી અને અશ્વિનીકુમારને મોકલ્યા ગાંધીજીએ તકલી બાજુ પર મૂકી ઢોલિયા પર લંબાવ્યું. ધન્વંતરી ને અશ્વિનીકુમારે ઘાની પરીક્ષા કરી. પછી અશ્વિનીકુમારે એ વિશલ્યકરણી અને અસ્થિસંચારણની વ્યવસ્થા કરી.

ધનવંતરી બોલ્યા: 'આ બે જખમ ખૂબ જ અંદરના, ભીતરના છે. ગોડસેની ગોળીના જખમ નથી. હું હમણાં જ દવા મોકલું છું.'

વૈદરાજ ચાલ્યા ગયા.

બધાં જ ચિન્તિત અને નીરવ. જવાહરલાલ ફરી બોલ્યા: 'આ શાના ઘા છે બાપુજી!' થોડીવાર ચૂપ રહી ગાંધીજી બોલ્યા: 'એક જખમ છે દેશના ભાગલાનો—વિભાજનનો, અને બીજો હું ચિરકાળ માટે મારા દેશવાસી બાંધવો પાસે મિથ્યાવાદી ઠર્યો એનો. એમને મેં કહ્યું'તું: "રામરાજ્ય થશે." એ જુઠાણાનો આ ઘા છે.'

બધાં જ નતશિર—સ્તબ્ધ. રક્ત ટીપુંટીપું કરી ઝરવા માંડયું. કસ્તુરબા જખમ લૂછતાં જાય, અને ફરી રક્ત ઝરવા માંડે. □

ગંગનાથ બંધ પડ્યું ને હું હિમાલય ભણી

કાકાસાહેબ કાલેલકરના જાહેરજીવનના પ્રારંભની લેખમાળા-૧૧

ગંગનાથ વિદ્યાલયમાં હું હતો જ કેટલા દિવસ? છતાં એ સંસ્થા ચલાવવામાં થએલા સરકાર સાથેના અનુભવોમાંથી કેટલાક અત્યંત દુઃખદાયક અને શરમભરેલા હતા. એ વખતની દેશની સ્થિતિની આજના જમાનાને કલ્પના પણ ન હોઈ શકે. અને વિદેશી રાજ્યની ગુલામીમાં રહેવાથી પ્રજા કેટલી પડી શકે છે એનો ખયાલ પણ કરવો સહેલો નથી. માટે જ ગંગનાથ બંધ કેમ થયું એ આખું પ્રકરણ થોડા વિસ્તારથી આપવાનો વિચાર છે.

અંગ્રેજ રાજ્યના એક રેસિડેન્ટ (પ્રતિનિધિ) વડોદરામાં રહી પોતાનું નિરીક્ષણ કરતા જ હતા અને રાજ્ય પર સીધું કે આડકતરુ દબાણ આણવાના બધા જ પ્રકારો અજમાવતા હતા. વડોદરાના રાજા સયાજીરાવનો ગુનો એટલો જ કે એ પોતાની સ્વતંત્રતા અને અધિકારો મક્કમપણે સાચવતા હતા. એમણે કોઈ પણ જાતના ગુનાને પ્રોત્સાહન આપ્યું ન હતું, મદદ કરી ન હતી કે સંતાડી રાખવાનો પ્રયત્ન પણ કર્યો ન હતો. પણ પોતાના રાજ્યમાં રહેલા લોકો અને ત્યાં ચાલતી સંસ્થાઓ પ્રત્યે અંગ્રેજ સરકાર વહેમાઈ છે એટલા ખાતર એમને પજવવા અને એમના નાગરિક-હકો દબાવવા એને માટે સયાજીરાવ તૈયાર ન હતા. એ પોતે ભારત-ભક્ત હતા અને આખા ભારતની પ્રજાનો આદર મેળવી શક્યા હતા. એની સામે તો અંગ્રેજ સરકાર વાંધો શી રીતે લઈ શકે? ભારત સરકારનું આખા દેશ પર સામ્રાજ્ય ખરું, પણ વડોદરાના રાજા પોતાના પ્રદેશના રાજા તો ખરા જ ને? એ કાંઈ બ્રિટિશ પ્રજા ન ગણાય.

એવામાં ઈ. ૧૯૧૧માં અંગ્રેજ સરકારે ઇંગ્લૅંડના સમ્રાટના રાજ્યારોહણનો ઉત્સવ ભારતમાં કરવા માટે દિલ્લીમાં એક દરબાર ગોઠવ્યો. એને માટે આખી દુનિયાનું ધ્યાન ખેંચાય એ જાતની ભારે તૈયારીઓ કરી. ભારતનાં અને વિલાયતનાં છાપાંઓમાં એનાં લાંબાં લાંબાં વર્ણનો આવે. એ જ વખતે સયાજીરાવને બદનામ કરવા ખાતર એક અત્યંત નીચ કેસ વિલાયતની કોર્ટમાં દાખલ થયો. ત્યાંના એક ત્રણ દમડીની કિંમતના અંગ્રેજે પોતાની પત્ની સામે કોર્ટમાં કેસ રજૂ કર્યો કે મારી પત્નીનો સયાજીરાવ સાથે અનીતિનો સંબંધ હતો! પત્નીએ એ ગુનો કબૂલ કર્યો, એટલે વિલાયતની કોર્ટે સયાજીરાવને લખી જણાવ્યું કે 'તમારી સામે આવો કેસ છે. તમે તમારો બચાવ કરી શકો છો. કોર્ટ તટસ્થપણે એનો ન્યાય કરશે.' દિલ્લી દરબારની તૈયારી ચાલતી હતી એ જ વખતે, ભારતના સર્વશ્રેષ્ઠ રાજાઓમાં પણ જેનું સ્થાન ઊંચું હતું, એની સામે એને બદનામ કરવા આવો કેસ ઊપજાવ્યો.

સયાજીરાવે સીધો જવાબ મોકલ્યો: 'મારી સામે કેસ ચલાવનાર તમે કોણ? હું કાંઈ બ્રિટિશ-પ્રજાજન નથી; એક સ્વતંત્ર રાજા છું. મારા પર કેસ ચલાવવાનો તમને કશો હક નથી.' વાત સાચી હતી. ઇંગ્લૅન્ડની કોઈ કોર્ટ જર્મની કે રશિયાના રાજાને પોતાની આગળ હાજર થવાની આજ્ઞા મોકલી શકત ખરી? સયાજીરાવનો જવાબ સજ્જડ હતો, એટલે એ કેસ પડતો મુકાયો. અને ખૂબી એ હતી કે ત્યાર પછી એ કેસમાં જેનું નામ હતું એ ગોરી પત્નીએ જાહેર કર્યું કે સયાજીરાવ સાથે મારો કશો સંબંધ હતો જ નહિ; ફક્ત એમને પજવવાની તક મળે એટલે અમે એ પ્રકરણ ઊભું કર્યું હતું. અમે પતિપત્ની પ્રસન્નપણે સાથે રહીએ છીએ.'

હવે આવી દિલ્લી દરબારની વાત. એમાં ભારતના સમ્રાટ તરીકે બધાની સલામ લેવા માટે ઇંગ્લૅંડનાં રાજારાણી અહીં આવ્યાં હતાં. એમાં પ્રથમ ભારતનું રાજ્ય ચલાવનાર વાઈસરૉયે સલામી ભરી. ત્યાર પછી બધા ગવર્નરો એક પછી એક આવીને સલામ ભરીને ગયા. એમના પછી ભારતના રાજાઓનો વારો આવ્યો. સૌથી મોટા તો દક્ષિણ હૈદરાબાદના નિઝામ. એમના પછી આવે વડોદરાના સયાજીરાવ, એમના પછી બાકીના રાજાઓ. અપેક્ષા એવી કે સલામ ભરનાર વ્યક્તિ સલામ કર્યા પછી બાદશાહ તરફ પીઠ ન કરે; એમના તરફ મોઢું રાખી પાછે પગલે ખસી જાય. સયાજીરાવને આ રીતે પાછા ફરતાં એક થાંભલા જેવું કંઈ દેખાયું, એટલે મૂંઝાયા. રસ્તો જોવા પીઠ ફેરવી ને પોતાને સ્થાને બેસી ગયા.

આના ઉપર મોટી હોહા થઈ. સયાજીરાવે ઇંગ્લંડનાં રાજારાણીને એક જ સલામ ભરી, રાણીને અલગ સલામ ન ભરી, અને બાદશાહ તરફ પીઠ કરી, આ ભારે અપમાન થયું, માટે એમને ગાદી પરથી ઉઠાડી મૂકવા જોઈએ એવી જાહેર ચર્ચા શરૂ થઈ. નામદાર ગોખલેએ સયાજીરાવને ચેતવ્યા. આમ આ આખું પ્રકરણ ચાલ્યું. એનો લાભ લઈ, સરકાર તરફથી કેશવરાવ દેશપાંડેને નોકરી પરથી દૂર કરવા અને એમણે ચલાવેલી રાષ્ટ્રીય સંસ્થા બંધ કરવી એવી સૂચનાઓ આવી. સયાજીરાવે કહ્યું કે કેશવરાવ દેશપાંડે મારા એક મહત્ત્વના અને વિશ્વાસપાત્ર અમલદાર છે. એમની સામે જે કાંઈ તહોમતનામું હોય તે મારી પાસે મોકલી દો. હું એક કમિશન નીમી એની તપાસ કરીશ.

તે વખતે વડોદરાના દીવાન તરીકે એક અંગ્રેજ મિ. સેડન કરીને હતા. તપાસ માટે જે કમિશન નિમાયું તેના એ અધ્યક્ષ હતા. એ હતા ન્યાયપ્રિય. કેશવરાવ સામેના બધા આરોપીઓની રીતસરની તપાસ થઈ અને આખા કમિશને કેશવરાવ નિર્દોષ હોવાનું સર્વાનુમતે જાહેર કર્યું. સેડનની આપણા લોકોમાં પ્રતિષ્ઠા વધી. પણ આટલાથી ભારતની અંગ્રેજ સરકારને સંતોષ ન થયો. એક બીજું કમિશન નિમાયું. દરમિયાન મિ. સેડનની દીવાન તરીકેની સેવાઓ ભારત સરકારે ખેંચી લઈ એને બીજું કામ સોંપ્યું અને એને સ્થાને એક નરમ દેશી દીવાન આવ્યો. કેશવરાવની ફરી તપાસ થઈ. એમાં સર્વાનુમતિથી નહિ, પણ કમિશનના સદસ્યોની બહુમતીથી કેશવરાવને નિર્દોષ ઠરાવ્યા. એટલે કેશવરાવને નોકરી પરથી તો દૂર કરી શકાય નહિ, પણ દીવાને પોતે એમને દોષિત ગણ્યા એટલા ખાતર એમને કલેક્ટરની જગ્યામાંથી ખસેડી પ્રતિષ્ઠામાં જરાયે ઊતરતી નહિ એવી ન્યાયાધીશની જગ્યાએ નીમ્યા.

કેશવરાવ આખી પરિસ્થિતિ સમજી ગયા અને એમણે વડોદરા રાજ્યની નોકરીમાંથી રાજીનામું આપ્યું. સયાજીરાવને એ સ્વીકાર્યા વગર છૂટકો જ ન હતો. એમણે કેશવરાવને પેન્શન આપવાને બદલે દસ હજાર રૂપિયાની ગ્રૅચ્યુઈટી–પારિતોષિક આપ્યું.

એકાદ ઘર ભાડે લઈને વડોદરામાં જ રહેવાનો કેશવરાવનો વિચાર હતો. પણ લોકો એટલા ગભરાએલા કે એમને કોઈ ઘર ભાડે મળે નહિ! એકાદ ઘર ખરીદવાનો વિચાર કર્યો: એવું પણ ન મળ્યું. એટલે વડોદરાથી ચારેક માઈલ પર એક ગામડામાં થોડી જમીન અને એક જૂની ઝૂંપડી ખરીદીને એને ઠીકઠાક કરીને ત્યાં તેઓ રહેવા ચાલ્યા ગયા.

હવે આવ્યો ગંગનાથનો સવાલ. અમારી સંસ્થાના ઘણાખરા ડાયરેક્ટરો વડોદરા રાજ્યના અમલદારો હતા. એમણે વિચાર કર્યો કે સંસ્થા બંધ કરવાનો હુકમ આવે તે પહેલાં આપણે જ એ બંધ કરીએ તેમાં ડહાપણ છે. મને એની ચીડ ચઢી. સંસ્થા જનતાના આશ્રય ઉપર ચાલેલી. એણે તો કશો ગુનો કર્યો ન હતો. જ્યારથી સંસ્થાનો અધિકાર મારા હાથમાં આવ્યો હતો ત્યારથી પોલીસ ખાતાને જેમને વિષે શંકા હોય એવા લોકોનો અમારી સંસ્થા સાથે સંબંધ મેં આવવા દીધો ન હતો. અમારા

છોકરાઓ સરકારી નોકરી શોધવાના ન હતા, કે ન કોઈ સરકારી પરીક્ષામાં બેસવાના હતા. સંસ્થા શા માટે બંધ થાય? મેં કહ્યું: ડાયરેક્ટરો ચાહે તો તેઓ ભલે સ્થાનનું રાજીનામું આપે અને સંસ્થામાંથી નીકળી જાય; અમે શિક્ષકો અને વિદ્યાર્થીઓ અમારી હિંમતથી શાળા ચલાવીશું. ડાયરેક્ટરોએ મને જવાબ આપ્યો: 'સંસ્થા રીતસર બંધ કરીને એનાં નાણાં બીજા કામમાં સોંપ્યા વગર સરકારને વિશ્વાસ બેસવાનો નથી કે અમે સંસ્થા છોડી છે. સરકાર માનશે કે બહારથી અમે ભલે રાજીનામું આપ્યું. પણ અંદરખાનેથી મદદ કરી સંસ્થા ચલાવીએ છીએ.' મેં કહ્યું: 'સંસ્થાના ફંડનો, પુસ્તકાલયનો અને ખુરશી-ટેબલ આદિનો મને મોહ નથી. એ બધું તમે લઇ જાઓ. ફક્ત સંસ્થાનું નામ કાયમ રાખી વિદ્યાર્થીઓને સાચવીને ભણાવીશું.' પેલા ડાહ્યા લોકોએ મને સમજાવવાનો પ્રયત્ન કર્યો: 'આ રીતે તો તમે કેશવરાવને જ વધુ મુશ્કેલીમાં નાખશો. તમને ખયાલ નથી કે અમારા ઉપર અને વડોદરા રાજ્ય ઉપર કેવડું મોટું સંકટ આવ્યું છે.'

કેશવરાવ પોતે ગભરાયા ન હતા. નોકરી ગયાની એમને ગ્લાનિ ન હતી. એમણે અને માધવરાવ જાધવે નક્કી કર્યું કે સંસ્થાના જે નાનકડા મકાનમાં હું રહેતો હતો તે મકાન ગંગનાથ વતી મને ભેટ આપી દેવું. જેથી ત્યાં રહીને મને ઠીક લાગે તે જાહેર કામ હું કરી શકું. હું મક્કમ છું એની એ બન્નેને કદર હતી. પણ એ પછીની વાતો ગ્લાનિ ઉપજાવે એવી હતી.

અમારા વિદ્યાર્થીઓમાંથી કેટલાકને હવે આગળ ભણવા માટે સરકારી સંસ્થાઓમાં દાખલ થવાનું હતું. તેઓ ગંગનાથમાં રહેવા તૈયાર ન હતા. 'એવા વિદ્યાર્થીઓને સરકારી નિશાળમાં લઈ શકશો?'—એવી તપાસ અથવા પ્રાર્થના કરવા માટે રાજ્યના વિદ્યાધિકારી પાસે હું ગયો. એમણે મને સંભળાવ્યું: 'આ વિદ્યાર્થીઓની બાબતમાં તમે તમારી સંસ્થા વતી પૂછવા આવ્યા છો, એટલે તમારી સાથે ચર્ચા કરવા હું તૈયાર નથી. દરેક વિદ્યાર્થી વ્યક્તિશઃ અરજી કરે તો દરેક અરજીનો સ્વતંત્ર વિચાર થશે.'

સંસ્થાના શિક્ષકોમાંથી બે જણને તો હું પોતે મારા આદરણીય સાથી તરીકે બેલગામથી લઈ આવ્યો હતો. એમાંથી ગુણાજી સાથેનો સંસ્થાનો લેખી કરાર હતો. એ પ્રમાણે એમણે આખા વર્ષનો પગાર માગ્યો ને એ પ્રમાણે નાણાં લઇ તે બેલગામ ચાલ્યા ગયા. એનું મને આશ્ચર્ય ન થયું. પણ આધ્યાત્મિકમાર્ગી કામત પણ પાછા જવા તૈયાર થયા એનો મને ભારે આઘાત થયો. વિદ્યાર્થીઓને યોગાસનો શીખવવા યોગીરાજ કડકડેને પણ હું જ લઈ આવ્યો હતો. તેઓ હવે મને જોઈતા ન હતા. પણ જે ઢબે એ નીકળી જવા તૈયાર થયા એ તો શોભે એવું ન હતું. ફક્ત અનંત બુવા ગમે તે શરતે મારી સાથે રહેવા તૈયાર થઇ ગયા. જૂના શિક્ષકોમાંથી પીઢ અને પ્રતિષ્ઠિત એવા બાપુરાવ વાઈકર આ રીતે છોડીને ન જાત; પણ સંસ્થા ઉપર આવું કાંઇ પણ સંકટ આવે તે પહેલાં જ પોતાની આર્થિક સ્થિતિ સુધારવાના હેતુથી તેમણે સંસ્થા છોડી હતી અને દેશપાંડેસાહેબની મદદ લઈ તેઓ અન્યત્ર નોકરીએ ચડયા હતા. બાકીના શિક્ષકોમાંથી કોઈ પણ મારી સાથે રહેવા તૈયાર થયા નહિ.

આ રીતે શિક્ષકોએ મને અપંગ બનાવ્યો. છતાં હું હિંમત ન હાર્યો. મેં વિદ્યાર્થીઓને કહ્યું: 'આજ આપણી કસોટીનો વખત છે. હવે પત્નીને ને દીકરાને લઇ અહીં નહિ રહી શકું. એટલે કાશીને અને શંકરને પીઅર પહોંચાડી હું તરત પાછો આવું છું. પછી તમે છો અને હું છું. આપણે સાથે રહીશું. મુષ્ટિફંડ—ભિક્ષા માગીશું, એમાંથી આપણું પેટ ભરાશે. મુષ્ટિ અનાજ આપનાર આ ગરીબ લોકો જ પૂર્ણ શ્રદ્ધાવાળા છે. એ જ આપણી કામધેનુ છે. એમને આધારે ટકયા પછી, ગમે ત્યાંથી રાષ્ટ્રીય શિક્ષણ માટે મદદ મેળવવાની મને હિંમત છે. તમે કશી ચિંતા કરશો મા.'

બધા વિદ્યાર્થીઓ વતી એકે ટૂંકામાં જવાબ આપ્યો: 'સરકાર આપણા પર નારાજ થઈ છે; સરકારના ગુસ્સાની અમને બીક લાગે છે.' મેં વિદ્યાર્થીઓને કહ્યું: 'સરકાર ભલે આપણા પ્રત્યે ખફા હોય. એ આપણને શું કરી શકે એમ છે? આપણે થોડા જ એમના ઓશિયાળા છીએ?'

કેટલાક વિદ્યાર્થીઓ તો ગંગનાથમાં આવ્યા ત્યારે જ સાવ અનાથ હતા. ઘેરથી કશું આણી શકતા ન હતા. એમનો ભણતર ઉપરાંત અન્નવસ્ત્રનો બોજો પણ સંસ્થા જ આપતી હતી. પણ એવા અનાથ વિદ્યાર્થીઓના પણ દૂરના સગા કારકુનના હોદ્દા ઉપર હોવાથી સરકારના આશ્રિત હતા.

ઊજળિયાત વર્ગની આવી હીનતા ને પામરતા જોઈ ને હું શરમાયો. ફંડ ભલે ન હોય, ડાયરેક્ટરો ભલે છોડી જાય. શિક્ષકોની સંખ્યા ભલે ઘટે, છતાં મારા વિદ્યાર્થીઓને જોરે સંસ્થા ચલાવવા અને વધારવાની મારી હિંમત હતી. પણ જ્યારે મેં જોયું કે એક પણ વિદ્યાર્થી રહેવા તૈયાર નથી ત્યારે હું હાર્યો. જે વિદ્યાર્થીને કશું કરતાં કશું જ ખોવાપણું હતું નહોતું એ પણ મારી સાથે રહેવા તૈયાર નથી એ જોઇને હું નાસિપાસ થયો.

લઘુકથા

કુંજડી

રાજેન્દ્રસિંહ રાયજાદા

અમરત હૉસ્પિટલમાં આવી એને ત્રણ દિવસ થઈ ગયા. તેનો પતિ ગૂંદાના ઝાડ પરથી પડી ગયો હતો. પગના હાડકામાં તૂટ થઈ હતી અને મૂઢ માર લાગ્યો હતો. અમરત એને ગામથી અહીં શહેરની હૉસ્પિટલમાં લઈ આવી હતી. હવે તો એના વરને ઘણો આરામ હતો. પણ આ ત્રણ દિવસમાં આજુબાજુના દરદીઓની પણ સેવા-ચાકરી કરવાથી મીઠાબોલી અમરત બધાંની માનીતી થઈ ગઈ હતી.

અમરતનો છૂંદણાં ભરેલો હાથ જોઈ ને નવરાશની પળોમાં સુમિત્રાએ પૂછ્યું: 'આ આટલાં બધાં છૂંદણાં તમે નાનાં હતાં ત્યારે કઢાવેલાં?'

'હા બે'ન, અમારા વરણમાં તો છોડી દહ બાર વરહની થાય એટલે સૂંદણાં સુંદાવે જ.' કહી પોતાના બેય હાથ લાંબા કરી સુમિત્રાને બતાવ્યા. હાથ ઉપર ફૂલ, પાંદડી, લાડુ, ટીપકી, સાંકળી, સાથિયા, ચાંદો-સૂરજ તો ખરાં જ, પણ ગળે અને પગે પણ એટલું જ ચિતરામણ હતું. એમાં એક હાથ ઉપર પાણીના નાના કુંડામાંથી પાણી પીતાં બે પક્ષીઓ જોઈ સુમિત્રા બોલી; 'આ શું કામ ચિતરાવ્યાં?'

'અરે બે'ન! આ જલમમાં તરસ્યાંને પાણી પાવા જેટલું એકેય પૂંન નથ્ય.' છોડ ઉપર ફૂલ ઊગે એટલી સહજતાથી તેના મોંમાંથી શબ્દો સરી પડયા. પોતાના હાથ સામે જોતાં અમરતે કહ્યું: 'પાંત્રીહ વરહ થ્યાં, હશ્યે આને. તંઈ હું બાર વરહની. અમારા ફળિયામાં તેવતેવડી સોડિયું સૂંદણાં કઢાવે. મેં ય કઢાવ્યાં. મેં ય ત્રોફાવાવાળાને કીધું કે મને કુંજડી સીતરી દે. એણે આ બે કુંજડિયું કુંડામાં પાણી પીતી હોય ઈવી સીતરી દીધિયું. મેં ક'યું કે આ હું? તંયે ઈ કે બેન, તરસ્યાંને પાણી પાવા જેટલું એકેય પૂંન નૈં.' સુમિત્રા ગામડાની નરી સુંદરતા ને સરળતા નીરખી રહી.

સવારે મોટર-અકસ્માતનો ભોગ બનેલો એક વૃદ્ધ આવ્યો હતો. છાતી અને માથામાં ખૂબ વાગ્યું હતું. કેસ ગંભીર હતો. બાજુના ઓરડામાં તેને લાવ્યા ત્યારે અમરત તેની ખબર કાઢતી આવી.

સાંજે અમરતના વરને રજા મળવાની હતી. બધાં દરદીઓ કંઈક આનંદ ને ગમગીનીભર્યા ચહેરે અમરત સાથે વાતો કરતાં હતાં. અમરત પેલા વૃદ્ધની ત્રણ ચાર વખત ખબર કાઢી આવી હતી. હવે તેને સારું હતું.

સાંજે એ છેલ્લી વાર મળવા ગઈ. વૃદ્ધને આશ્વાસન આપ્યું. પવન નાખ્યો. વૃદ્ધે પાણી માગ્યું. અમરત પ્યાલો ભરીને ધીમેધીમે પાવા માંડી. પાણી પાતાં પાતાં જ તેણે કહ્યું: 'તમીં હવે સાજા થૈ જાહો. કાંઈ ફકર નો કરતા. અમને તો હવે અટાણે રજા આપી છે તે.'

—ને ભૂતકાળને ખોતરતી વૃદ્ધની ઝીણી આંખો અમરતના હાથ ઉપર પાણી પીતી બે કુંજડીઓ પર ચોંટી રહી. □

સ્વામી રામતીર્થે પોતાના લખાણમાં એક અંગ્રેજી કવિતા ટાંકી હતી, જેનું મરાઠી કરી મેં એક માસિકમાં આપ્યું હતું એ કવિતા મને યાદ આવી:

વદતિ લોક અકિંચન પોર હા
જવળિ ત્યા ન કપર્દિક હી પહા.
પરિતયાસ કુણી કથિલે 'મુલા,
ફિરતિ ચોર સદા લુટણ્યા તુલા'
ભિકનિ પોર ફિરે વનિં કાનનીં.

એ છોકરા પાસે ખોવા જેવું કશું ન હતું. પણ ભારતીય જનતાનો 'સ્વધર્મ' છોડાય નહિ એ શ્રદ્ધાથી આ છોકરાઓ નિષ્કામ ભય ધારણ કરીને બેઠા હતા. (અર્થાત્ એ વિદ્યાર્થીઓની બીક પાછળ એમના નામના પાલકોની જ બીક હતી.)

અંતર્મુખ થઇને મારી આ નિરાશા સામે હું ખૂબ લડયો. અંતે સૂઝ્યું કે દુન્યવી પ્રવૃત્તિઓ છોડી દઇને અધ્યાત્મ-સાધના માટે હિમાલયવાસી થવાનો મારો જૂનો સંકલ્પ બર આવે એવી જ ભગવાનની ઇચ્છા દેખાય છે. નહિ તો આમ ચારે બાજુથી નિરાશાની મદદ મને ન મળત!

મેં કેશવરાવ દેશપાંડે પાસે જઈ મારી પરિસ્થિતિ રજૂ કરી અને હિમાલય જવાના મારા સંકલ્પ માટે મેં એમના આશીર્વાદ માગ્યા. પહેલી જ વાર મારી આંખમાંથી આંસુ સરી પડયાં. તેમણે કહ્યું: 'તમારો સંકલ્પ શુભ છે. આવનાર મુશ્કેલીઓથી ટેવાઇ જશો. અકળાવાનું કારણ નથી.' મેં કહ્યું: 'તકલીફ અને મુશ્કેલીની બીક મને હોત તો હિમાલય જવાનો સંકલ્પ જ કર્યો ન હોત. સંકલ્પ મેં વ્યવહારુ દુનિયા છોડવાનો કર્યો છે. એની લિજ્જત હું જાણું છું. પણ રાષ્ટ્રીય કેળવણીના જે અનેક પ્રયોગો મેં કર્યા તેનો આવો અંત થયો એનું જ મને દુઃખ છે.' અને દેશપાંડેસાહેબના આશીર્વાદ લઈ હું ત્યાંથી વિદાય થયો.

મારો હિમાલયવાસી થવાનો સંકલ્પ ફક્ત અનંતબુવા જાણતા હતા. કાકીને મેં એટલું જ કહ્યું: 'સુવાવડ માટે તને પીઅર મોકલવાનું હતું જ. તને ત્યાં મૂકી મારા પિતાશ્રીનાં અસ્થિ પ્રયાગ લઈ જઈ ત્રિવેણીસંગમમાં અર્પણ કરવાં છે. પ્રયાગથી બનારસ અને ગયા જઈ, બંને ઠેકાણે પિતાનું શ્રાદ્ધ કરી ત્રિસ્થળીની યાત્રા પૂરી કરવી છે. ત્યાર બાદ થોડું ફરી યથાકાળે હું પાછો આવીશ.' મારા મનમાં ચોરી હતી તે 'યથાકાળે' એ શબ્દોમાં મેં સમાવી હતી.

કાકી, શંકર અને બુવા, અને એક વિદ્યાર્થીને સાથે લઈ હું વતન શાહપુર પહોંચ્યો. ગંગનાથ બંધ થયાની વાત સગાંવહાલાં જાણતાં જ હતાં. મારા સસરા અને એમના સસરા મને હમેશાં કહેતા હતા કે 'તમે આમ લાચાર જેવા શા માટે રહો છો? અર્ધા એલએલ.બી. તો થયા જ છો. હજી તમારી ઉંમર થઈ નથી. પૂરા એલએલ. બી. થઈને વકીલાત કરો. ભગવાને ઉત્તમ બુદ્ધિ આપી છે. ખૂબ કમાશો. જે કાંઈ કમાશો એમાંથી અરધા પૈસા રાષ્ટ્રકાર્યમાં ખર્ચજો; અમે ના પાડવાના નથી.'

આવી દલીલો મેં અનેક વાર સાંભળી હતી. મારી બાજુ હું એમને સમજાવતો હતો. આ વખતે વિચાર કર્યો કે આ લોકો કશું સમજવાને તૈયાર નથી. કાયમને માટે જઈએ છીએ એટલી એક વાત સંતાડીએ તો વાંધો શો? મેં કહ્યું: 'જુવાનીમાં આદર્શવાદનું ગાંડપણ મન પર સવાર થાય છે. એટલે મેં દેશસેવાનો રસ્તો લીધો. હવે અનુભવે વ્યવહાર સમજતો થયો છું.' પછી મેં કહ્યું: 'અહીંથી ગોવા જઈશ. ત્યાં કુલદેવતા મંગેશ મહારુદ્રની પૂજા કરી, પ્રયાગ જઈશ. ત્યાં પિતાનાં અસ્થિ ગંગાર્પણ કરીને, બીજે જઇને યાત્રા પૂરી કરીને પાછો આવીશ.'

મારા ભાઈ નાનાને મેં એટલું જ કહ્યું: 'હું જલદી પાછો આવવાનો નથી. કાકી પીઅર રહેશે, એટલે એની પણ ચિંતા નથી. પણ બેળગુંદીમાં અમારે નામે જે ખેતર છે એનું ફળપત્ર ખેડૂત પાસેથી મેળવી મારા સસરાને ત્યાં પહોંચાડતો રહેજે, જેથી કોઈ કહે નહિ કે પોતે યાત્રાએ ગયા અને પત્ની અને દીકરાંના ભાર સસરાને માથે મૂકયો છે.

આવી રીતે રાષ્ટ્રીય શિક્ષણ, વિદેશી રાજ્યની ગુલામીનો વિરોધ, ગૃહસ્થાશ્રમનું જીવન, બધાંનો અંત આવ્યો, અને કેવળ પરમાત્માને શરણ જઈ 'ભાવિ જીવનની પ્રેરણા' એના ઉપર જ છોડી, ભારતની પ્રજાનું અંતિમ શરણ જે હિમાલય, તેના વાતાવરણમાં જીવન પૂરું કરવાનો સંકલ્પ લઈ ઊપડયો. અહીં જીવનનું એક પ્રકરણ બધી રીતે પૂરું થાય છે.

પણ એક જ વસ્તુ જે દુન્યવી હોવા છતાં, મને છોડી શકની ન હતી તેનો ઉલ્લેખ અહીં કર્યા વગર ચાલે નહિ, કેમ કે એ જ એક સંકલ્પ મને બાકીનું જીવન પૂરું કરવા પાછો લઈ આવ્યો. એ સંકલ્પ હતો 'ભારતમાતાની સ્વતંત્રતાનો.' ભારતમાતાને ગુલામીમાંથી મુક્તિ ન મળે ત્યાં સુધી મને પોતાને મોક્ષ મળે તો યે મારે એ માણવો ન હતો. □

અંગ્રેજી સાહિત્યનું આચમન (અનુ. પૃ. ૧૬થી) તેણે તેમાં સંગીતનું વિપુલ તત્ત્વ ખર્ચી દીધું છે. ભવ્યતાની દૃષ્ટિએ તેની સર્વ કૃતિઓ કરતાં તે ચડિયાતી બની રહે છે. એમાં સૂર્યના ઉદયથી આરંભીને યુવતી મોડી રાત્રે તેના બાહુપાશમાં આવી તે આખા સમયગાળાનું રંગીન ચિત્ર તેણે આલેખ્યું છે. વિવેચક લગવીએ આ કૃતિની અતિ પ્રશંસા કરી તેને અંગ્રેજી સાહિત્યના નવજાગ્રતિકાળનું સંપૂર્ણ ઊર્મિકાવ્ય ગણ્યું છે. વિવેચક ડેવીડ ડેચીઝ પણ તેને સ્પેન્સરની સિદ્ધિ રૂપ ગણ્યું છે. સ્પેન્સરની ચિત્રાત્મકતાનું સામર્થ્ય અહીં પૂર્ણ કળાએ ખીલ્યું છે. કન્યાનું આગમન થાય છે તેનું એ ચિત્તમાં અંકિત થઈ રહે તેવું ચિત્ર આપે છે:

Her long loose yellow lochs like golden wire;
Sprinkled with pearl, and pearling flowers atween,
Do like a golden mantle her attire
And being crowned with a garland green,
Seem like some maiden queen.

રાત્રિની મિલનવેળા ઝટ આવતી નથી, સમય બહુ ધીમે વીતે છે અને અધીરો પ્રેમી અકળામણના ઉદ્‌ગાર કાઢે છે:

How slowly does sad time his feathers move!
Haste thee, O fairest planet, to thy home.

બીજી એક કૃતિ 'પ્રોથેલેમીઅન' (Prothalamion) પણ લગ્નના સ્તોત્ર જેવી જ છે. કલ્પનોથી સમૃદ્ધ હોવા છતાં અગાઉની 'એપીથેલેમીઅન' જેવી કક્ષા તેમાં જળવાઈ નથી. વોર્સ્ટરના ઉમરાવની બે દીકરીઓનાં લગ્ન નિમિત્તે તે રચાઈ હતી. એ સ્તોત્રમાં બંને કન્યાઓને જે ભાવભરી શુભાશિષ છે તેનું આલેખન ભવ્ય છે—ડેવીડ ડેચીઝને તો એ વર્ણન અંગ્રેજી કવિતામાં અદ્વિતીય લાગ્યું છે. સ્તોત્રનું અંતિમ ધ્રુવપદ પણ સંગીતમય પદાવલિનો સરસ નમૂનો છે:

Sweet thames; run softly till I end my song.

ઈ. ૧૫૯૮માં સ્પેન્સરને કૉર્ક નગરનો શેરીફ બનાવવામાં આવ્યો એ વર્ષમાં ટાયરને બળવો કર્યો. ક્લિકોમનના કિલ્લાને આગ ચાંપવામાં આવી અને સ્પેન્સર મહામુસીબતે તેમાંથી ઊગરી શક્યો.

૧૫૯૯ની ૧૬મી જાન્યુઆરીએ વેસ્ટમિન્સ્ટરમાં તેનું અવસાન થયું. લોકવાયકા પ્રમાણે અંતિમ સમયે તેની દરિદ્રતા દયાજનક હતી—રોટલાના પણ સાંસા હતા. જૉન્સને નોંધ્યું છે કે લોર્ડ એસેક્સે (Lord Essex) તેને થોડીક રકમ મોકલી, પણ સ્પેન્સરે તે સાભાર પરત કરી. એ રકમ ખર્ચવા જેટલો પણ હવે તેને સમય રહ્યો ન હતો! (ચાલુ)

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ ત્રીજો: ૫ · નવજાગ્રતિની વસંત

સ્તોત્રો અને કટાક્ષો

સ્પેન્સરે 'ફેઈરી ક્વીન' રચવાનો આરંભ કર્યો તે પૂર્વે થોડીક છૂટીછવાઈ રચનાઓ કરી હતી; જો કે તેમનું પ્રકાશન 'ફેઈરી ક્વીન' પછી થયું હતું. આ બધી રચનાઓમાં પણ સ્પેન્સરની કોઈ ને કોઈ લાક્ષણિકતા તો છે જ. તેની The hyms-સ્તોત્રો-(ઈ.૧૫૯૬)નામની રચનામાં તેણે પ્રેમ અને સૌંદર્ય વિષે પોતાની ફિલસૂફી પ્રગટ કરી છે. સ્પેન્સરે પાર્થિવ સૌંદર્યમાં-ખાસ કરીને સ્ત્રીના સૌંદર્યમાં દિવ્યતાનું પ્રતિબિંબ નિહાળેલું. એ સૌંદર્યને જ તેણે પ્રેમનું પ્રેરક બળ માનેલું. આ સ્તોત્રોમાં પ્લેટોની ફિલસૂફીની અસર સ્પષ્ટ છે. પ્લેટોએ પ્રેમ અને સૌંદર્યને એકરૂપ ગણેલાં. સ્પેન્સર પ્રેમ વિષેના એક સ્તોત્રમાં કહે છે:

For Love is lord of truth and loyalty
Lifting himself out of the lowly dust
In golden plumes up to the purest sky
Above the reach of loathy, sinful lust.

પ્રેમ એ તો સત્ય અને વફાદારીનો સ્વામી છે. ભૌતિક આકર્ષણથી તે ખૂબ ઊંચે વસે છે.

આ સ્તોત્રો પૂર્વે તેનો એક કાવ્યસંગ્રહ 'Complaints' નામથી (ઈ. ૧૫૯૧) પ્રગટ થયો હતો, જેમાં મોટે ભાગે સમાજના મિથ્યાચારો પર ટીકા-કટાક્ષ છે. એ સંગ્રહમાં એક કૃતિ 'The Ruins of Time' લેસ્ટરના ઉમરાવના, ફિલિપ સિડનીના અને સર ફ્રાન્સિસ વૉલ્સિંગહામના મૃત્યુ વિષે કરુણ પ્રશસ્તિ રૂપે રચાઈ છે. સાથે કવિતા અમરત્વ અર્પી શકે છે એ ભાવના તેણે વ્યક્ત કરી છે.

'The Tears of Muses'માં કલાના વિનિપાત અંગે વિલાપ અને સમકાલીન સમાજનાં અનિષ્ટ પર પ્રહાર છે. આમાં કશી નવીનતાની ચમક નથી. સંગ્રહની અત્યંત રસપ્રદ કૃતિ તો Mother Hubbard's Tale' નામની છે. ચૉસરની છટાથી પ્રાસયુક્ત પંક્તિઓમાં તેણે તત્કાલીન સમાજમાં વ્યાપક ભ્રષ્ટાચાર પર આ પ્રાણીકથા દ્વારા ટીકા-પ્રહાર કર્યા છે. સ્પેન્સર એના સમગ્ર જીવન દરમ્યાન તેના જમાનાના પ્રચલિત સમાજ-વહેવારોનો કડક આલોચક રહ્યો હતો. દંભ અને મિથ્યાચારથી ત્રાસેલા સ્પેન્સરે વક્ર વાણીમાં સમાજની ખામીઓ પ્રગટ કરી. સ્પેન્સરને વર્તમાન સમાજ અનિષ્ટ જ ભાસ્યો. તેના ચિત્તનો વિસામો તો અતીતમાં —સુવર્ણયુગમાં હતો. તે રાજ્યમાં અને સમાજમાં કવિનો મહિમા ઝંખતો હતો. પરંતુ સર વૉલ્ટર રૅલેની સલાહથી તે એલિઝાબેથના દરબારમાં આવ્યો. એલિઝાબેથ તેની સુપેરે કદર કરે તેમાં એક ઉમરાવ બર્લે (Lord Burleigh)એ અવરોધ ઊભો કર્યો. આ પ્રાણીકથામાં શિયાળના પરિવેશમાં એ ઉમરાવ બર્લે જ છે. શિયાળ અને વાંદરો બંને એલિઝાબેથના રાજ્યમાં ચર્યા કરવા નીકળે છે, પાદરી સાથે મુલાકાત કરે છે, રાજ્યદરબારમાં જાય છે, એક સિંહ (રાણી એલિઝાબેથ) સૂતો હોય છે તેનો મુકુટ તેઓ ઉઠાવે છે. વાનર રાજા અને શિયાળ તેનો મુખ્ય પ્રધાન બની જાય છે, અને સિંહ જાગે ત્યાં સુધીના કાળમાં તેઓ પ્રજા પર પાશવી જુલમ ગુજારે છે. એમાં હાસ્ય નથી, પણ તીવ્ર કટાક્ષ છે. પશુકથાની બધી લાક્ષણિકતાઓ તેમાં છે, અને સ્પેન્સર સમકાલીન સમાજનું વેધક નિરીક્ષણ કરીને કેવી સમર્થ કટાક્ષ-કૃતિ રચી શકે છે તેનો એ નમૂનો છે.

એક બીજી એવી Mock-heroic ગણાય તેવી કૃતિ 'ધી ફેઈટ ઑવ બટરફ્લાય' નામની છે. એમાં પુષ્પે પુષ્પે પરાગ લૂંટતા, સૌન્દર્ય માણતા પતંગિયાના પ્રતીક દ્વારા કવિને ને સંતાઈને જાળ પાથરી બેઠેલા કરોળિયા દ્વારા કલા-સાહિત્યના શત્રુને નિરૂપ્યો છે. સૌંદર્યધારા પીનારો કવિ અંતે કલાશત્રુની દુષ્ટતાનો ભોગ બને છે. સ્પેન્સરની પ્રતિભાની સહેજે પ્રતીતિ કરાવે તેવી આ કૃતિ છે. સ્પેન્સરની એક બીજી ગ્રામપ્રદેશની ભૂમિકાવાળી કૃતિ 'Colin Clout's Come Home Againe' નામે છે. ઈ. ૧૫૯૫-માં પ્રસિદ્ધ થએલી આ દૃષ્ટિમાં કવિની આત્મકથાના અંશો છે. ઈ. ૧૫૮૯-૯૦માં તેણે રૅલે સાથે લંડનની મુલાકાત લીધેલી તે સમયના એ સ્થાનના પ્રતિભાવ તેમાં છે. રાણી એલિઝાબેથે તેનો સત્કાર કર્યો તેનો આનંદ એક તરફ અને એક ઉમરાવ આ સત્કારમાં અવરોધ બન્યો તેની ચીડ બીજી તરફ—એમ બે વૃત્તિ તેમાં વરતાય છે. સર ફિલિપ સિડનીના મૃત્યુ નિમિત્તે ગ્રામપ્રદેશની ભૂમિકા પર તેણે 'એસ્ટ્રોફીલ' (Astropbel) શીર્ષકથી એક કરુણ પ્રશસ્તિ રચી તેનો પણ અહીં નિર્દેશ કરવો ઘટે.

સ્પેન્સર ૧૫૯૧માં ઇંગ્લૅન્ડથી આયર્લૅન્ડ પાછો ફર્યો તે પછી એલિઝાબેથ બૉઈલ નામની અંગ્રેજ કન્યાનું તેને કામણ લાગ્યું. સ્પેન્સરે એનો પ્રેમ પ્રાપ્ત કરવામાં આશા-નિરાશાના પલટાનો જે અનુભવ કર્યો તેનાં રમણીય ચિત્રો અને ઊર્મિસભર ઉદ્બોધન 'અમોરેટી' (Amoretti) સૉનેટમાળામાં અને તેના અનુસંધાનમાં રચાએલી 'એપીથેલેમીઅન' (Epithalamion)માં છે. સ્પેન્સરના સંવનનનો પંથ સરળ ન હતો. યુવતી માનિની હતી અને તેના વડીલોને પણ તેને માટે મહત્ત્વાકાંક્ષાઓ હતી. સ્પેન્સરે વારંવાર અનુત્તર છતાં પ્રેમનાં ઉદ્બોધનો ચાલુ રાખ્યાં. યુવતીએ તેનો પ્રેમ સ્વીકાર્યો—જ્યારે તેણે સાવ આશા મેલી દીધી ત્યારે—એ ઘટનાનું સ્મરણીય ચિત્ર 'અમોરેટી'ના ૬૭મા સૉનેટમાં છે: શિકારી મૃગયા માટે નીકળ્યો છે, શિકાર—મૃગલું હાથમાંથી છટકી ગયું છે. શિકારી થાકીને કોઈ શીતલ છાયામાં તેના હાંફતા કૂતરા સાથે બેસે છે ત્યાં નાજુક મૃગલું પાસેના ઝરણામાં પોતાની તૃષા છિપાવવા આવે છે. શિકારીને નમણી નજરે નીરખી રહે છે. નાસી જવા હવે તે ઉત્સુક નથી. સ્વેચ્છાએ તે નજીક આવે છે ને બંધન સ્વીકારે છે. શિકારીને આશ્ચર્ય થાય છે.

Strange thing me seem'd, to see a beast so wild
So goodly won, with her own will beguil'd.

કશા રૂપકનો આશ્રય લીધા વિના પ્રેમ અને સીધાં પ્રત્યક્ષ ઉદ્બોધનો કરવાનો જ હેતુ આ સૉનેટોમાં તેણે રાખ્યો છે. વ્યાટ ને સરે પછી સમર્થપણે, પ્રેમિકાને પ્રેમસંબોધનોની સૉનેટશ્રેણી પ્રથમ વાર તો સિડનીએ રચી. સ્પેન્સરની સૉનેટમાળાનું સ્થાન સિડની ને શેક્સપીઅરની સૉનેટમાળા વચ્ચેનું ગણાય. સ્પેન્સરમાં સિડનીમાં છે. તેવો તોફાની આવેગ નથી. તેનામાં સ્વસ્થતા છે, વાતાવરણની સ્વચ્છતા છે અને કવિ કૉલરિજે જેને 'maidenliness' તરીકે (સ્ત્રીમાં રહેલા કૌમાર્ય પ્રત્યેનો અનુરાગ) બિરદાવ્યો છે તે ગુણ તેની સૉનેટમાળામાં ખાસ નોંધપાત્ર બની રહે છે. અલબત્ત તેનાં સૉનેટોમાં પેટ્રાર્કની તેમજ પેટ્રાર્કવાદી કવિઓની વાણીના પડઘા નથી સંભળાતા એમ નથી. તેની નિષ્ઠુર માનિની પ્રેમિકા પણ પરંપરામાંથી પ્રગટી છે તેમ છતાં આ બધાંમાં સ્પેન્સરના પ્રેમનો રણકો સ્પષ્ટરીતે સંભળાય છે. પ્રેમિકાના સૌંદર્યનાં વર્ણન સ્પેન્સરે હૃદય રેડીને કર્યાં છે. એ ચિત્રો રંગીન અને મનહર છે. પોતાના માનસિક વિકારો નિરંકુશ ન બને તેની સાવધાની સ્પેન્સર રાખે છે તેમ છતાં પોતાના એ મનોભાવો તેણે નિખાલસપણે પ્રગટ કર્યા છે.

'અમોરેટી'ના જ અનુસંધાનમાં પૂર્ણાહુતિ રૂપે રચાએલી 'એપીથેલેમીઅન'માં સ્પેન્સરે આયર્લૅન્ડમાંનો પોતાનો લગ્નોત્સવ નિરૂપ્યો છે અને તે એક મઝાનું લગ્નસ્તોત્ર બની રહે છે. (અનુસંધાન પૃ. ૧૫)

શતરંજના વિશ્વવિજેતા—મિખાઈલ ટાહ્લ

ડૉ. બૉટ્વીનિકને ઈ. ૧૯૬૦માં ૧૨½–૮½ પૉઈન્ટથી હરાવી ૨૪ વર્ષના રશિયન મહાઉસ્તાદ મિખાઈલ ટાહ્લ વિશ્વવિજેતા બન્યા. આજ સુધીમાં સૌથી નાની વયે વિશ્વવિજેતા પદ મેળવનાર ટાહ્લ કારકિર્દીની ટોચ ઉપર બહુ જ થોડો સમય રહ્યા, છતાં એટલા ગાળામાં એવા ચમક્યા કે શતરંજના ઇતિહાસમાં એમનું એક અનોખું સ્થાન સ્થપાઈ ગયું.



મિખાઈલ ટાહ્લ અને બૉટ્વીનિક

એમની પહેલી મોટી જીત ઈ. ૧૯૫૭ની સોવિયેત ચૅમ્પીઅનશિપ ટુર્નામેન્ટમાં થઈ. ૧૯૫૮માં ફરી સોવિયેત ચૅમ્પીઅન રહ્યા. તે જ વર્ષે તેમણે ઈન્ટરઝૉનલમાં પ્રથમ ઈનામ મેળવ્યું અને ઓલિમ્પીઆડમાં સૌથી સારા અંગત પરિણામ માટે સુવર્ણચંદ્રક મેળવ્યો. ૧૯૫૯માં ઝુરિખ ખાતે રમાએલ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પહેલું અને સોવિયેત ચૅમ્પીઅનશિપમાં બીજું ઈનામ મેળવ્યું. તે જ વર્ષે તેઓ કૅન્ડિડેટ ટુર્નામેન્ટ જીત્યા ને ડૉ. બૉટ્વીનિકને આહ્વાન આપવાનો અધિકાર પ્રાપ્ત કર્યો. ૧૯૬૦માં ચાર પૉઈન્ટની સરસાઈથી મૅચ જીતી તેઓ વિશ્વવિજેતા બન્યા. ત્રણ વર્ષના ગાળામાં આટલી સફળતા ઘણી મુશ્કેલ છે.

તે પછી ઈ. ૧૯૬૧માં વળતી મૅચમાં હાર્યા બાદ ફરી તેઓ ટોચ પર આવી શક્યા નથી. ૧૯૬૨ની કૅન્ડિડેટ ટુર્નામેન્ટ એમને નાદુરસ્ત તબિયતના કારણે અધવચ્ચેથી છોડવી પડેલી, ૧૯૬૫ની કૅન્ડિડેટ ટુર્ના.માં છેવટની રમતમાં સ્પાસ્કી સામે તેઓ હાર્યા. ૧૯૬૮માં તો તેથી એ વહેલા અને ૧૯૭૧ કે ૧૯૭૪ની ટુર્નામેન્ટમાં તો ભાગ લઈ શકવા સુધી પણ પહોંચી શક્યા નહિ. આમાં મુખ્યત્વે તેમની નાજુક તબિયત વધુ જવાબદાર છે.

રમતમાં તેમની શૈલી આક્રમક છે. ઊંડા ગૂંચવડા ભરેલી સ્થિતિમાં—કે જ્યાં બધા વિકલ્પોની ગણતરી કરવી અશક્ય હોય અને તેથી શતરંજની ચાલમાં કેવળ અંતઃપ્રેરણા પર આધાર રાખવો પડે તેમ હોય ત્યાં—સૌથી સારો માર્ગ શોધી કાઢવાની શક્તિમાં તેઓ અજોડ છે. બીજી ઘણી રમતોની જેમ શતરંજમાં પણ મહાઉસ્તાદોની રમત રક્ષણાત્મક થઈ જવા પામે છે, જીતવા જતાં જો હારનું જોખમ હોય તો તેવું જોખમ લેવા કરતાં ડ્રૉ લેવાનું ઘણાખરા મહાઉસ્તાદ પસંદ કરે છે, એવે વખતે જોખમ ખેડી ઊંડા કૉમ્બિનેશન વડે રમત જીતવાનો પ્રયાસ કરીને પોતાની શતરંજની રમતનું આકર્ષણ એમણે જાળવી રાખ્યું છે. તેઓ એક વર્ષ માટેના વિશ્વવિજેતા કરતાં સુંદર આકર્ષક રમતોના વારસા માટે હમેશાં યાદ રહેશે.

એમની ધૂમકેતુ જેવી ટૂંકી પણ ઝળકતી કારકિર્દી મોર્ફીની, ઊંડા ગૂંચવાડામાં શાંતિથી શ્રેષ્ઠ માર્ગ શોધવાની શક્તિ લાસ્કરની, અને આક્રમક શૈલી અલેખાઈનની યાદ આપે છે.

અહીં આપણે બે વિશ્વવિજેતા-બૉટ્વીનિક અને ટાહ્લની ઈ.૧૯૬૦ની મૅચની પ્રથમ રમત જોઈશું. આમાં સફેદ મહોરાં મિખાઈલ ટાહ્લનાં અને કાળાં બૉટ્વીનિકનાં છે.

ફ્રેન્ચ ડિફેન્સ

1 P–K4, P-K3; 2 P-Q4, P-Q4; 3N-Q3, B-N5; 4P-K5, P-QB4; 5P-QR3, B × N; 6P × B, Q-B2.

અહીં 6..., N–K2 પણ રમાય છે, જેથી 7Q-N4નો જવાબ 7..., N-B4થી આપી KNPનું રક્ષણ થઈ શકે.

7Q-N4, R-B4, 8 Q-N3, N-K2.

અગાઉ આ સ્થિતિમાં બૉટ્વીનિક 8..., P × P રમ્યા હતા. તે ચાલથી કાળાની સ્થિતિ સંતોષકારક નથી રહેતી તેથી અહીં નવી ચાલ ચાલેલ છે.

9 Q × P, R-N1; 10 Q × P, P × P.

૨૪ રમતની મૅચમાં સાધારણ રીતે પહેલી જ રમતમાં આવી જોખમકારક આક્રમક રમત ભાગ્યે જ જોવા મળે. સફેદ વજીરની કાળા રાજા પર ધમકી છે, સામે પક્ષે કાળા પાસે પણ Q × Q-BPch. તેમજ Q × KPchની ધમકી છે.

11 K-Q3, B-QB2,

આ સ્થિતિમાં ગ્રીગોરીક સામે પેટ્રોસ્યન 11..., QN-B3 રમીને મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. બૉટ્વીનિક અહીં રમ્યા છે તે ચાલ કદાચ વધુ સારી હશે તેમ લાગે છે.

12 Q-R5ch., N-N3; 13 N-K2, P–Q6. સફેદ 14 N-B4થી અણઊઠ ઘોડા પર દબાણ વધારવાની ધમકી આપે છે. ઘોડાના આડકતરા બચાવની તૈયારી રૂપ આ ચાલ છે.

14 P × P, B-R5ch; 15 K-K1, Q × KP?

અહીં 15..., N-B3, અને 16... O-O-O રાજાને કિલ્લાની સલામતીમાં લઈ જવાની જરૂર હતી. તો પણ બે પ્યાદાં ઓછાં હોવાથી કાળાની રમત મુશ્કેલ તો રહેત જ.

16 B–N5! N-B3; 17 P-Q4, Q-B2; 18 P-R4, P-K4?

હજી 18..., N-K2 અને 19..., O-O-O બહેતર છે. 18..., N-K2ના જવાબમાં 19 B × Nથી સફેદની કિલ્લેબંધી અટકાવે તો 19..., Q × B 20. N-B4, Q-KB2; 21 N × N, R × N; પછી કાળા પાસે બચાવનાં સાધન રહેત, પણ આ ચાલ નબળી છે અને ટાહ્લ તેનો તરત લાભ લે છે.

19K-R3! Q-B2; 20P × P, QN × P; 21 R-K3; K-Q2 અહીં 21..., R-R1થી સફેદનો વજીર જાય તેમ લાગે છે, પણ વજીરને સપડાવવા જતાં કાળાને જ નુકસાન થાય (જુઓ આકૃતિ).



21..., R–R1; 22 R × Nch, K-Q2; 23 R-K7ch., Q × R, 24 Q × N.

22 R-N! P-N3, અહીં 22..., B-B3 પછી સફેદ 23 N-Q4 રમી શકે તેમ છે.

23 N-B4, QR-K1; 24 R-N4, B-B3; 25 Q-Q1, N × N; 26 QR × N, N–N3; 27 R-Q4, R × Rch; 28 P × R, K-B2;

છેલ્લી થોડી ચાલમાં સફેદના મહોરાં રાજા તરફથી વચ્ચે QP પર આક્રમણ કરવા ગોઠવાયાં છે. 29 P-B4! P × P?

રમતમાં કાળાની હાર લગભગ નિશ્ચિત હતી, પણ સમયની કમીના હિસાબે થએલી ભૂલભરેલી ચાલને કારણે એ જલદી હારે છે.

30 B × P, Q-N2; 31 B × R, Q × B; 32 P-R5, Resigns.

સુરેશ મોદી



આપણા પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી યોગેન્દ્ર પ્રિયદર્શીની એક સચિત્ર લેખમાળા વર્ષો પહેલાં 'કુમાર'માં પ્રકટ થતી હતી. તેમાં પચ્ચીસ વર્ષ પહેલાંના અંક ૩૦૧માં નૃત્યમાં પ્રયોજાતી વિવિધ પાદસ્થિતિ-સ્થાનકોની ઓળખ આપેલી તે જોઈએ :

'સંગીત રત્નાકર'માં ત્રેવીસ સ્થાનકો વર્ણવેલાં છે : (૧) સ્વસ્તિકમ્ (૨) વર્ધમાનમ્ (૩) નંદ્યાવર્તમ્ (૪) સંહતમ (૫) સમપાદમ્ (૬) એકપાદમ્ (૭) પૃષ્ઠોત્તાનતલમ (૮) ચતુરસ્રમ્ (૯) પાર્ષ્ણિવિદ્ધમ્ (૧૦) પાર્ષ્ણિપાર્શ્વગતમ્ (૧૧) એક પાર્શ્વગતમ્ (૧૨) એક જાનુગતમ્ (૧૩) પરાવૃત્તમ્ (૧૪) સમસૂચિ (૧૫) વિષમસૂચિ (૧૬) ખંડસૂચિ (૧૭) બ્રાહ્મમ્ (૧૮) વૈષ્ણવમ્ (૧૯) શૈવમ્ (૨૦) ગારુડમ્ (૨૧) કૂર્માસનમ્ (૨૨) નાગબંધમ્ (૨૩) વૃષભાસનમ્.

આમાં સમસૂચિ, વિષમસૂચિ, ખંડસૂચિ, ગારુડમ્, કૂર્માસનમ્, નાગબંધમ્ ને વૃષભાસનમ્ એ આસનો છે અને બાકીનાં સ્થાનકો છે. તેમાંથી પાર્ષ્ણિપાર્શ્વગતમ્, એક પાર્શ્વગતમ્ વગેરે સ્થાનકોની રચના સ્પષ્ટરીતે સમજી શકાય તેવી નથી. સ્થાનકોનાં લક્ષણો નીચે મુજબ છે, જેમાંનાં કેટલાંકનાં ચિત્રો આપ્યાં છે:

સ્વસ્તિકમ્: જમણા પગને ડાબી તરફ અને ડાબા પગને જમણી તરફ રાખવા અર્થાત્ બંને પગને cross કરવા. પગ સહેજ નમેલા તથા એકબીજાને સ્પર્શેલા હોવા જોઈએ.

વર્ધમાનમ્: બંને પગની પાની એકબીજાને અડકેલી રાખીને ફણા વિરુદ્ધ દિશામાં રાખવા તે. એટલે કે જમણા પગનો ફણો જમણી તરફ ને ડાબા પગનો ફણો ડાબી તરફ રહે તેમ.

નંદ્યાવર્તમ્: ઉપરના જ સ્થાનમાં બંને પગને છ થી બાર આંગળને અંતરે રાખી ઊભા રહેવું તે.

સંહતમ્: બંને પગના અંગૂઠા તથા ઘૂંટી એકબીજાને અડે તેમ ઊભા રહેવું તે.

સમપાદમ્: બંને પગ એક વેંતને અંતરે સમાન રીતે રાખવા તે.

એકપાદમ્: સમપાદમાં એક પગ ઊંચો.

પૃષ્ઠોત્તાનતલમ્: એક પગ સીધો ને પાછળ, બીજે પગ પાની ઊંચી કરી ફણા પર મંડિત રાખવો તે. અર્થાત્ એક પગે પાછળ ઠેકો દેવો તે.

ચતુરસ્રમ્: નંદ્યાવર્તમાં બંને પગ અઢાર આંગળ દૂર રહે તે.

પાર્ષ્ણિવિદ્ધમ્: એક પગની પાનીને બીજા પગના અંગુઠાનો સ્પર્શ થાય તેમ ઊભા રહેવું તે.



મથાળેથી અનુક્રમે: સ્વસ્તિકમ્, વર્ધમાનમ્, પરાવૃત્તમ્, બ્રાહ્મમ્, નંદ્યાવર્તનમ્ અને સંહતમ્



ગારુડમ્



કૂર્માસનમ્



નાગબંધનમ

પાર્ષ્ણિગતમ્: ડાબો પગ સીધો રાખી, જમણા પગની પાની ડાબા પગ તરફ રહે તેમ તેને આડો રાખી ઊભા રહેવું તે.

એક પાર્શ્વગતમ્: ઉપરના સ્થાનકમાં જમણો પગ ઊલટી રીતે અર્થાત્ જમણા પગની પાની જમણી તરફ રહે તેમ ઊભા રહેવું તે.

એક જાનુગતમ્: એક પગ સીધો રાખી બીજો પગ બાજુમાં ચાર આંગળ દૂર ઘૂંટણમાંથી સહેજ વળેલો રાખવો તે.

પરાવૃત્તમ્: ડાબા પગની પાની પાસે જમણા પગનો અંગૂઠો અને જમણા પગની પાની પાસે ડાબા પગની કનિષ્ઠિકા (ટચલી આંગળી) રહે તેમ પગ અવળસવળ રાખી ઊભા રહેવું તે.

સમસૂચિ: પાની તથા જાંઘ જમીનને સ્પર્શે તેમ બંને પગ ત્રાંસા લાંબા રાખવા તે.

વિષમસૂચિ: સમસૂચિનો એક પગ પાછળ લંબાવવો તે. અર્થાત્ એક પગ પાછળ લંબાવીને બેસવું તે.

ખંડસૂચિ: ઉપરના આસનનો એક પગ સંકોચી લેવામાં આવે તે. કયો પગ તે જણાવ્યું નથી; પરંતુ આસનની દૃષ્ટિએ આગળનો પગ વાળી લેવો તે વધુ પ્રમાણભૂત જણાય છે."

બ્રાહ્મમ્: એક પગ સીધો રાખી, બીજો પગ પાછળ પીઠ તરફ, બંનેના ઘૂંટણ સમાન રહે તેમ વાળવો તે.

વૈષ્ણવમ્: આ સ્થાન આગળ જોઈ ગયા છીએ.

શૈવમ્: ડાબો પગ સરખો રાખી જમણો પગ ઘૂંટણ સુધી આગળ ઊંચો કરી સહેજ વળેલો રાખવો તે. 'નટરાજ'ના વિશ્વવિખ્યાત પ્રાચીન શિલ્પમાં આ સ્થાન યોજાએલું દેખાય છે.

ગારુડમ્: ડાબો પગ આગળ સંકોચેલો રાખી જમણો પગ, તેનો ઘૂંટણ જમીન અડે તેમ પાછળ રાખવો તે.

કૂર્માસનમ્: જમણા પગનો ઘૂંટણ તથા બહારની ઘૂંટી જમીનને અડે તેમ ચોપટ બેસી ડાબો પગ ઊભો રાખવો તે.

નાગબંધનમ્: ડાબા પગના સાથળ પર જમણો પગ મૂકી બેસવું તે.

વૃષભાસનમ્: બંને ઘૂંટણ જમીન પર જોડાજોડ કે છૂટાછૂટા રાખી બેસવું તે. નાટ્યશાસ્ત્રનું 'જાનુગત' તથા આ એક જ હોય તે બનવા જોગ છે.

આમાંનાં કેટલાંક સ્થાનકો તથા આસનો કરણોમાં પણ યોજાએલાં જણાય છે. જેમ કે:

સ્વસ્તિકમ્: આ સ્થાનક સ્વસ્તિકમ્, અર્ધ સ્વસ્તિકમ્, વક્ષ સ્વસ્તિકમ્, પૃષ્ઠ સ્વસ્તિકમ્ વગેરે સ્વસ્તિક કરણોમાં યોજાએલું છે.

વર્ધમાનમ્: આ સ્થાનક તલપુષ્પપુટમ્, રેચિતનિકુટ્ટકમ્, છિન્નમ્ તથા બીજાં ઘણાં કરણોમાં યોજાએલું છે.

નદ્યાવર્તમ્: અપવિદ્ધમ્, અર્ધરેચિતમ્, ભૂજંગત્રસ્તમ્: રેચિતમ્ વગેરેમાં છે.

ચતુરસ્રમ્: તે મંડલ સ્વસ્તિકમ્, સ્વસ્તિક રેચિતમ્, કટિસમમ્, ઉન્મત્તમ વગેરે કરણોમાં યોજાએલું છે.

ગારુડમ્: તે 'કુંચિતમ્'માં યોજાએલું છે.

આ જ પ્રમાણે બીજાં સ્થાનકો પણ અન્ય કરણોમાં યોજાએલાં છે.

ટિકિટ-સંગ્રહ
ભારતની અને ટાન્ઝાનિયાની ટિકિટો





ભારતના એક વરિષ્ઠ રાજનીતિ વિશારદ, અને મહાન દેશભક્ત, આઝાદી માટેની લડતોના એક અગ્રગણ્ય સેનાની, સ્વતંત્ર ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ, અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથોના લેખક પ્રખર મેધાવી, 'ભારતરત્ન' સ્વ. ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રથમ પુણ્યતિથિ–તા. ૨૫મી ડિસેમ્બરે ભારતે એમના માનમાં બહાર પાડેલી ખાસ ટિકિટ. ◧ બાજુની છ ટિકિટો ટાન્ઝાનિયાની છે. ગઈ ૧૦મી ડિસેમ્બરે ત્યાં બહાર પડેલી ૧૫ નવી ચાલુ ટિકિટોમાં આ છ એક શિલિંગ અને તેથી વધુ કિંમતની છે. બધી ટિકિટો પૂર્ણરંગી છે અને તેમાં ટાન્ઝાનિયામાં જોવા મળતાં વિવિધ પતંગિયાંનાં આલેખન છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)

ગુજરાત વ્યાયામપ્રચારક મંડળની બે ઉપયોગી પ્રવૃત્તિઓ

(૧) હરિ ઓમ આશ્રમ પ્રેરિત નાથાલાલ દેસાઈ સ્મારક દોડ-સ્પર્ધા, તથા (૨) ગુજરાત રાજ્ય વ્યાયામ મહોત્સવ: જેમાં ૧. સંઘવ્યાયામ નિદર્શન (સાંઘિક), ૨. મલખમ પર દશરંગ (વૈયક્તિક ભાઈઓ), ૩. યોગાસનો (વૈયક્તિક-બહેનો), ઉપરોક્ત બંને સ્પર્ધા માટેનાં પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૧લી ફેબ્રુઆરી '૭૪ છે. પ્રવેશપત્રો, નિયમો ને વિગતો માટે લખો: વ્યવસ્થાપક-ગુજરાતી વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા

સાહિત્યસંપર્ક

ચમત્કારિક વાસ્તવ અને વાસ્તવિક ચમત્કાર
બે નવલકથાઓ

ચમત્કારિક વાસ્તવ

મહાદેવભાઈ દેસાઇએ એમની ડાયરીમાં મહાત્મા ગાંધીજીના સંબંધમાં આવેલી એક અમેરિકન નાજરમાન યુવતી વિષે જે કંઈ વિગતો આપી છે તે વાસ્તવના ખોળિયામાં સર્જકતાના સ્પર્શનો પ્રાણસંચાર એટલે રઘુવીર ચૌધરીની આઠમી લઘુનવલ 'વેણુ વત્સલા'. ખાનગી જીવનમાં સ્વૈર વિહારિણી આ વેણુ ભારતીય સંસ્કૃતિને પામવા મથી રહી હતી. તત્કાલીન હરિજન પ્રવૃત્તિમાં સક્રિયપણે રસ દાખવી રહી હતી. આથી મહાત્માજી પણ એના પ્રત્યે આકર્ષાયા. એના સ્વૈરવિહાર વિષે સાંભળી બાપુએ એને પૂના બોલાવી સ્વૈરવિહારની કબૂલાત કરાવી ગત જીવનનું પ્રાયશ્ચિત્ત કરાવ્યું ને નવપ્રસ્થાનનો માર્ગ બતાવ્યો. પછી એ યુવતીને અમદાવાદના હરિજન આશ્રમમાં મોકલી આપી. આશ્રમ બંધ થતાં એ વર્ધા ગઈ. સંઘર્ષે ચડેલું એનું મન ચિત્તભ્રમની દશામાં મુકાય છે. એ ચાલી જાય છે. ઠક્કરબાપા એને શોધી લાવે છે અને ગાંધીજી એને અમેરિકા મોકલી આપવાનો નિર્ધાર કરે છે. આટલા પ્રસંગોને ઉપલક્ષીને લેખકે કેટલાંક કાલ્પનિક પાત્રો-પ્રસંગોની એવી સરસ ગ્રંથણી કરી છે કે વાચકને એક કલાકૃતિના વાચનનો સંતોષ મળી રહે છે.

પ્રથમ પ્રકરણમાં જ પૃ. ૧૫ પર વેણુ કહે છે: 'નીકળી તો છું પોતાની પાસે પહોંચવા.' ગ્રીક પતિ જ્યૉર્જને મૂકી ચિર તૃષિત, સૌન્દર્ય સામ્રાજ્ઞી, વિલાસિની ને માનુની વેણુ ભારતમાં આવીને કેસરગઢના મહારાજા વીરપાલસિંહ, યોગી વસુબોધ અને કર્મયોગી મહાત્મા ગાંધીજીના પરિચયમાં આવે છે. એક તરફથી એને વિલાસ આકર્ષે છે તો બીજી તરફથી વિરતિ. આમ એનો આંતર સંઘર્ષ લેખકે કુશળતાથી નિરૂપ્યો છે. ખરેખર તો સંઘર્ષથી—રેલવેના ડબ્બામાં—આરંભાતી આ કથા સંઘર્ષમાં—અમેરિકા પાછી ફરે છે ત્યારે જહાજમાં—પૂરી થાય છે. એનાં સ્મરણો અને તેને સહારે વર્તમાન-ભાવિમાં આગળ વધતી કથા એ જ રીતે વેણુનો પ્રતીતિ-કર પાત્રવિકાસ પણ દોરી આપે છે. હા, એના વિચારોમાં, કોઈ એમ કહી શકે કે, લેખક બોલતા સંભળાય છે. પણ વેણુના પાત્રને સમજ્યા પછી વેણુનું વર્તન, તેની ભાષા, તેના વિચારો અપ્રતીતિકર લાગતાં નથી

વિલાસ અને વિરતિ વચ્ચે ઝોલાં ખાતી વેણુની આ કથા વેણુ પરના ગાંધી પ્રભાવની વિજયગાથા છે. ભાવના અને વાસ્તવને સમરસ બનાવવા મથતી આ સંઘર્ષકથામાં લેખકની શૈલી ઘૂંટાએલા જીવનદર્શનને અનુરૂપ ગાંભીર્ય ધારણ કરીને પણ પોતાના પ્રવાહમાં વાચકને ખેંચી જાય એટલી વેગીલી બની રહી છે. સૂક્ષ્મરીતે એમણે લીધેલાં પ્રતીકો પણ આસ્વાદ્ય બની રહે છે. છેલ્લા પ્રકરણનો આરંભ અને લગભગ આખું પ્રકરણ જ પ્રતીકાત્મક છે. આમ, પ્રથમ પ્રકરણમાં જણાવ્યું છે તે પ્રમાણે, વિલાસિની વેણુ પોતાને પામવા' નીકળી છે અને અંતિમ પ્રકરણમાં ઈસુના શબ્દોને એ સ્મરી રહે છે... 'Thy whole body shall be full of light...તો તારી સમગ્ર કાયા પ્રકાશથી પૂર્ણ હશે.' આ જ વસ્તુ પામીને એ જાણે ભારતનો કિનારો છોડે છે. પશ્ચિમમાં જે ન પામી શકી તે પૂર્વમાંથી હૃદયસાત્ કરીને એ જાય છે તે અંતિમ પ્રકરણ સૂચક બની રહે છે! વેણુનું જીવન-આટલો જીવનખંડ-જાણે કશુંક પામવાનો પ્રવાસ છે એ પણ આદ્ય અને અંત્ય પ્રકરણના પ્રવાસાનુભવથી સાંકેતિક રીતે પ્રતીત કરી બતાવાયું છે. વેણુના આ ભારતપ્રવાસની કથા જાણે કોઈ ચમત્કારિક વાસ્તવનો કલાનંદ પૂરો પાડી જાય છે. (પ્રકા. આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પાકું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૭·૨૫)

વાસ્તવિક ચમત્કાર

સત્ય કથા પરથી નવલકથાનો ઘાટ ઉતારવાનું કામ કપરું છે; પણ ગાંધીજીના આગમન પહેલાં મહારાષ્ટ્રના સામાજિક સુધારાના ઇતિહાસનું ઉજ્જ્વળ પ્રકરણ બની રહેનાર ગોપાળરાવ અને ડૉ. આનંદીના દામ્પત્યજીવનની ઘટનાઓને અપૂર્વ 'નવલ' ઘાટ આપવામાં મરાઠી નવલકથાકાર શ્રીકૃષ્ણ જ. જોશી 'આનંદીગોપાળ' નામક આ કૃતિમાં સારી રીતે ખીલી શક્યા છે તેની પ્રતીતિ તે જ નવલકથાનો અમીરબાનુ જી. હમીરાણીએ કરેલો આ ગુજરાતી અનુવાદ વાંચતાં થયા વગર રહેતી નથી.

અગિયાર વર્ષની યમુ અને અઠ્ઠાવીશ વર્ષના ગોપાળરાવનું લગ્ન, સમાજ સામે ઝઝૂમીને અભણ પત્ની યમુને અમેરિકા મોકલી ડૉ. આનંદી સુધી વિકસાવવાનો પુરુષાર્થ, અને અંતે એ જ પત્ની યમુ-આનંદી-નો દેહાંત—એમ શબ્દશઃ કરુણાન્ત બનતી આ કથા સ્ત્રીવિકાસના 'ચમત્કારની અપૂર્વ' કથા છે. વાર્તાપિંડનું એ જ બીજક છે.

પતિ ગોપાળરાવે કડક થઈને પણ પત્નીને ભણાવીગણાવી લોકનિંદા વહોરી ને સ્ત્રી-ઉન્નતિમાં જ દેશપ્રગતિના દર્શનની ઝાંખી કરાવી એવા પ્રતિભાસંપન્ન પુરુષને સમાજ ન ઓળખી શકે તે વેદના આનંદી કેવા કરુણ કટાક્ષમાં ઠાલવે છે: 'તમે કાળના ચોકઠામાં કદી જડાયા જ નહિ. ખૂબ આગળ ગયા...જમાનો ઓળંગી ગયા...તમે રૂઢિની ચોખૂંટ દીવાલ તોડવા મથ્યા. આટલી બધી પ્રગતિ કરનારને તે સમયનો સમાજ કદી માફ કરતો નથી.' (પૃ. ૫૨૪) તો વળી, પતિ પણ પત્નીની પ્રગતિને બિરદાવે છે: 'તારા સરખી સ્ત્રી વિરલ...તેં તો મને પણ શરમાવ્યો છે...તું ખરેખર જ અલૌકિક છો: આટલી ધીરજ તારામાં આવી ક્યાંથી? એ જ મને સમજાતું નથી.' (પૃ. ૨૭૫)

આમ, વિરલ વ્યક્તિત્વ ધરાવતાં પતિ-પત્નીની આ કથા નવલકથાના વાચનનો રોમાંચક આનંદ આપવા સાથે એ કાળના મહારાષ્ટ્રના સમાજનું સુધારાદર્શન પણ કરાવી રહે છે. પાત્રોનો વિકાસ અને સંઘર્ષ વાર્તાકારની કલાચાતુરી દર્શાવી રહે છે તો ભાષાશૈલીની વિશદતા અને વેધકતા એમની કસાએલી કલમનો પરિચય કરાવી રહે છે. પશ્ચિમની અસર નીચે પાંગરી રહેલા વર્તમાન સમયમાં પણ આ એક નારીની ભારતીય કથા છે, ને તે રીતે વધુ ગૌરવની અધિકારી છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૫૩૬, રૂ. ૧૫-૫૦)

—ધારુ પરીખ

નવાં પ્રકાશનો

સાવિત્રી: મહર્ષિ અરવિંદના મૂળ અંગ્રેજીમાં ૨૪,૦૦૦ જેટલી પંક્તિઓમાં લખાએલા દષ્ટિમૂલક મહાકાવ્ય 'સાવિત્રી : એક પુરાણ-કથા અને પ્રતીક'નો જે ગુજરાતી કાવ્યાનુવાદ ૨૫૦૦૦ જેટલી પંક્તિઓમાં જાણીતા કવિ પૂજાલાલે કર્યો છે, તેના આ પ્રથમ પુસ્તકમાં પાંચ સર્ગના પ્રથમ પર્વનો સુભગ અનુવાદ છે. શ્રી અરવિંદનાં દર્શનનો આ કૃતિમાં જ સર્વોત્તમ રીતે આવિષ્કાર થવા પામ્યો છે તેની અહીં કાવ્યાનુભૂતિ થઈ રહેશે. (પ્રકા. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી-૨; કાચું પૂઠું, પૃ. ૧૩૪ રૂ. ૭)

ભારતીય સંસ્કૃતિના પાયા: 'ધ ફાઉન્ડેશન્સ ઑાવ ઇંડિયન કલ્ચર'માં શ્રી અરવિંદે જે ભારતીય સંસ્કૃતિ વિષે સર્વાંગી ચર્ચા કરી છે તે પ્રસિદ્ધ પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ શ્રી જયંતીલાલ આચાર્યે કર્યો છે, જે અંગ્રેજી નહિ જાણનાર ગુજરાતી વાચકો માટે લગભગ મૂળની ખૂબીઓને યથાતથ સ્વરૂપે

નિરૂપે છે. (પ્રકાશક : ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૨૭, કિં. જણાવી નથી. શ્રી અરવિંદ સાહિત્યના આવા દસ ગ્રંથોના સેટની કિં. રૂ. ૧૪૫)

માનવવિકાસ ચક્ર : શ્રી અરવિંદે સામાજિક ઉત્ક્રાંતિનો વિકાસ ચર્ચવા જે લેખો લખેલા તેનો અંગ્રેજી સંગ્રહ 'ધ હ્યૂમન સાઈકલ' નામક ગ્રંથમાં કરવામાં આવેલો. એ અતિ ઉપકારક અને વિશદ સામગ્રીનો આ ગુજરાતી રોચક અનુવાદ સર્વશ્રી સુન્દરમ્ અને હરસિદ્ધ જોશીએ કર્યો છે. મૂળ અંગ્રેજી પુસ્તક ઉપરાંત તદ્‌વિષયક અન્ય લેખસામગ્રી પણ પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે, જેથી શ્રી અરવિંદના સમાજોત્ક્રાન્તિના વધુ વિચારો એક જ સ્થળે વાંચવાનો લાભ મળી શકશે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૩૬૫, રૂ. ૧૬)

ભારત મેરા દેશ : ભારતની ગુલામી, મુક્તિ અને સ્વાતંત્ર્યોત્તર સ્થિતિના નિર્દેશ સાથે ભારતનો અને તેના ઘડવૈયાઓ, રાષ્ટ્રધ્વજ, મંત્ર આદિ બાબતોનો હિંદીમાં કિશોરભોગ્ય કથાશૈલીમાં 'કુમાર'ના જાણીતા લેખક અમૃતલાલ વેગડે આમાં સચિત્ર પરિચય આપ્યો છે. (પ્ર. મદન મહલ જનરલ સ્ટોર્સ, રાઈટ ટાઉન, જબલપુર-૨; કાચું પૂઠું પૃ. ૮૦; રૂ. ૨.)

વચનામૃત સ્વાધ્યાય : સ્વામીનારાયણ સંપ્રદાયના અમૂલ્ય ગ્રંથ 'વચનામૃત'માં આવતા ઉપદેશનો સ્વાધ્યાય રજૂ કરતી વૈદ્ય બાલકૃષ્ણ હરિરામ દવે લિખિત આ પુસ્તિકા જિજ્ઞાસુઓને ઉપયોગી થશે. (પ્રકા. શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા; કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૧ ૫૦)

પ્રેમઘેલા કવિ બ્રહ્માનંદ સ્વામી : સ્વામીનારાયણ સંપ્રદાયના જ્ઞાની ભક્તકવિ બ્રહ્માનંદ સ્વામીની ગોરધનદાસ જીવરાજ સોરઠિયાએ રચેલી આ ચરિત્રરેખા સત્સંગીઓને રસિક લાગશે. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૨)

સ્વામી સહજાનંદના પ્રેરક પ્રસંગો : ઉપર્યુક્ત લેખકે જ શ્રીજી મહારાજના જીવનના પ્રેરણાદાયક પ્રસંગોનુ સાદી સરળ શૈલીમાં આ સંકલન કર્યુ છે; (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૬૩, રૂ ૧)

જ્ઞાનકોશલ પ્રચાર સમિતિનાં પ્રકાશનો : આજના વિશ્વમાં જ્ઞાનની અનેક ક્ષિતિજો વિસ્તરતી જાય છે અને નવી નવી ક્ષિતિજો ઊઘડતી જાય છે ત્યારે માણસને અનેક ક્ષેત્રીય સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની લાલચ જાગે તે સ્વાભાવિક છે. એ તૃષાને પોષવા ઉપર્યુક્ત સંસ્થા તરફથી વિવિધ ક્ષેત્રનું સામાન્ય જ્ઞાન પૂરું પાડતી નીચે પ્રમાણે પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવી છે : (૧) ઈઝરાયલ : લે. કેશવલાલ પટેલ, પૃ. ૮૦, ૯૦ પૈસા. (૨) ફૂટતી પાંખો : લે ફાધર વાલેસ. પૃ. ૪૮, ૭૫ પૈસા. (૩) ભાષાશુદ્ધિ : લે. રતિલાલ સાં. નાયક, પૃ. ૫૬, ૭૫ પૈસા. (૪) બૅંકો ને તેની સેવાઓ : લે. રમણલાલ શેઠ, પૃ. ૪૦. ૯૦ પૈસા (૫) બાદશાહત ખાતેર : લે. શંકરલાલ વ્યાસ. પૃ. ૮૦, રૂ. ૨. (૬) નોબેલ પારિતોષિકો : લે. અરુણભાઈ ઠાકર, પૃ. ૪૬. રૂ. ૧. (૭) ઑલિમ્પિક રમતો : લે. મૂળજી-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



બી. કે. કરંજિયા

જન્મ : મુંબઈમાં, તા. ૨૧ ૧૨-૧૯૧૯. વિખ્યાત પાક્ષિક 'ફિલ્મ ફેર'ના ૧૯૬૦થી સંપાદક. 'ફિલ્મ ફાઇનૅન્સ કૉર્પોરેશન લિમિ.'ના ચૅરમૅન. 'ફિલ્મ ઍન્ડ ટી. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇંડિયા' અને 'નૅશનલ ફિલ્મ આર્કાઈવ ઑવ ઇંડિયા'ની સલાહકાર સમિતિના સભ્ય. ૧૯૬૪માં આઈ. સી. એસ. 'એડ્યુકેશન ફૉર વર્લ્ડ અન્ડરસ્ટૅન્ડિંગ' પ્રબંધ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘના સ્કૉલર. 'પોર્ટ્રેટ ઑવ અ સિટીઝન' (ફરતમ મસાણીનું ચરિત્ર), 'મોર ઑવ ઍન ઇંડિયન' (નવલકથા) અને અનેક ટૂંકી વાર્તાઓના લેખક.

૧ 'ફિલ્મફેર'ના તંત્રી તરીકે આપ જે અનેક વ્યક્તિઓની મુલાકાત લો છો તે વેળા ખાસ કયા મુદ્દાઓ પર લક્ષ આપો છો?

ઉ. ફિલ્મક્ષેત્રની જાણીતી વ્યક્તિઓની મુલાકાત વેળા એમનો જીવન પ્રત્યેનો અભિગમ, એમની મહત્ત્વાકાંક્ષાઓ ને એમના સિદ્ધિ પ્રત્યેની એમની પ્રતિભાઓ નીરખવા સાથે એમની મહત્તા ને મર્યાદા આંકવાનો આશય હોય છે.

૨ પચ્ચીસેક વર્ષના આપના અનુભવો પછી આપને કયાં સિનેતારકો વધુ ગમ્યાં? ગઈ કાલનાં કે આજનાં?

ઉ. ગઈ કાલનાં—દોઢેક દાયકા પહેલાંનાં. એમના અભિનયમાં આછકલાઈ ને અતિરેક ન હતાં. અભિનયની પ્રતિભા, ગૌરવ, મર્યાદા ને સ્વાભાવિકતાને તેઓ માનપૂર્વક જાળવી શકતાં.

૩ આપની દૃષ્ટિએ અદાકારોએ કયા ગુણો ખીલવવા જોઇએ?

ઉ. પોતાને ભજવવાના પાત્રની બધી લાક્ષણિકતાઓ અંગે પૂરી સમજ હોવી ઘટે. વળી તેનામાં શારીરિક સૌષ્ઠવ, પ્રભાવ અને અદાકારીની નૈસર્ગિક પ્રતિભા ઉપરાંત અભિનયકળા તથા ચિત્રપટની ઐતિહાસિક ભૂમિકાનો ખયાલ હોવો જોઇએ.

૪ 'ફિલ્મફેર'ના સંપાદન પાછળનું આપનું લક્ષ્ય?

ઉ. વાચકો અને સિને-પ્રેક્ષકોની અભિરુચિ સંતોષવા ને કેળવવા ઉપરાંત, ચિત્રપટોનાં પ્રામાણિક ને તાટસ્થ્યભર્યાં વિવેચનો દ્વારા એમને દેશવિદેશના ફિલ્મક્ષેત્રના વિકાસ અને વિવિધ પ્રવાહોથી પરિચિત રાખવાનું.

૫ ફિલ્મ ફાઇનૅન્સ કૉર્પોરેશનના ચૅરમૅન તરીકે આપનો અનુભવ?

ઉ. સિનેસૃષ્ટિ અંગે મેં સેવેલા આદર્શોને અમલમાં મૂકી શકવાનો સંતોષ થયો છે. નવોદિત કલાકારોની પ્રતિભા વધુ વ્યાપક ને લોકપ્રિય બનતી જાય છે. પ્રસિદ્ધ હિંદી તેમજ અન્ય ભાષાભાષી લેખકોની કલમ પણ આ ક્ષેત્ર તરફ વળીને વધુ જોરદાર બનતી જાય છે. મારે મન આ પ્રોત્સાહક બાબત છે.

૬ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ અંગે આપનું મંતવ્ય?

ઉ. સરકારે ખોસલા કમિટીનાં સૂચનો પ્રમાણે આ સંસ્થાને સ્વાયત્ત કરી અને શ્રી ગિરીશ કર્નાડ જેવા નાટક તથા ફિલ્મક્ષેત્રના ખ્યાતનામ અનુભવીને એના પ્રિન્સિપલ બનાવ્યા એ આનંદદાયક ને આવકાર્ય છે.

૭ આપનાં પ્રિય સિનેસામયિકો કયાં? વળી કોઈ અન્ય સામયિક?

ઉ. ફિલ્મી સામયિકોમાં 'વેરાઇટી ઑવ ન્યૂ યૉર્ક', 'ધ મોશન પિક્ચર', 'હેરલ્ડ ઑવ અમેરિકા', 'સાઈટ ઍન્ડ સાઉન્ડ' ને 'ફિલ્મ્સ ફ્રૉમ ઇંગ્લૅન્ડ' હું નિયમિત જોઉં છું. અન્યમાં 'લાઈફ' મને ખૂબ ગમતું. પણ કમભાગ્યે એ બંધ પડી ગયું.

૮ અન્ય શોખ?

ઉ. તટસ્થ વિવેચકની દૃષ્ટિએ ચિત્રપટો જોવાં ને ટૂંકી વાર્તાઓ લખવી મને ગમે છે.

બ. ક. કરંજીયા

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૫૨]

કરાવનાર • જલન માતરી



સુરેન ટી. ઠાકર
'મેહુલ'

વર્ષોની ગઝલસાહિત્ય પ્રત્યેની રુચિએ જેને ગઝલકાર બનાવ્યો છે અને મીઠા સૂરીલા કંઠે ગઝલ રજૂ કરવાની ઈશ્વરે જેને બક્ષિશ આપી છે એવા નવજવાન શાયર ભાઈશ્રી સુરેન ટી. ઠાકર ગુજરાતી ગઝલસાહિત્યમાં 'મેહુલ'ના તખલ્લુસથી ખ્યાતનામ છે. ઈ. ૧૯૬૩માં સર્જન શરૂ કરીને આજ સુધી ત્રણ સંગ્રહો 'પ્રવાહ', 'મેહુલ' ને 'ક્ષણ' પ્રસિદ્ધ કર્યા છે. મુશાયરાના મંચના તો એ એવા લોકપ્રિય શાયર છે કે મુંબાઈ, કલકત્તા ને બૅંગ્લોર સુધી યોજાતા મુશાયરામાં એમનું નામ અચૂક રહે છે. એમની સૂરની રવાનીમાં આછા પોતના શબ્દો પણ નભી જાય છે. એ વસ્તુથી એ પોતે સભાન છે, અનુભવેલા કે કલ્પેલા ભાવોને અક્ષરદેહ આપવાની ઉત્કટ ભાવના જ્યાં સુધી મેહુલમાં છે ત્યાં સુધી મેહુલ જીવે છે.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પેઢામલી ગામના વતની. જન્મ ૩૦ જુલાઈ ૧૯૪૨. જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈને મુંબાઈ જઈ શિક્ષકના વ્યવસાયમાં જોડાયા. હાલ ત્યાંના એક પરાની શાળામાં સેવા આપતાંઆપતાં એમ. એ.નો અભ્યાસ પણ કરી રહ્યા છે.

ભૂતકાળની ઝાંખી ભૂલી જવાતી હોઈ વર્તમાનની છબી પડાવવા માગતા, ધરાથી ગગન સુધી વિસ્તરેલા 'મેહુલ'ને ક્યાંથી ક્યાં સુધી કફન ઓઢાડશો એવો પ્રશ્ન કરતા આ નવયુવાન શાયરના શે'રોનો આનંદ લઈએ:

લાખ તીણા ઘા સહે છે ટાંકણાના અંગ પર
એટલે પથ્થરનો મેહુલ એક ઈશ્વર થાય છે.

પારાની જેમ આપણા સંબંધ ઝીજળા,
કો' કાચની નળીમાં ગળાબૂડ આંકીએ.
પડઘાની સાથ સાથ દિગન્તોમાં આથડે,
એવી અગાધ શૂન્યતાનું ઘર બનાવીએ.
ભુલાય છે ભૂતકાળની ઝાંખી આ એટલે,
મેહુલ આ વર્તમાનનો ફોટો પડાવીએ.

દિશા બદલે, ગગન બદલે, ધરા બદલે, પવન બદલે,
ન દેજે આરઝૂ કેરું પરિવર્તન મને ઈશ્વર.

જિંદગીમાં દર્દનો આવો નશો કાયમ રહે,
જે મળે છે ભાનમાં બેભાનમાં જોયા કરું.
દુર્દશા તો થાય છે બન્ને જણાંની, શું કરે,
એ મને જુએ અને હું ખ્વાબમાં જોયા કરું.

માને વિધાતાનું કહ્યું જે એ મુકદ્દર, હું નહિ,
આટલો વૈભવ છતાં ખારો સમંદર, હું નહિ,
મેં મુકદ્દરથી ઘણુંએ મેળવ્યું મેહુલ અહીં,
જાય ખાલી હાથ તે પેલો સિકંદર, હું નહિ.

આપને લાગ્યું કે માયા છૂટશે,
જિંદગીનાં એમ બંધન તૂટશે;
આપનો તો બોજ હળવો થૈ જશે,
રાહ મારી કેમ આખી ખૂટશે?

ફક્ત એક સાદગી જોઈ સફેદ રંગ લીધો,
મને ન્હોતી ખબર એમાં ય સાત રંગ હશે?

દાવ લીધો તો છોને લીધો,
ઊલટો ખેલ્યો એનો ગમ છે.

મયખાને એની આંખનું આવી ગયું સ્મરણ,
હોઠે રહ્યો આ જામ ને છલકાઈ ગઈ નજર;
જે કંઈ થયું હતું તે અચાનક થયું હતું,
નાહક બધાંની સામે વગોવાઈ ગઈ નજર.

ભટકે છે કોની લાગણી કાંઠા ઉપર હજી,
એને ખબર નથી કે ડૂબી નાવ ક્યારની.
મેહુલ કફન વગર મરે એને નહિ પૂછો,
કેવી હશે જ ટૂંક એ પાલવ-કિનારની.

દુનિયામાં થોડાં લોક છે જેને પૂનમ મળી,
બાકી ઘણાંના ભાગ્યમાં કાયમ અમાસ છે.
તુજને પ્રિયે કદી નહિ હું ચાંદ તો કહું,
એની કને તો સૂર્યનો માગ્યો ઉજાસ છે.

જીવતાં જો આવડે જાહોજલાલી જિંદગી,
જીવતાં ના આવડે તો પાયમાલી જિંદગી.
આવડે તો શોધ એમાંથી તને મળશે ઘણું,
છે ઘણા જન્મોથી આ તો ગોઠવેલી જિંદગી.

આટલી ક્યાંથી સહનશક્તિ મળી તુજને હૃદય,
તું જરૂર બીજા રૂપે કોઈ કાળમાં ધરતી હશે.

મદિરા છોડવા મારાં મેં કાંડાં કાપી આપ્યાં છે,
અને કાપેલ હાથોએ ફરી પ્યાલી ઉઠાવી છે.
ન કોઈ ચાંદની પરવા ન સૂરજની તમન્ના છે,
ગુનાઓ થઈ શકે છે એ જ ધરતી મુજને ફાવી છે.
મળો છો સ્વપ્નમાં સાકાર ને દિવસે વિચારોમાં,
તમે બન્ને રીતે મારી અવસ્થાને હસાવી છે.

વાતાવરણમાં આજ ગજબનો નશો હશે:
ફેલાય છે ઇચ્છાનું ગગન ક્યાંથી ક્યાં સુધી.
મેહુલ તો વિસ્તર્યો છે ધરાથી ગગન સુધી,
ઓઢાડશો એને આ કફન ક્યાંથી ક્યાં સુધી?

એથી તો મારી વાતના પડઘા ઘણા પડ્યા,
આડે બધાની એક મેં દીવાલને ચણી.

એક વિશ્વાસમાં કેટલી દુર્દશા?
ચિર પરિચિત કિનારે જ ભૂલા પડ્યા.
એક વિશ્વાસનો કોયડો જિંદગી,
જિંદગીના સહારે જ ભૂલા પડ્યા.

લાગે છે અંધકારનું જીવન હર્યુંભર્યું,
કે કેટલી દ્વિધાઓ જણાઈ ઉજાસથી.
બેઠી પડી છે એ જ જનમભર ગુલાબને,
એ ગર્વ લઈ રહ્યું છે જે માદક સુવાસથી.

ભાઈ પટેલ, પૃ. ૬૪, ૮૦ પૈસા-પ્રત્યેક પુસ્તિકાનું કાચું પૂઠું, સમિતિનું સરનામું: ૫૫, રચના સોસાએટી, સૅટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.

નિરામય પ્રકાશન

ઉપર્યુક્ત પ્રકાશન સંસ્થા તરફથી આયુર્વેદના પ્રચાર માટે જાણીતા વૈદ્ય શ્રી શોભન દ્વારા સરળ લખાવટ, સુંદર છપાઈ અને શ્રદ્ધેય ચિત્રો-વાળી નીચે દર્શાવેલી પાંચ પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે; ઍલોપથીના આ યુગમાં મોંઘીદાટ અને અવાક્ફસ પરિણામો લાવનારી દવાઓનો પ્રચાર વધી ગયો છે ત્યારે આપણો આયુર્વેદ ભુલાતો જાય છે. આયુર્વેદમાં પણ રોગચિકિત્સા અને સ્વાસ્થ્યસંચયની અનેક રીતે ઉપયોગી માહિતી મળી રહે છે. આજના કપરા કાળમાં આપણી સામાન્ય જનતાને આ ભુલાએલી આયુર્વેદની પદ્ધતિ પ્રત્યે અભિમુખ કરવામાં આ પુસ્તિકાઓનો ફાળો કીમતી લેખાશે. ઘરગથ્થુ અને સસ્તી સારવાર પ્રજાને કેમ મળી રહે એ લાભ પણ આ પુસ્તિકાઓ પૂરો પાડે છે. પુસ્તિકાઓ છે: (૧) આયુર્વેદ-પરિચય: કાચું પૂઠું, પૃ. ૭૪, કિંમત જણાવાઈ નથી. (૨) આરોગ્ય વિજ્ઞાન: કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૨-૫૦. (૩) આહાર વિજ્ઞાન: કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૨-૫૦. (૪) રોગ અને ઉપચાર: કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૨-૫૦ (૫) સરળ ચિકિત્સા-વિજ્ઞાન કાચું પૂઠું, રૂ. ૨-૫૦. પ્રાપ્તિ-સ્થાન ગુજરાત આયુર્વેદ ભવન, અમદાવાદ-૧૩

કલાવાર્તા

જહાંગીર સાબાવાલા



જહાંગીર સાબાવાલાનું નામ ચિત્રજગતમાં ઠીકઠીક જાણીતું છે. ઈ. ૧૯૨૨માં મુંબાઇમાં એમનો જન્મ. ત્યાંની જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં કલાભ્યાસ કરી ઈ. ૧૯૪૫થી ’૪૭ દરમિયાન લંડનની હીથરલે સ્કૂલ ઑવ આર્ટમાં અને પછી ૧૯૫૧ સુધી પારી(સ)માં અકાદમી જ્યુલિયાં તથા અકાદમી આંદ્રે લ્હોતે ને ત્યાર બાદ ૧૯૫૭ સુધી અકાદમી દ લા ગ્રાંદ શોમીએરમાં એમણે કલાનો વધુ અભ્યાસ કર્યો.

મુંબાઈમાં ૧૯૫૧માં પોતાનો પહેલો ‘વન-મૅન શો’ કર્યા પછી નવી દિલ્હી, કલકત્તા, લંડન, એડિનબરા વગેરે સ્થળે મળી લગભગ પંદર વાર એમણે પોતાની ચિત્રકૃતિઓ પ્રદર્શિત કરી છે. અને મૉનાકો (૧૯૪૯)માં, પારીસના ધી સૅલા નેશનલ ઇન્ડિપેન્ડન્ટમાં ૧૯૫૪માં, વેનિસના બાએનલમાં, ૧૯૬૪માં સીડનીમાં, ૧૯૬૫માં ધી કૉમનવેલ્થ આર્ટ્સ ફેસ્ટિવલ (લંડન)માં, ૧૯૬૫માં ન્યૂ કૅસલમાં ૧૯૬૬માં, ઘેન્ટમાં, ૧૯૬૮માં અમદાવાદમાં ને ૧૯૭૦માં તહેરાનમાં યોજાએલાં મોટાં ચિત્રપ્રદર્શનોમાં પણ એમની કલાકૃતિઓ રજૂઆત પામી છે. આ ઉપરાંત બૉમ્બે આર્ટ સોસાએટી, લલિત કલા અકાદમી તથા કલકત્તા આર્ટ સોસાએટીનાં પ્રદર્શનોમાં પણ એમણે ભાગ લીધેલો છે.



અનંત પથના પ્રવાસી



દ્રષ્ટાઓ

મુંબાઈની ખ્યાતનામ ‘વકીલ્સ’ તરફથી એમના મૉનોગ્રાફ (પરિચય-પુસ્તક)નું પ્રકાશન પણ થયું છે. સાબાવાલા ચિત્ર-વિષયો ગાંભીર્ય-યુક્ત અને એમની અભિવ્યક્તિમાં એક પ્રકારની ગૂઢતા જોવા મળે છે. અહીં એમની કેટલીક કૃતિઓ આપી છે જે એમની આગવી કલાભિવ્યક્તિની દ્યોતક છે.




જમણી બાજુ
મિસર ભણી હિજરત

નીચે ડાબી બાજુ
સર્વવ્યાપક વાદળો

નીચે જમણી બાજુ
વણડહોળાએલી શાંતિ





‘કુમાર’ની દ્વિમાસિક ફોટોગ્રાફી હરીફાઈ આ વર્ષે પણ ચાલુ રહે છે. અગાઉથી આપેલા ચિત્રવિષય પ્રમાણે મળતા ફોટોગ્રાફમાંથી કક્ષાનુક્રમે પ્રથમ ત્રણને રૂપિયા પંદર, દસ અને સાતનું એક એક ઈનામ આપવામાં આવશે. હવે પછીની હરીફાઈ માટે ચિત્રો મોકલવાની **છેલ્લી તારીખ છે ૨૮મી ફેબ્રુઆરી અને ચિત્રવિષય છે ‘શિયાળો’. અને તે પછીનો વિષય ‘વસંત’–છેલ્લી તારીખ ૩૧મી માર્ચ**

વૃક્ષ-વેલ-પરિચય-૧૭ : કાંચનાર



બૌદ્ધોમાં પવિત્ર મનાતું હોઈ કાંચનારનું આલેખન પ્રાચીન બૌદ્ધ શિલ્પોમાં અનેક સ્થળે જોવા મળે છે. આ દેશનું જ આ વૃક્ષ છે અને તેની લગભગ ૩૦ જેટલી જાત હોઈ એનાં લાલ, પીળાં, સફેદ, જાંબલી એમ વિવિધ-રંગી ફૂલો જોવા મળે છે.

મધ્યમ કદનું આ વૃક્ષ અનેક રીતે ઉપયોગી છે. એનાં પાન, કળી, ફૂલ અને કુમળી શીંગોનું શાક બને છે. કળીનું રાયતું ને અથાણું પણ થાય છે, જે સ્વાદિષ્ટ ગણાય છે. વૃક્ષનાં પાન બીડી બનાવવામાં ને ઢોરના ચારા તરીકે તો છાલ રંગાટી કામમાં, ચામડું કમાવવામાં; ને રેસા દોરડાં બનાવવામાં વપરાય છે. લાકડું બહારથી મધ્યમ કઠણ પણ અંદરથી ખૂબ સખત હોઈ વિવિધ ઓજારો બનાવવાના કામમાં લેવાય છે. કાંચનારના વૃક્ષમાંથી એક પ્રકારનો ગુંદર પણ મળે છે, ને બીજમાંથી તેલ. કેટલીક દેશી દવાઓમાં પણ એનાં ફૂલ-છાલ વપરાય છે. પણ કાંચનારનાં મૂળ ઝેરી હોય છે.

કાંચનારનાં ફૂલ સુગંધી છે. ફૂલની વચ્ચે લાંબાં પાંચ પુષ્પકેસર હોય છે. પાંખડી લાંબી અણિયાળી ને રંગની આછીઘેરી ઝાંયવાળી હોઈ તેના પર નસરેખા દેખાતી હોય છે. બે-ત્રણ ફૂલનાં ગુચ્છ એકસાથે ઊગે છે. પાન ઊંટ-પગલાં જેવા આકારનાં, ૪-૬ ઇંચ લાંબાં-પહોળાં, પંખા જેવાં. તેની નસરેખાઓ પણ સ્પષ્ટ દેખાતી. પાનખરમાં ખરી પડે. છાલ લીસી ભૂખરી. કુમળી ડાળ પર રુંવાટી હોય છે. શીંગ એકાદ ફૂટ લાંબી, એકાદ ઇંચ પહોળી ને ચપટી, જેમાં ૧૦-૧૫ બીજ. એ વડે જ કાંચનાર ઊગે.

હિમાલયની તળેટીના પ્રદેશમાં પુષ્કળ કાંચનાર છે, છતાં અન્યત્ર પણ એ સારી સંખ્યામાં ઊગે છે ને બાગમાં શોભાવૃક્ષ તરીકે પણ વવાય છે. □



માધુકરી

ને હજારો અંધકારોની ઉપરવટ
થઈને વંટોળો તણી છાતી પરે
એક માસૂમ જ્યોતની ધીમી ધજા
લાખ લટકાં કરતી લહેરાતી ફરે.
—કરસનદાસ માણેક

એક સ્વાવલંબી કિસાન : માણેકશા આદરજી બુહારીવાલા

ગાયકવાડી હકૂમતમાં વ્યારા તાલુકો જંગલનો વિસ્તાર ગણાતો. છૂટીછવાઈ કાળીપરજ વસ્તી સિવાયનાં ગીચ વનરાજીવાળાં સોનગઢ-વ્યારાનાં આ જંગલોમાં શ્રીમંત ગાયકવાડ શિકારે આવતા. પૂનાના એક પારસી શેઠ આદરજી બુહારીવાલાએ ત્યાં ઘેરિયાવાવમાં મામૂલી કિંમતે હજારો એકર જમીન મેળવેલી અને જંગલની સફાઈ કરાવતા જઈ ચારસો-પાંચસો વીઘાંમાં ખેતીનો આરંભ કરેલો. મોટો દીકરો બાપની સાથે ખેતીમાં મદદ કરવા રહ્યો અને નાનો માણેકશા પૂનામાં ભણવા. નાનપણથી જ વ્યાયામ અને રમતગમતનો શોખ. વિજય મરચંટ અને વિનુ માંકડની ક્રિકેટ ટીમમાં પણ રમે, ભણે અને મોજથી રહે.

પૂનામાં પિતાને દારૂતાડીનો વેપાર ચાલતો. પણ એમાં એક વાર બહુ મોટી ખોટ વેઠવાની આવતાં પિતાએ ઘેરિયાવાવથી પૂના આવવાજવાનું પણ છોડી દીધું. સાફ કરેલા જંગલની ખેતીની ત્યારે કોઈ ખાસ ઊપજ પણ નહોતી, એટલે માણેકશાનો અભ્યાસ લથડ્યો અને તેઓ તકદીર અજમાવવા પૂનાથી મુંબાઈ પહોંચ્યા. ત્યાં કોઈ ખાસ ઓળખાણ તો હતી જ નહિ, એટલે બગીચાને બાંકડે ને ફૂટપાથ પર રાત કાઢી કામ મેળવવા આથડવા માંડ્યું. એમાં નસીબજોગે એક મિત્ર મળી ગયો જે માણેકશાને પોતાને ઘેર લઈ ગયો. નોકરી પણ મળી—એક સ્કૂલમાં 'કસરત માસ્તર'ની, ને પગાર માસિક રૂપિયા તેર. ઈ. ૧૯૩૦-૩૨નો એ ગાળો. અઢાર વર્ષની ઉંમરે માણેકશાએ આ રીતે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો.

તેર રૂપિયામાંથી એક ટંક ભોજન અને ચા માટે મિત્રને પાંચ રૂપિયા આપતા. બીજા ટંક માટે ચાર-પાંચ રૂપિયા બીજા બહાર ખર્ચાતા. એક રૂપિયો બાલદાઢી ને કપડાંની ધોલાઈ માટે, ને બાકીના એકબે રૂપિયા પરચૂરણ ખર્ચના. પૂરાં બે વર્ષ એમણે આમ કરકસરથી કાઢ્યા પછી ટ્રામ વે કંપનીમાં એક સો દસ રૂપિયાની સારી નોકરી મળી, અને એક મિત્રની સહાયથી એક બૅન્કમાં પણ માસિક પંદરેક રૂપિયાનું થોડું કામ મળ્યું. કપરા દિવસોનો અંત આવ્યો, પણ તેના અનુભવે ચાનો ખર્ચ ખોટો ગણી તથા એ દિવસોની એક યાદ તરીકે એમણે કાયમને માટે ચા છોડી દીધી.



આમ સરળતાથી દિવસો જતા હતા તેમાં એક નવો જ વળાંક આવ્યો. મોટા ભાઈનું એકાએક અવસાન થતાં ઘરની અને ત્યાંની ખેતીની તમામ જવાબદારી એમના પર આવી પડી. ખેતીના કામકાજનો કોઈ ખાસ અનુભવ તો હતો જ નહિ, છતાં હિંમતથી એ ફરજ ઉપાડી લઈ મુંબાઈ-પૂનાને અલવિદા કરી તે ઘેરિયાવાવ આવીને રહ્યા. ત્યારે ત્યાંની જમીન પર હજી યે ઘણી સાફસૂફી બાકી હતી. જંગલના વિસ્તાર, એટલે વાઘ પણ ક્યારેક આવી ચડે; ક્યારેક ઢોર પણ મારી જાય. વ્યાયામના શોખીન ને કૃતનિશ્ચય માણેકશાને એ કેમ પાલવે?

એક વાર છટકું ગોઠવ્યું, વાઘ ફસાયો, પણ એની ત્રાડોથી સાથે આવેલા માણસો ભય પામી નાઠા. માણેકશાએ ગોળી છોડી, પણ નિશાન ખાલી ગયું. વાઘે હુમલો કર્યો અને દૃઢ નિશ્ચય ને તાકાતથી એકલે પંડે સામનો કરતા માણેકશાએ વાઘને પૂરો કર્યો. અલબત્ત, વાઘે પણ એમને સારી પેઠે જખમી તો કર્યા જ, પણ કસરતબાજ માણેકશાએ અંતે કામ પૂરું કર્યું. એ વખતે એમની ઉંમર બત્રીસ વર્ષની હતી.

શહેરનો મોહ છોડી જંગલ વચ્ચે ખેતી કરવા આવેલા એક આદમીની આ કથા છે. પિતાએ આરંભેલા કાર્યને પૂર્ણ કરવાનો તેનો જે દૃઢ નિરધાર હતો તેનું આમાં દર્શન છે. એ નિરધારને એમણે પાર પાડયો, અને એવી રીતે કે જે બીજાને પણ પ્રેરણારૂપ બની રહે. ખેતી તો એમણે વિકસાવી જ, પણ જે રીતે વિકાસ સાધ્યો એ જાણવા જેવો છે.

ઘેરિયાવાવમાં એમણે વંડીબંધ ઘર વસાવ્યું છે. ઓસરીના એક ખૂણામાં એમણે દવાખાનું કર્યું છે. તાવ, શરદી, ખાંસી, ઝાડા, ઊલટી કે ગડગૂમડ જેવા સામાન્ય વ્યાધિ માટે પોતાના માણસો તથા આસપાસના સૌકોઈને ત્યાંથી મફત દવા મળે છે. જરૂર પડયે થોડી વાઢકાપ કરીને માણેકશા પાટાપીંડી પણ કરી આપે છે, એટલું જ નહિ, ક્યારેક પ્રસવ પણ કરાવી શકે છે. પોતાના દાક્તર મિત્રો પાસેથી છેલ્લામાં છેલ્લાં ઔષધોની સમજ તેઓ મેળવતા રહે છે. એ દવાખાનાનો ખર્ચ પોતે વેઠે છે.

એમનું દીવાનખાનું સાદું પણ સગવડોથી સજ્જ. ઘરની બાજુમાં બનાવેલા મોટા કૂવા પર બેસાડેલી મોટર સાથે ડાયનેમો જોડી એ ઘર પૂરતી વીજળી પણ મેળવે છે ને કદાચ એમાં કંઈ અવરોધ આવે તો વાડામાં બનાવેલા ગૅસપ્લાન્ટથી એ ઘરના દરેક ઓરડામાં પ્રકાશ મેળવી શકે એવી વ્યવસ્થા રાખી છે. એમના ઘરની રસોઈ બનાવવા માટે પણ આ ગૅસપ્લાન્ટ કામમાં લેવાય છે. ઘરમાં એક વર્ષો જૂનું રેફ્રીજરેટર છે તે કેરોસિનથી ચાલે છે. ક્યાંય જવા આવવા માટે ૨૫-૩૦ વર્ષ પહેલાંની એક મોટર-સાઈકલ છે, જેના પર તેઓ અગાઉ તો છેક પૂના સુધીની ખેપ પણ મારતા. આ ઉપરાંત, શહેરી રહનસહન મુજબની બધી સગવડ એમણે પોતાના ઘરમાં રાખી છે. જાતમહેનત કરી એમણે એક ન્યાયઘર ચણ્યું છે, જ્યાં તેઓ નાનામોટા મતભેદોનો નિકાલ કરે છે.

ઘરના ચોકમાં પોતાના કામારાઓ (ખેતકામદારો) માટે સસ્તા ભાવની એક દુકાન બનાવી છે જ્યાં જીવનજરૂરિયાતની બધી ચીજો મળે છે. એનો વહીવટ ગામની જ એક છોકરીને સોંપ્યો છે.

પોતાની જરૂરિયાત પૂરતી જમીન રાખીને બાકીની જમીનનો સેંકડો વીઘાં વિસ્તાર એમણે ભૂદાનમાં આપી દીધો છે. ત્યાં ખેતી કરતા નાના ખેડૂતોને એમની દરેક પ્રકારની સહાય પણ મળતી રહે છે.

વહેલી સવારે જાગી જઈ નિત્યકર્મથી પરવારી પાસેના વડલા પર રાખેલો ઘંટ વગાડીને આઠ વાગ્યે એ પોતાના માણસો સાથે ખેતકામનો આરંભ કરી દે છે. હમણાં એક ટ્રૅક્ટર વસાવ્યું છે. તે લાંબા ગાળાની હપતા-યોજનાથી લીધેલું, પણ ત્રણ જ વર્ષમાં તેની કિંમત ભરપાઈ કરી દીધી છે. પોતે તો એ ચલાવે જ છે પણ દીકરાને અને હોશિયાર કામદારને પણ એ શીખવી દીધું છે. આદર્શ ખેતીમાં વર્ષોવર્ષ ઉત્પાદન વધવું જ જોઈએ એ એમનો ખયાલ હોવાથી આધુનિક ખેતપદ્ધતિનું જ્ઞાન મેળવવા પોતાના પુત્રને દિલ્હીનું પુસા ઇન્સ્ટિટ્યૂટ, પંતનગરની કૃષિ વિદ્યાપીઠ, પંજાબના આદર્શ ખેડૂતો, વ્યારા નજીકના ઇન્ડો-જાપાનીઝ ફાર્મ તથા સૂરતના કપાસ સંશોધન કેન્દ્ર વગેરે જેવાં સ્થળે મોકલતા રહે છે.

સવારના આઠવાગ્યાથી આરંભાતા તે ખેતકાર્યમાં કામદારો સાથે જાતે જોડાય છે. વચ્ચે થોડી મિનિટની છુટ્ટી. બાર વાગ્યા સુધી ને પછી એકથી પાંચ સુધી એમનું કામ ચાલે છે. ક્યારેક વધુ સમય કામ ચાલે તો વધારાના સમયના પૈસા તો તે જ દિવસે સાંજે ચૂકવી દે છે. સાંજે કામ પૂરું કરી, આખી ખેતી પર એક ચક્કર લગાવી ઘેર આવી, મન થાય તો પાસેના વિશાળ કૂવામાં પડી તરવાની મોજ લઈ, નાહીને એ અર્ધોએક કલાક ઇશ્વરપ્રાર્થના કરી વાળુ કરે છે ને પછી થોડું વાચન કરી સૂએ છે.

આસપાસના ખેડૂતોને માર્ગદર્શન આપવા પોતાના ખેતઅનુભવોની એક પુસ્તિકા 'મારા ખેતીના અનુભવો' છપાવી છે. ઘરની નજીક થોડી જમીન એમણે વિવિધ જાતના ઘઉં-ચોખાના પ્રયોગો માટે ફાજલ રાખી છે.

સહકાર વિના ઉદ્ધાર નહિ એમ માનતા હોઈ પોતાનું બધું ઉત્પાદન વ્યારાના 'ખેડૂત સહકારી જિન'માં જ આપે છે. જિનમાં પોતે પણ એક ડિરેક્ટર છે. પણ નેવું ટકા સભ્યો આદીવાસીઓ છે. ક્યારેક એમને અહીં બજાર કરતાં ઓછો ભાવ પણ મળે છે, પણ એ તેઓ વેઠી લે છે.

આ માસના આકાશમાં-૧૪ (જાન્યુ. ફેબ્રુ.)



રાશિમંડળના તારાઓ પછી આપણે હવે અન્ય કેટલાંક મુખ્ય તારામંડળો જોઈએ. મૃગમંડળ તો આપણું જાણીતું છે જ, એટલે એની નજીકમાં જ ઉત્તર તરફ સરળતાથી પરખી શકાતા બ્રહ્મમંડળથી આરંભ કરીએ.

બ્રહ્મમંડળને અંગ્રેજીમાં ઑરિગા (Auriga) કહે છે, જેનો અર્થ છે સારથિ–રથ હાંકનાર. તેમાંનો 'અગ્નિ' (Nath) વૃષભના એક શિંગની નોક પર હોઈ વૃષભ રાશિમાં પણ તેની ગણના થાય છે. અગ્નિ તેજસ્વી તારો છે, પણ આ મંડળનો મુખ્ય તારો તો બ્રહ્મહૃદય. પીળાશ પડતો આ તારો તેજસ્વિતાની દૃષ્ટિએ આકાશમાં છઠ્ઠો છે. મૃગની દક્ષિણ તરફ જેમ વ્યાધ તેમ ઉત્તર તરફ આ બ્રહ્મહૃદય ચળકે છે, અને પ્રથમ વર્ગના તેજસ્વી તારાઓમાં એ સૌથી વધુ ઉત્તરે છે. એના અંગ્રેજી નામ કૅપેલા (Capella)નો અર્થ છે બકરી, એટલે એની પાસેના ટચૂકડા તારાઓને એ બકરીનાં લાવરાં (બચ્ચાં) ગણવામાં આવે છે.

મુખ્યત્વે પાંચ તેજસ્વી તારાનું આ મંડળ અર્ધું આકાશગંગા પર ને અર્ધું તેની બહાર વિસ્તરેલું છે. તેમાં કેટલાક ખુલ્લા તારકગુચ્છો છે, જેમાં સો સો જેટલા તારાઓ છે. આ તારકગુચ્છો ૪૨૦૦ પ્રકાશવર્ષ જેટલાં દૂર છે, જ્યારે બ્રહ્મહૃદય ૪૨ પ્રકાશવર્ષ. વળી, બ્રહ્મહૃદય એક નહિ પણ હકીકતે ત્રણ તારા છે.

દર વર્ષે એ બેએક માસ પોતાને વતન પૂના જઈ આરામમાં ગાળે છે. અહીં ઘેરિયાવાવમાં 'આરામ હરામ હૈ' તો ત્યાં 'આરામ હી રામ હૈ'. રમતગમતનો શૉખ હજી યે જારી છે. તાલુકાની વાર્ષિક રમતગમતોના મેળાવડાના તેઓ કાયમી પ્રમુખ છે. હરીફાઈના દિવસે તેઓ એનું સંચાલન કરે છે ને સ્પર્ધાના નિયમોના પાલનનો ચુસ્ત આગ્રહ જાળવે છે. છેલ્લે જીતેલા અને હારેલા સૌ કોઈ ભાગ લેનાર ખેલાડીઓને તેઓ પોતાના ખર્ચે ઈનામો આપે છે.

છેલ્લા અઢી દાયકાથી તેઓ એક ખાસ સમારંભ પણ યોજે છે. વર્ષ દરમિયાન પોતાને ત્યાં ખેતકામના જે કોઈ માણસોએ એક સો દિવસથી વધુ હાજરી આપી હોય તે સૌને તેઓ તે દિવસે વિશેષ વળતર વહેંચે છે. આખું વર્ષ કામ કરનાર સ્ત્રીપુરુષોને રોજિંદા ઉપયોગની નાનીમોટી ચીજવસ્તુઓ ને અનાજ વગેરે આપે છે. ખાખી ગણવેશ તો એ બધાને મળે જ છે, પણ બેપાંચ દિવસ કામ કરી જનારને પણ તેઓ કંઈ ને કંઈ આપે જ છે. અગાઉથી જ સૌની ભેટનાં નામ વાર પડીકાં તૈયાર હોય છે. વાજતે ગાજતે એ બધા જણને ભેટ વહેંચાઈ રહે તે પછી સૌ સાથે બેસી ભોજન લે છે. આ દિવસે લગભગ આખું ગામ એમને ત્યાં ઊમટે છે.

કોઈ ખ્યાતનામ વ્યક્તિનો આ પરિચય નથી. માણેકશાને પોતાને યે નામ કમાવાની હોંશ નથી. પણ પોતાના કાર્ય સાથે, આસપાસના સમાજ સાથે એક વ્યક્તિ કઈ રીતે ઉપયોગી થઈને ભળી શકે ને પોતાનો વિકાસ સાધી શકે તેનું આ એક પ્રેરક ઉદાહરણ છે. —રામુભાઈ જંત્રાણિયા

ભારતની એક ક્ષતિયુક્ત ટપાલટિકિટ



શ્રી ચંદ્રકાન્ત પરીખે ભારતની આ ટિકિટમાં એક મહત્ત્વની બાબત તરફ લક્ષ દોર્યું છે. આ સાથે એમણે રજૂ કરેલી ભારતની પ્રથમ હવાઈ ડાકની સુવર્ણજયંતી નિમિત્તની ઇ. ૧૯૬૧ની ટિકિટમાં રહી ગએલી એક ક્ષતિ દર્શાવી છે. તે ટિકિટોના શિટમાં જમણી બાજુના નીચલા છેડાની ટિકિટમાં જમણી બાજુથી બીજી ટિકિટમાં POSTAGE શબ્દમાં Aનું ડાબી બાજુનું પાંખડું લગભગ અર્ધો મિ. મી. જેટલું લાંબું થઈ ગએલું છે. દર ૧૯૮ ટિકિટે આવી એક ટિકિટ આ મુદ્રણ દોષવાળી છે. સંગ્રાહકો પોતાનો સંગ્રહ ફંફોળી જુએ, કદાચ એ નસીબવંતી ટિકિટ એમની પાસે હોય પણ ખરી.

ભારત આંતરરાષ્ટ્રીય ટપાલટિકિટ પ્રદર્શન–૧૯૭૩

સંગ્રાહકો માટે ટપાલટિકિટો એટલે પૈસા; પ્રથમ રોકાણની દૃષ્ટિએ અને પછી (જો સમજપૂર્વકનો સંગ્રહ હોય તો ભવિષ્યમાં) આવકની દૃષ્ટિએ. આમાં યે કોઈ દુર્લભ યા અકસ્માત જરા શી ભૂલવાળી ટિકિટ હોય તો તો એ ભારે કિંમતી પણ બની રહે. દા. ત. ૧૮૪૭ની મોરીશિયસની ટિકિટ તો આજે સાતેક લાખ રૂપિયા જેટલી મૂલ્યવાન ગણાય છે. ઈ. ૧૯૭૨ના આંકડા પ્રમાણે સંગ્રહયોગ્ય ટપાલટિકિટોના વેચાણનો આંક કંઈક ૨૦ કરોડ ડૉલર જેટલો પહોંચ્યો હતો. ડોમિનિયન પ્રજાસત્તાક અને હાઈતી વચ્ચે ટપાલટિકિટના કારણે મોટો વિખવાદ પણ જાગ્યો હતો. તો બીજી બાજુ સ્પેઈનની એક ટિકિટ પર વિખ્યાત ચિત્રકાર ગોયાના ડચેસ ઑવ આલ્બાના વિવસ્ત્ર ચિત્રની છપાઈએ મોટો ખળભળાટ મચાવી મૂકેલી. આમ, ટિકિટસંગ્રહના અનેક પાસાંનો વિકાસ અને વ્યાપ દુનિયાભરમાં પ્રસરી ગયો છે. આ ટિકિટજગતમાં ભારતનું સ્થાન પણ મહત્ત્વનું બની રહ્યું છે. હમણાં રાજધાનીમાં યોજાએલા પ્રથમ આંતરરાષ્ટ્રીય ટિકિટ પ્રદર્શન–'ઇન્ડિપેક્સ–૭૩'માં એની કંઈક ઝાંખી થઈ.

ભારતમાં આ પ્રકારનું આટલું મોટું આ પહેલું જ પ્રદર્શન હતું. પાંચ લાખથી એ વધુ ટિકિટો તેમાં પ્રદર્શિત થઈ હતી. ભારતીય ઉપખંડમાં સૌપ્રથમ બહાર પડેલી ટપાલટિકિટથી માંડી સ્વાતંત્ર્યોત્તર ભારતની ટિકિટો પણ ત્યાં રજૂ થએલી. આ અગાઉના આંતરરાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શનોમાં 'ગ્રાન્ડ પ્રિક્સ' મેળવનારા સંગ્રાહકોના સંગ્રહ સાથે ઇંગ્લૅન્ડની રાણીના ટિકિટસંગ્રહનો કેટલોક મૂલ્યવાન અંશ પણ અહીં રજૂ થએલો. આ ઉપરાંત જુદાજુદા દેશનાં ૧૨૬ જેટલાં ટપાલતંત્રોનો ટિકિટસંગ્રહ પણ અહીં જોવા મળ્યો. લગભગ ૨૫૦૦ ફ્રેઇમમાં ગોઠવાએલા આ વિશાળ પ્રદર્શનમાં સૌથી વધુ બ્રિટિશ સંગ્રાહકોની, તે પછી અમેરિકન અને સ્વિટ્ઝરલૅન્ડના સંગ્રાહકોની ટિકિટો હતી. ભારતના ૧૮૮ જેટલા સંગ્રાહકોએ ૧૨૫૦ જેટલી ફ્રેઇમોમાં પોતાનો સંગ્રહ રજૂ કરેલો. આમાં અનુક્રમે પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને તામિલનાડુના સંગ્રાહકો વધુ હતા. પ્રદર્શનમાં વિવિધ કક્ષામાં શ્રેષ્ઠ સંગ્રહ માટે ૪૦૦ થી વધુ ચંદ્રકો તથા ત્રણ ગ્રાન્ડ પ્રિક્સ એનાયત થયા.

ગુજરાતે પણ તેમાં ભાગ લીધો હતો. ગુજરાતમાંથી પાંચ સંગ્રાહકોને તેમાં સ્થાન મળેલું જેમાંના ચાર તો અમદાવાદના જ હતા. એ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં અમદાવાદના શ્રી ચંદ્રકાન્ત એસ. પરીખને સ્વાતંત્ર્યોત્તર ભારતની ટિકિટોની એમની રજૂઆત માટે અને જૂનાગઢના શ્રી આર. એ. માલવિયાને જૂના સોરઠ રાજ્યની ટિકિટો માટે કાંસ્ય-ચંદ્રકો મળ્યા. આ બંને જણ ગુજરાત ફિલાટેલિસ્ટ એસોસીએશનના સભ્યો છે.

ગણિતગમ્મત

૩, ૫, ૭, ૯ એ ચાર પાસેપાસેની વિષમ (એકી) સંખ્યાઓ છે. એ અંકોની ખૂબીભરી રચના થઈ શકે છે.

$$૩ \times ૫ = ૪^{૨} - ૧, \quad ૫ \times ૭ = ૬^{૨} - ૧, \quad ૭ \times ૯ = ૮^{૨} - ૧.$$

આમાં ક્રમસર બબ્બે અંકોનો ગુણાકાર વર્ગસંખ્યા કરતાં ૧ ઓછો છે.

વળી, $૩ \times ૭ = ૨૧ = ૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬$

$$૫ \times ૯ = ૪૫ = ૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮ + ૯$$

એમ ૩ અને ૭નો તથા ૫ અને ૯નો ગુણાકાર ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે.

આ ઉપરાંત, $(૩ \times ૭) + (૫ \times ૯) = ૨૧ + ૪૫ = ૬૬$ પણ ૧ થી ૧૧ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે.

વળી, $(૩ \times ૫) + (૭ \times ૯) = ૧૫ + ૬૩ = ૭૮$ એ પણ ૧ થી ૧૨ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો છે. આમ, ૩, ૫, ૭, ૯ એ અંકોનું જૂથ કંઈક વિશિષ્ટ પ્રકારનું છે. —એમ. એન. ખત્રી

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૧/૧૮૮૧: અમદાવાદથી અજમેર સુધીની રેલવે ખુલ્લી મુકાઈ.

તા. ૪/૧૬૪૨: પોતાની રાજસત્તા અંગે અજબની ખુમારી રાખતા ચાર્લ્સ પહેલાએ, પાર્લામેન્ટની ડખલગીરી દૂર કરવા એને વિખેરી નાખીને ૧૧ વર્ષ સુધી અમર્યાદ રાજસત્તા તો ચલાવી પણ છેવટ આર્થિક ભીંસમાં આવી પડતાં આ દિવસે ફરી પાર્લામેન્ટ બોલાવી. પરંતુ એની મનસ્વી ઇચ્છાઓને સભ્યોએ ન ગણકારતાં તે એમના નેતાઓને કેદ કરવા પાર્લામેન્ટમાં ધસી ગયો. એમાં એને સફલતા તો ન મળી, ઊલટું એની સામે એ પછી આંતરવિગ્રહ ફાટી નીકળ્યો ને પરિણામે એનો શિરચ્છેદ થયો. (એ પણ આ જ માસની ૩૦મી તારીખે ઈ. ૧૬૪૯માં.) ચાર્લ્સ પહેલાના પછી પાર્લામેન્ટની આમસભાની બેઠક ચાલતી હોય ત્યારે કોઈ બ્રિટિશ રાજવીને દાખલ થવા દેવામાં નથી આવ્યા.

તા. ૬/૧૬૦૩: મિલ્ડન હૉલ નામે એક અંગ્રેજ વેપારી ચાર વર્ષની સફર ખેડીને હિંદુસ્તાન આવ્યો. અકબરના દરબારમાં ત્રણ વર્ષ સુધી રોકાઈ રહી અંતે એ અંગ્રેજો માટે અહીં વેપાર કરવાની છૂટનું વચન લઈને ગયો. આ પછી તા. ૧૦/૧૬૧૬માં સર ટૉમસ રો વેપારની મંજૂરી માટે જહાંગીરના દરબારમાં આવ્યો હતો. અને...આ જ અંગ્રેજોએ પોતાની સામે બળવો જગાવવાના આરોપસર આ જ મુઘલ સલ્તનતના વંશજ બહાદુરશાહને તા. ૭/૧૮૫૮માં દેશનિકાલની સજા કરી હતી.

તા. ૭/૧૦૨૬: વારંવાર હિંદ પર ચડી આવીને લૂંટ અને કતલ ચલાવી પુષ્કળ દ્રવ્ય તથા સંખ્યાબંધ માણસોને કેદી બનાવી લઈ જતા મહમદ ગઝનીએ છેવટ આ દિવસે સૌરાષ્ટ્રના સમૃદ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ પર ચડાઈ કરી. અને દેવને આસરે ભરાઈ બેઠેલા લગભગ પચાસ હજાર ભીરુ આદમીઓની કતલ તથા મંદિરનો ધ્વંસ કરી સદીઓથી ત્યાં ભેટ રૂપે એકઠી થતી રહેલી અઢળક સમૃદ્ધિ લૂંટી ગયો. ગઝનીથી હજાર માઈલ છેટે અનેક રાજ્યો અને ભયંકર રણ વટાવી તે છેક સૌરાષ્ટ્રને છેડે પહોંચ્યો ત્યાં સુધી એને કોઈ રોકી તો ન શક્યું. પણ એના પુરવઠામાં પણ ભંગાણ ન પાડી શક્યું. આંતરી ધર્મઘેલછા, કુસંપ અને દીર્ઘદૃષ્ટિનો અભાવ એ આપણી એ સમયની શરમજનક લાચારીનાં મુખ્ય કારણ હતાં. અને આ જ માસમાં—

તા. ૧૩/૧૩૩૯: તૈમૂરલંગે દિલ્હી જીત્યું અને લૂંટ્યું હતું.

તા. ૨૪/૧૮૪૮: કૅલિફોર્નિયામાં સોનું હોવાનું તો ઘણા સમયથી ધારવામાં આવતું હતું, પણ આ દિવસે જ્હૉન એ. સટરની કૉલોમા ફાર્મ પર એક સૉ-મિલ માટે ખોદકામ કરતા જેમ્સ વિલ્સન માર્શલને જમીનમાંથી નીકળેલી માટી સાથે સોનું મળી આવ્યું. આ પ્રાપ્તિ અંગે સટરે ઘણી તકેદારી રાખી, છતાં યે એ હકીકત ફૂટી ગઈ અને પછી એને માટે ચોપાસથી જે અમર્યાદ માનવધસારો થયો તેમાં છેક યુરોપથી લોકો ધસી આવ્યા. પરિણામે ૧૮૫૨ સુધીમાં તો અર્ધું યુરોપ કૅલિફોર્નિયાને માર્ગે ઊપડી ગયું. ઇતિહાસમાં 'ગોલ્ડરશ' નામે ઓળખાતા આ પ્રકરણની રસિક કથા અગાઉ 'કુમાર' અંક ૫૨૭ માં આપી ગઈ છે.

તા. ૨૧/૧૯૫૪: અણુશક્તિ-સંચાલિત અમેરિકન સબમરીન 'નૉટિલસ' તરતી મુકાઈ. આગળ જતાં આ સબમરીન પૉઈન્ટ બૅરો (આલાસ્કા) પાસેથી જળમાં ઊતરી, ૪૦૦ ફૂટ જેટલે ઊંડે સુધી જઈને અને ૯૬ દિવસ સુધી પાણીની અંદર જ રહીને ૧૮૩૦ માઈલ લાંબો પ્રવાસ ખેડ્યો જે દરમિયાન એ ઉત્તરધ્રુવની નીચેથી પસાર થઈ હતી.

તા. ૨૬/૧૮૮૫: જનરલ ગોર્ડનનું ખૂન. ઇતિહાસમાં આ બહાદુર અંગ્રેજનું આગવું સ્થાન છે. એ એક બહાદુર લડવૈયો, અંગ્રેજ વસાહતોનો કુશળ વહીવટકર્તા, અને પરગજુ આદમી હતો. સુદાનના બળવાખોરો સામે ખાર્ટુમનું રક્ષણ કરતાં એનું જે મૃત્યુ થયું તેને એ કાળે એક અજબ શહાદત તરીકે બિરદાવાઈ હતી.

ઈ. ૧૮૩૩માં આ જાન્યુઆરી માસની ૨૮મી તારીખે એનો જન્મ થએલો. ચાર્લ્સ જ્યૉર્જ ગૉર્ડન એ એનું પૂરું નામ. ક્રિમીઆની લડાઈમાં લશ્કરી ઈજનેર તરીકે તેણે ભાગ લીધેલો. ઈ. ૧૮૬૦માં બ્રિટન ને ચીન વચ્ચેની લડાઈમાં પીકિંગની જીત વખતે એ પણ સૈન્યમાં હતો. તે પછી ત્યાં જાગેલા બળવામાં ચીની સરકારની વિનંતિથી એણે ત્યાં સેવા આપી ને જે નાનકડું બહાદુર સૈન્ય તૈયાર કર્યું તેણે બળવાને દબાવી દીધો બદલામાં ચીની સરકારે આપેલી મોટી ભેટ-સોગાદોને એણે નકારી અને ઇંગ્લૅંડ પાછા ફરી સૈન્યનું ઈજનેરી ખાતું સંભાળવામાં જોડાઈ ગયો. અહીં એ પોતાનો અવકાશનો સમય નિરાધાર છોકરાઓની શાળા ચલાવવામાં અને એમાંના તેજસ્વીઓને નવજીવન આરંભવામાં સહાય કરતો ને એમાં શક્ય એટલી આર્થિક મદદ પણ આપતો.

એની ૪૩ વર્ષની વયે પોતાની સત્તા તળેના સુદાનમાં વ્યવસ્થા સ્થાપવા ઇજિપ્તના ખેદિવે એને દસ હજાર પાઉન્ડના પગારે પોતાને ત્યાં બોલાવ્યો. પરંતુ ગૉર્ડને માત્ર બે હજાર પાઉન્ડનો જ પગાર સ્વીકારી એ ફરજ લીધી, એટલું જ નહિ, દિલ દઈને કામ કરી, એ સમયમાં ગુલામો પકડવા માટેના એક કુનામ વિસ્તાર તરીકે જાણીતા એ ભાગમાં એણે શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપી આપી. ત્યાંથી નિવૃત્ત થયા બાદ થોડાં વર્ષે સુદાનમાં મેહદીના નેતૃત્વમાં અંગ્રેજો સામે બળવો જાગતાં સરકારે એને ગવર્નર જનરલ તરીકે ત્યાં જઈને બળવાખોરોને થાળે પાડીને ત્યાં ફસાઈ પડેલા ઇજિપ્તના સૈન્યને ખસેડીને બચાવી લેવા માટે આગ્રહ કરીને મોકલ્યો.

પણ જ્યારે ગૉર્ડન ખાર્ટુમ પહોંચ્યો ત્યારે ત્યાંના સ્થાનિક સત્તાધારીઓને લાગ્યું કે એ વધુ પડતો અધિકાર દાખવતો હતો. એ વખતે ત્યાંથી ખસી જવાને બદલે ગૉર્ડને તો મેહદીને ખલાસ કરવાની વાત કહેવા માંડી. પરિણામે મેહદીએ ઘેરો ઘાલ્યો. એક બાજુથી અંગ્રેજ સરકારને મદદ મોકલવાનું કહેવરાવી ગૉર્ડને નહિવત્ જેવો પુરવઠો ને મુઠ્ઠીભર સૈન્ય સાથે ૩૧૭ દિવસ સુધી ખાર્ટુમને ટકાવી રાખ્યું અને જ્યારે મદદ આવી ત્યાર પહેલાં બે દિવસ અગાઉ જ ખાર્ટુમનું પતન થએલું. શહેરમાં દાખલ થએલા બળવાખોરોએ છેક ગૉર્ડનના નિવાસસ્થાને પહોંચી જઈ એને એના આંગણામાં જ મારી નાખીને મેહદીને ખાતરી કરાવવા માટે એનું મસ્તક કાપી લઈ ગયા હતા. એનું ધડ તો હાથ જ નહોતું લાગ્યું. ગૉર્ડનના આવા મોતથી ઇંગ્લેન્ડમાં અરેરાટી પ્રસરી ગઈ અને વર્ષો સુધી એ રાષ્ટ્રીય વિભૂતિ તરીકે માન પામ્યો. લોકોએ એના આવા મૃત્યુ માટે ગ્લૅડસ્ટનની સરકારને જ જવાબદાર લેખી.

વિક્ટોરિયન યુગના ઇંગ્લૅંડમાં ગૉર્ડનનું દૃષ્ટાંત એક જોમભર્યા ઉત્સાહી ખ્રિસ્તી તરીકેનું હતું. ધર્મશ્રદ્ધાળુ હોઇ એ ઈશ્વરેચ્છાને આધીન રહેવામાં પોતાની ફરજ સમજતો, પણ અન્ય કોઈના અધિકાર તળે કામ કરતાં એનો મિજાજ ફાટી જતો. કોઈ પણ જાતની અપેક્ષા વિનાની એની નિસ્વાર્થતા, એની અજબ હિંમત સૌ કોઈ પર ઊંડી છાપ પાડતી, એના મૃત્યુ પછી યે સુદાનવાસીઓ કહેતા કે ગૉર્ડન મુસ્લિમ નહોતો એ સિવાય બધી રીતે એ તદ્દન પૂર્ણ પુરુષ હતો.

અંગ્રેજોએ ઈ. ૧૮૮૮માં ટ્રફાલ્ગર સ્ક્વેરમાં એનું સ્મારક રચ્યું. ચેથામ, રોચેસ્ટર, કૅથેડ્રલ અને વેસ્ટમિન્સ્ટર એબીમાં પણ એનાં સ્મારક રચાયાં. અને જેમાં એને ઘણો રસ હતો એવી નિરાધાર છોકરાઓને ભણાવીગણાવીને ઠેકાણે પાડવાની પ્રવૃત્તિ માટે 'ગૉર્ડન બૉયઝ હોમ'ની પણ સ્થાપના કરીને ઇંગ્લંડે એને અંજલિ આપી હતી.

જો રાખે નરમાશ તો કરે શત્રુમાં વાસ,
બત્રી(સ) દાંત વચ્ચે વસે જીભ રાખી નરમાશ.

—દલપતરામ—

ન્યાયમૂર્તિ ચારુચન્દ્ર દત્ત પાસે એક મારવાડી શેઠના ખૂનનો ખટલો આવ્યો, જેમાં ખૂની ખુદ ચારુચન્દ્રનો પુત્ર જ હતો! ચુકાદાને દિવસે કાકલૂદીઓ કરતી પત્નીને આશ્વાસન આપી ચારુચન્દ્ર કોર્ટમાં ગયા અને પિતૃહૃદયના વાત્સલ્ય તથા પત્નીના કલ્પાંતને અવગણીને ન્યાયની તરફેણમાં ચુકાદો આપી પુત્રને ફાંસીની સજા ફરમાવી. ફાંસીને દિવસે જેલ પર જઈ એમણે પુત્રને પેટ ભરીને ભેટી લીધું અને ઘેર આવતાં જ ઢળી પડયા. પિતા-પુત્રની ચિતાઓ એક જ દિવસે ખડકાઈ.

અનેકાર્થી શબ્દ: ચૂડ=આંટી કે પકડ; સાપનો ભરડો; મોતી ભરેલું બાળકોના હાથનું ઘરેણું; દર્શનિયું; વિધવા માટેનું ચૂડાના આકારનું ઘરેણું; અંગરખાં, સુરવાલ વગેરેની બાંય તથા પાંચયામાં પડાતી ઝીણી કરચલી; ગઢની જાડી દીવાલ ઉપરની કાંગરા અને બાકોરાંવાળી નાની દીવાલ; ચુડેલ; ચોટલી; મોર-કૂકડાના માથા પરની કલગી; નાનો કૂવો; હાથીના દાંત ઉપર જડેલી વીંટી; નરહમ રૂપાની ચૂડી; યોનિ.

સૃષ્ટિનાં સૌથી મજબૂત અને મોટામાં મોટાં બધાં પ્રાણીઓ ફળાહારી છે. દા. ત. હાથી, જિરાફ, ગોરિલા, હિપોપોટેમસ, ગેંડા વગેરે.

૧ થી ૨૪ સુધીના આંકડાને નીચે પ્રમાણે અનુક્રમમાં ચાર હારમાં ગોઠવવાથી પ્રત્યેક ઊભી હારનો સરવાળો ૫૦ જ આવે છે!

૧	૨	૩	૪	૫	૬
૧૨	૧૧	૧૦	૯	૮	૭
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯
૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૦

મધમાખી ડંખ કેમ મારે છે?

મધમાખીઓમાં પણ અમુક જાતો છે. તેમાંની 'કામગરી' મધમાખી જ ડંખે છે. પણ તે જ્યારે ખૂબ હેરાન થઈ ગઈ હોય અથવા ખાસ કરીને મધપૂડાનું રક્ષણ કરવાનું હોય છે ત્યારે જ ડંખે છે. તે જે ડંખ મારે છે તેમાં ખાસ ઝેર નથી હોતું, પણ તે એક પ્રકારનો વાંકો કાંટો હોય છે, જે ડંખ મારતાં જ તેના શરીરમાંથી તૂટી જઈ આપણા શરીરમાં પેસી જાય છે. ખૂબી તો એ છે કે ડંખ્યા પછી એ માખી થોડીવારમાં જ મરી જાય છે! આમ કુદરતે મધપૂડાના રક્ષણ માટે મરી ફીટવાની ઉત્કટ ભાવના મધમાખીમાં મૂકી છે.




અસલ ઓલાદની સિયામીઝ માછલી ૭ ૭ કલાક સુધી લડાઈ છોડતી નથી.


કહેવતોના અર્થ: 'જવું જગન્નાથ (પુરી). ને થાકયા પાદરમાંથી.' અપૂરતાં સાધન કે શક્તિથી મોટાં કામ ઉપાડીને હાસ્યાસ્પદ રીતે નિષ્ફળ જનાર માણસો માટે સચોટ ઉદાહરણ પર મંડાએલી કહેવત.

સળેખમ થતાં કેટલાક માણસો તે દૂર કરવા બજારમાં મળતી દવાઓનાં ટીપાં નાકમાં નાખે છે. આથી લાભને બદલે હાનિ જ થાય છે; કારણ એ દવાથી શ્વસનમાર્ગનું સંરક્ષક આવરણ દૂર થઈ સળેખમના અતિસૂક્ષ્મ જંતુઓને હુમલો કરતાં સારી પેઠે ફાવે છે. હજુ સુધી સળેખમ પર તો કોઈ દવા જ શોધાઈ નથી. આરામ, ગરમ, વાતાવરણ, ઊનાં પીણાં અને આનંદી વૃત્તિથી જ તે નરમ પડે છે.

માટલામાં ભરી રાખેલું મીઠું જલદી ભે-ખડતું ન હોય તો તેમાં બે'ક રીંગણ મૂકી રાખજો; ભેજ શોષી લેશે.



કલાકણિકા: છે તો માત્ર કાંસકી જ, પણ હાથીદાંતમાં અને હાથીના શોભન સાથે કોતરીને ઉપયોગિતા ઉપરાંત એની કલામયતા પણ વધારી છે.



નાગધારિણી
ફોટો - એ. એલ. સૈયદ

મહમદ ગઝનીને છેક ગુજરાત સુધી આકર્ષી આણનાર પાટણની પ્રાચીન જાહોજલાલી તો કરણઘેલાને હરાવીને ઉલૂઘખાને એ નગરનો ધ્વંસ કર્યા બાદ તદ્દન નામશેષ બની ગઈ, પણ તે પછી યે તેની સમૃદ્ધિના રડ્યાખડ્યા બચી રહેલા અવશેષોમાં સહસ્રલિંગ તળાવને પડછે ભીમદેવની રાણી ઉદયમતીએ અગિયારમી સદીમાં બંધાવેલી સુંદર 'રાણીવાવ'ના શિલ્પાવશેષો અલ્પખ્યાત રહ્યા છે. ત્રિભંગયુક્ત દેહછટાવાળી નાગધારિણી સુંદરીના ભગ્ન શિલ્પખંડનો આ ફોટોગ્રાફ તે વાવની અંદરની કલાસમૃદ્ધિને પહેલી જ વાર પ્રકટ કરે છે.